
કુમાર

સંસ્થાપક: સ્વ. રવિશંકર મ. રાવળ • આદ્યતંત્રી: સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

વર્ષ ૫૮મું · અંક ૨ · ફેબ્રુઆરી ૧૯૮૧ · સળંગ અંક ૬૮૬

તંત્રી · બિહારીલાલ ટાંક



દલતાલ (શ્રીનગર) પર હેમંતની સવાર • ફોટો : અશ્વિન મહેતા



ઉપવન-વિહાર (ચિત્રકાર : બિહારીલાલ બારૈયા)

અઠવાડિક રજાઓ ઉપરાંત, વીજળી-કાપ, શહેરની અશાંત પરિસ્થિતિ અને તેથી વારંવાર લદાતી રહેલી સંચારબંધી જેવાં અનિવાર્ય કારણો-સર આ અંકનાં પાનાંની સંખ્યા ઘટાડવી પડી છે તેથી વાચકોની ક્ષમા પ્રાર્થીએ છીએ. ઘટાડી નાખેલાં આ પૃષ્ઠો હવે પછીના અંકોમાં ઉમેરી લેવામાં આવશે. —તંત્રી

કુમાર

ફેબ્રુઆરી ૧૯૮૧ અંક ૬૮૬

આદ્યતંત્રી : સ્વ બચુભાઈ રાવત ∞ તંત્રી : બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યત: દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત (મૅનેજર)-મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

અનુસંધાન] **કલાવાર્તા** [પૃ. ૪૪થી

આજ્ઞાંકિતપણે તેઓ ચિત્ર માટે 'પોઝ' આપવા બેઠાં હોય એવું લાગે છે. એમની આ અદા શિલ્પકૃતિઓ જેવી લાગે છે. ટૂંકમાં ઘાસ ઉપર બેઠેલાં માણસો જેવી સ્વાભાવિકતા તેમનામાં દેખાતી જ નથી. તો પછી એમની આ અદા ક્યાંથી ઊતરી હશે ? આ સાથે આપેલું રફાએલ (૧૪૮૩–૧૫૨૦)ના ચિત્ર ઉપરથી કરેલું એન્ગ્રેવિંગ (ચિત્ર ૫) જુઓ. એમાં ગ્રીક–રોમન પુરાણકથાઓના જળદેવતાઓનું આલેખન છે. માનેતે પોતાના ચિત્ર માટે જાણે કે આ જ પાત્રોની દેહ-છટામાંથી પ્રેરણા લીધી છે. પણ તો પછી માનેતે પોતાના ચિત્રમાં બંને પુરુષોને વસ્ત્ર-સજ્જ શા માટે દર્શાવ્યા હશે ? આને લીધે જ તો બધો ઊહાપોહ ઊભો થયો. જો એણે આ પુરુષોને પણ નિર્વસ્ત્ર રાખીને પેલા જળદેવતાઓના રૂપમાં જ દર્શાવ્યા હોત તો તેનાથી પેલી અનૈતિકતા સામેનો પ્રકોપ પ્રકટવાનું કોઈ કારણ રહેત નહિ. ખેર, માનેતને તો એ ખયાલ પણ નહિ હોય કે લોકો પોતાની કલ્પનાનો આવો અવળો પ્રતિભાવ પાડશે. એને તો રફાએલની પાત્ર–ગોઠવણીની સુંદરતા ગમી ગઈ હશે, જ્યારે પુરાણકથાનો વિષય એની કલ્પનાને ખાસ કંઈ સ્પર્શી શક્યો નહિ હોય; અને એટલે એણે આ પાત્ર-સમૂહને પોતાના કાળમાં દર્શાવવા વિચાર્યું હશે. આ ઉપરાંત, એને પુરુષોના પોશાકના પોત અને રંગને પડછે, તથા ચિત્રની પશ્ચાદ્ભૂની વૃક્ષ-ઝાડીના રંગછાયા વચ્ચે સ્ત્રી-પાત્રના દેહના ગૌર વાનનો વિરોધાભાસ ગમી ગયો હશે. પરિણામે જૂના ઉસ્તાદોની નિયમબદ્ધ ચિત્રઢબ અને આધુનિકતાની તાજગી આ ચિત્રમાં ઊતરી આવ્યાં. અલબત્ત, આ બંને તત્ત્વોનું મિશ્રણ એ સમયે, એટલે કે ૧૮૬૩માં જ્યારે આ ચિત્ર પ્રથમ પ્રદર્શિત થયું ત્યારે, લોકોને માટે તો તદ્દન નવતર હતું, અને એટલે તેમણે આ ચિત્રમાંથી જુદો જ અર્થ તારવ્યો. માટે જ એ યાદ રાખીએ કે આપણે જ્યારે કંઈક નવું, અજાણી રીતનું ચિત્ર જોઇએ ત્યારે એના વિષે ઉતાવળે તારણ ન કાઢતાં એને બરાબર સમજવાનો પ્રયત્ન કરીએ.

સામાન્ય રીતે મોટા ભાગના લોકો ચિત્રમાં શું બતાવ્યું છે કે શાની રજૂઆત થઈ છે એવા પ્રશ્ન સાથે જ તેને જુએ છે. ક્યારેક આવા પ્રશ્નનો ઉત્તર એમને બહુ મદદકર્તા ન પણ નીવડે. અને તેથી તેઓ પૂછે જ કે, 'તો પછી એનો અર્થ શો ?' પરંતુ ચિત્રના વિષય અને તેના અર્થ વચ્ચે ઘણો તફાવત છે. રાબેતા મુજબ પ્રથમ દૃષ્ટિએ માનેતના આ ચિત્રનો વિષય ઉજાણીનો લાગે, પણ ખરેખર તો આ ચિત્ર એ વિષયનું નથી. અહીં મુખ્ય તો સ્ત્રીદેહની સુંદરતા, પુરુષ પાત્રોની છટા, આકારો અને રંગોમાં ચિત્રકારને જે ગમી ગયું તેની નિજાનંદભરી રજૂઆત છે. અહીં પોતાની કૃતિના સંબંધમાં, પોતાની પૂર્વેની કલા પ્રત્યેના કલાકારના વલણ ને કુદરત તરફ ઢળતી પોતાની લાગણી સાથેના જોડાણની વાત છે. ❑

આકળી નાયિકાનાં આકરાં વેણ / જયન્ત પાઠક

• ગાન •

ખળાય ના જે ડુંગરીઓનો ખાળ્યો
તમે ભલાજી ભડો ચડ્યો તે ભાળ્યો!

ઝબાક વીજળી હળગે ડુંગર રૂના
તમે ભલાજી ગણ્યા નિહાકા ઊના?

ઝાડ રુવે ને તાડ રુવે વગડાના
તમે ભલાજી ભલા રહ્યા છો છાના!

લો, નદીઓ વળગી ગળે ચડી કાંઠાને
—ને ભલજી વળગે દૂહાપણના ઓઠાને!

આ આવતુંકને અડચું ભલાજી પાણી
તે નથી આભનું, આંખનું છે, લો જાણી!

સવાર / હેમેન શાહ

• ગઝલ •

ફેલાવતું ગગન ખુદ શાખો સવાર માટે,
છાતીમાં સૂર્ય ધબકે આખો સવાર માટે.

માદક સુગંધ વેચે છે ફેરિયો પવનનો,
થોડીઘણી ખરીદી રાખો સવાર માટે.

ઊડીને વીંટળાયું આંખોમાં દશ્ય નાજુક,
ફફડાવી સાચવેલી પાંખો સવાર માટે.

ફાટી ન જાય પોચી ધુમ્મસની શાલ તેથી,
ઉજાસ હો હમેશાં ઝાંખો સવાર માટે.

દીધા વિના ટકોરા નહીં તો જશે એ પાછી,
સઘળાં કમાડ ખોલી નાખો સવાર માટે.

મૂકયું / રમેશ પારેખ

• ગઝલ •

તેણે મારા નામ સામે નામ પોતાનું મૂકયું
વ્હાણની સામે મૂક્યો દરિયો ને ડૂબવાનું મૂકયું.

સ્વપ્ન મારાં તોડીને ફેંકી દીધાં મેં ધૂળમાં
મારી ભોળી આંખને માટે મેં જડવાનું મૂકયું.

સનસનાટી એ જ ઘટના ચિત્રમાં સર્જાઈ ગઈ
તેણે પીંછીથી કશું મારામાં બનવાનું મૂકયું.

તેણે દશ્યોની અણી પર મૂકયું તીણું ખૂંચવું
મેં નજર જ્યાં જ્યાં કરી, તેણે ત્યાં છળવાનું મૂકયું.

તેણે મારા માર્ગમાં પથ્થર નથી મૂક્યા, રમેશ
આ મને શિલ્પી ગણી મૂર્તિઓ ઘડવાનું મૂકયું.

ચોકની વચ્ચે પડ્યું'તું ડૂસકું બિનવારસી
આળ મારા પર સહુએ મારું હોવાનું મૂકયું.

સાંજ ઢળે ને — / માધવ રામાનુજ

• ગાન •

સાંજ ઢળે ને સાંભરણોનું આવતું પાછું ધણ...

રાત બધી રણકારમાં પછી
ફળિયું ને ઘર બનતાં એકાકાર
પૂરમાં કે નૂપુરમાં પછી
સાંભરે કે કૈં ભાંભરે—એકાકાર...

સાવ ખીલેથી છોડીએ તોયે
મનના ધીંગા ફળિયે
એની ખરિયુંનાં કૈં ઊઘરે લીંપણ...
સાંજ ઢળે ને સાંભરણોનું આવતું પાછું ધણ!

આથમ્યા લગી ડચકારાને
સીમમાં બધે વેરતું રહે કોણ?
માંહ્યથી સતત વાડ્ય કૂદીને
ભાગનારાને ઘેરતું રહે કોણ?

ગોરજ ભેળું ઊડવા કાયમ
પાંખ ઉછીની માગતું કોના ઉંબરેથી સગપણ!
સાંજ ઢળે ને સાંભરણોનું વળતું પાછું ધણ.

દે / શિલ્પિન્ થાનકી

• પૃથ્વી •

સમુદ્રસમ ઉત્પ્લવે રુધિરરાગ, ઉત્સાહ દે,
ધખે હૃદય અગ્નિશૈલવત આગ, ઉત્સાહ દે.

ક્રિયાત્મક બની શકાય, ઉભરાય સંવેદના
નસેનસ મહીં પ્રપાત ઈવ ઝાગ[1] ઉત્સાહ દે.

કુસુમ્ભગુલમ્હોર જેમ નિખરે દગે રક્તિમા,
ભલે સતત તામ્રવર્ણિમ નિદાઘ, ઉત્સાહ દે.

શિખાનખ નિમેષકૃત્તટનિઘર્ષ ઉચ્ચન્ડ હો,
છવાય નટરાજનો પ્રલયરાગ, ઉત્સાહ દે.

વસન્તનિભ[2] ઉલ્લસે ચિતિપરાગ, ઉત્સાહ દે,
અસીમિત સરે અજસ્રલયફાગ, ઉત્સાહ દે.

નભે અભયમન્ત્રઘોષશસનાત્મ ઊર્જા છલે,
રચે મન પુનઃ પુરાયજનયાગ, ઉત્સાહ દે.

ચિદમ્બર ભરે ઋતમ્ભરવિહાગ, ઉત્સાહ દે,
ઋચાસરલ અસ્તિ હો ઝળકઝાક, ઉત્સાહ દે.

૧ ઝાગ=ફીણ, ૨ નિભ=જેમ.

અમે મધમીઠાં રે!

મનહર જાની

• ભજન •

સભર સભર દૂઈ નયન
નાથજી દીઠાં રે!
માધવમાં અવ મગન
અમે મધમીઠાં રે!

ગોકુળ ગોકુળ ચરણ ચરણમાં
જમુના ઝરણ ઝરણમાં
પુલક પુલક વૃંદાવન, મથુરા
મહક મહક પાંપણમાં
અધ ઘટ પેખ્યા પૂરન
અમે મધમીઠાં રે!

રોમ રોમ બાજત બાંસુરી
નાચત નંદકિશોર
સાંસ સાંસ મયૂરન ગન ગાવત
ચહુદિશ નભ ઘનઘોર
પીધ પિયાલી અગન
અમે મધમીઠાં રે!
સભર સભર દૂઈ નયન
નાથજી દીઠાં રે!

હાઈકુ / ધીરુ પરીખ

ભૂમિ પરથી
પંખી આકાશ: નભ
ભાગ્યું દૂર!

*

પ્રચંડ આંધી:
પડે ઝાડ; વલ્લરી
માનતી પાડ.

*

આગિયો ઊડે:
અંધાર સમદરે
તરે ને બૂડે.

*

જળમાં નભ—
પંખીનો પડછાયો
એમાં ઊડતો.

*

કૂદ્યો વાંદરો
ડાળથી ઊંચે: નીડ
ખરતો નીચે.



જી. એ. નટેસન

પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર

રાષ્ટ્રીય સમુત્થાનની ભૂમિકા તૈયાર કરનાર યશસ્વી પત્રકાર વૈતાલિક, રાષ્ટ્રીય ચેતના પ્રબોધનાર અને ચારિત્ર્ય ઘડનાર સત્ત્વશાળી સાહિત્યના પ્રકાશક, ધીરોદાત્ત રાષ્ટ્રભક્ત

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં આપણા દેશમાં રાષ્ટ્રીય જાગરણ, સામાજિક ચેતના, સાંસ્કૃતિક સમુત્થાન, ધાર્મિક સુધારણા અને દેશપૂજાની અનેક પ્રવૃત્તિઓ આસેતુ હિમાલય સુધી ફરી વળી હતી. તેમાં ઉદ્બોધક સામયિક પત્રો અને પ્રેરક સાત્ત્વિક સાહિત્ય-પ્રકાશનના માધ્યમથી અંગ્રેજી ભણેલી પ્રજાના માનસને રાષ્ટ્રની સર્વતોમુખી પ્રગતિ માટે કેળવવા અને સજ્જ કરવા માટે જે દીર્ઘદર્શી, આસ્થાવાન, ધ્યેયવાદી અને તપસ્વી મનીષીઓએ પાયાની ભૂમિકા ભજવી હતી, તેમાં ત્રણ પત્રકાર વિભૂતિઓની કર્મસાધના, આંતરિક સૂઝબૂઝ, સાહસિકતા, નિર્ભયતા, નિષ્ઠા અને તપસ્યા નવભારતના નિર્માણના ઇતિહાસમાં ચિરસ્મરણીય અને વંદનીય થઈ ગઈ છે. એ ત્રણ મહાનુભાવો હતા: મદ્રાસના અંગ્રેજી માસિક પત્ર 'ઇંડિયન રીવ્યૂ'ના તંત્રી જી. એ. નટેસન, કલકત્તાથી પ્રસિદ્ધ થતા માસિક 'મૉડર્ન રીવ્યૂ' (પ્રારંભ–૧૯૦૭)ના તંત્રી રામાનંદ ચેટરજી ને પટણાથી પ્રકટ થતા 'હિંદુસ્તાન રીવ્યૂ'ના તંત્રી સચ્ચિદાનંદ સિંહા. આ દિશામાં સૌથી પહેલાં લોકજાગરણની દુંદુભિ વગાડનાર હતા મદ્રાસના લોકહિતૈષી સંસ્કાર-પુરુષ જી. એ. નટેસન.

ગણપતિ અગ્રહારમ અન્નાદુરાઈ નટેસન એ એમનું પૂરું નામ. ઈ. ૧૮૭૩ની ૨૪ ઑગસ્ટે તામિલનાડના તંજાવુર (તાંજોર) જિલ્લાના ગણપતિ અગ્રહારમ નામના ગામમાં એમનો જન્મ થએલો. પિતા અન્નાદુરાઈ એક મધ્યમવર્ગી બ્રાહ્મણ હતા. કુંભકોણમમાં ભણ્યા પછી નટેસન તિરુચિરાપલ્લીની સેન્ટ જૉસેફ કૉલેજમાં દાખલ થયા અને તે પછી મદ્રાસની પ્રેસિડન્સી કૉલેજમાંથી ઈ. ૧૮૯૭માં તેઓ ગ્રેડ્યુએટ થયા હતા. એમના અભ્યાસ અને ઘડતરમાં જ્યેષ્ઠ બંધુ વૈદ્યરમણની પ્રેરણા અને પથપ્રદર્શનનો ઘણો મોટો હિસ્સો હતો. કૉલેજમાં હતા ત્યારથી જ નટેસને સામાજિક સંબંધો સ્થાપવાની અને સંગઠન કરવાની શક્તિ કેળવી હતી. પ્રેસિડન્સી કૉલેજમાં સાહિત્યમંડળના તેઓ મંત્રી બન્યા હતા એ સમયમાં યે તેઓ સાહિત્યમંડળનાં વ્યાખ્યાનો અને પ્રમુખપદ માટે ઉચ્ચ કક્ષાની સુયોગ્ય વ્યક્તિઓને ખોળી લાવવામાં નિપુણ હતા. એક વાર તેઓ મેળાવડાના પ્રમુખપદ માટે 'ધ મદ્રાસ ટાઇમ્સ'ના તંત્રી ગ્લીન બાર્લોને, તો એક વાર મંડળની સભાના પ્રમુખ તરીકે મદ્રાસના એ સમયના ગવર્નર લૉર્ડ વેનલૉકને સુદ્ધાં લઈ આવ્યા હતા.

નટેસને કાયદાનો અભ્યાસ પણ કર્યો હતો, પરંતુ પછી મુદ્રણ અને પ્રકાશન પ્રત્યે વિશેષ અભિરુચિ અને આકર્ષણ થતાં એમણે કાયદાનું અધ્યયન છોડી દીધું. એ યુગમાં શિક્ષિત લોકોમાં સરકારી નોકરી અને વકાલતનું વિશેષ આકર્ષણ રહેતું હતું, ત્યારે નટેસન જેવા મેધાવી ગ્રેડ્યુએટ મુદ્રણ-પ્રકાશન જેવા, ત્યારે અલ્પ પરિચિત ક્ષેત્રમાં ઝંપલાવવા વિચારે એ એક મોટું સાહસ હતું. પણ નટેસને પોતાનો માર્ગ નિશ્ચિત કરી લીધો હતો. અને તેની પૂર્વ તૈયારી માટે તેઓ ફરી ગ્લીન બાર્લોને મળ્યા અને એમના પત્રમાં અવૈતનિક રીતે કામ કરીને પત્રકારત્વ અને મુદ્રણવિષયક અનુભવ પ્રાપ્ત કરવા માટે અનુમતિ માગી. સામાન્યત: તો બાર્લો કોઇને આવી સગવડ કરી આપતા નહિ, પરંતુ નટેસનની તત્પરતા ને તેમનો ઉત્સાહ જોઇને તેમણે અનુમતિ આપી. અહીં બાર્લો માટે નટેસન બહુ ઉપયોગી નીવડ્યા હતા. બાર્લોને ભારતીય વિષયો, સમસ્યાઓ અને રીતરિવાજોનું જ્ઞાન હતું નહિ, તેથી તેઓ આવી બાબતોમાં નટેસનની ઘણી વાર મદદ લેતા. એ વિષે બાર્લોએ લખ્યું છે કે, 'નટેસન મારા છાપામાં ભારતીય વિષયો પરત્વે સરસ અઠવાડિક નોંધો લખી આપતા. અન્ય વિષયોમાં લખવા માટે પણ તેઓ વ્યુત્પન્ન અને સમર્થ હતા. પત્રકારની યોગ્યતા મેળવવા માટે તેઓ બહુ ચીવટથી સારો પુરુષાર્થ કરતા.'

'ધ મદ્રાસ ટાઇમ્સ'માં પર્યાપ્ત અનુભવ પ્રાપ્ત કરી લીધા પછી નટેસને વડીલબંધુ સાથે ઘરના છાપખાનાનું કામ ઉપાડી લીધું. બહુ નાના પાયે આરંભેલા એ વ્યવસાયમાં એમણે સૌ પ્રથમ સર પી. એસ. શિવસ્વામી ઐયર અને આર્ડલી નૉર્ટન જેવા મદ્રાસનાં અગ્રગણ્ય અને રાષ્ટ્રીય ભાવનાવાળા વકીલોને પ્રિવી કાઉન્સિલમાં રજૂ કરવા માટે એક નિવેદન-પત્ર છાપી આપ્યું હતું. એ કામ એમણે એટલી સજ્જતા ને ચોકસાઇથી કરેલું કે બહુ કડક અને દુરારાધ્ય ગણાતા શિવસ્વામીએ પણ તેની સારી પ્રશંસા કરી હતી. નૉર્ટન મહાશય પણ નટેસનના મુદ્રણકાર્યથી ખુશ હતા. એમણે પોતાના કારકુનને ખાસ સૂચના આપી રાખી હતી કે નટેસન પ્રેસમાંથી આવતાં પ્રૂફ્સ વેળાસર જોઈતપાસી આપવાં, કારણ એમની પાસે માત્ર છાબડી ભરાય એટલા ટાઇપોની જ મૂડી છે. પણ એ એટલી મૂડીથી યે નટેસનના

છાપખાનાએ બહુ ઓછા સમયમાં સારી પ્રતિષ્ઠા મેળવી લીધી હતી. વૈદ્યરમણની પ્રેરણા અને સાથનું તેમાં મોટું બળ હતું. બંને ભાઈઓએ દેશના અગ્રગણ્ય ચિંતકોના રાષ્ટ્રવાદી વિચારોનું પ્રકાશન કરવાની એક નવી યોજના કરી હતી.

છાપખાનાની પ્રતિષ્ઠા સ્થાપિત થઈજતાં બંને ભાઈઓએ 'ઇંડિયન પોલિટિક્સ' નામનું એક માસિક પ્રકાશન પ્રકટ કર્યું. ભારતીય રાષ્ટ્રીય કૉલેજના પ્રથમ પ્રમુખ વ્યોમેશચન્દ્ર બેનરજીએ તેની પ્રસ્તાવના લખી હતી. આ પ્રકાશનથી ભવિષ્યમાં આ સંસ્થામાંથી પ્રકટ થનારા સાહિત્ય માટે એક ઉમદા માનદંડ અને પ્રણાલિકા નિશ્ચિત થઈ ગઈ.

નટેસન માનતા હતા કે માતૃભૂમિની ઉન્નતિ માટે સાર્વજનિક રાષ્ટ્રીય ચેતનાના પ્રબોધન સારુ લોકમત કેળવવાની, અને તે સાથે પ્રજાના નૈતિક અને સાંસ્કૃતિક ઘડતરની ખાસ જરૂર છે, જેનાથી આપણે બ્રિટિશ રાજ સામે ભારતીય સ્વાતંત્ર્યની ઝુંબેશ યોગ્ય રીતે ચલાવી શકીએ. આ ભૂમિકાને દૃઢ કરવા માટે એમણે સ્વસ્થ, સબળ, રાષ્ટ્ર-પ્રબોધક, પ્રેરક સાહિત્ય અંગ્રેજી ભાષામાં પ્રકાશિત કરવાનું સાહસ ઉપાડયું. દેશના રાષ્ટ્રીય મહાપુરુષો, રાજકારણના ધુરંધરો, લોકનેતાઓ અને ઉચ્ચ કક્ષાના મેધાવી પુરુષોનાં વિશદ જીવનચરિત્રો સાથે એમના લેખો અને ભાષણો બહુ જ ઓછી કિંમતે સુલભ કરી આપ્યાં. આ શ્રેણીમાં રાજા રામમોહન રાય, દાદાભાઈ નવરોજી, સર સુરેન્દ્રનાથ બેનરજી, ગાંધીજી, સર દિનશા એદલજી વાચ્છા, લૉર્ડ સિંહા, પંડિત મદનમોહન માલવીય, શ્રીમતી એની બેસંટ વગેરે જેવી દેશની એ સમયની પ્રથમ હરોળની અગ્રગણ્ય વ્યક્તિઓનાં જીવન તથા વક્તવ્યોનો જન સામાન્યને પરિચય સુલભ બન્યો. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખોનાં ભાષણો પણ એમણે બે ખંડોમાં છાપ્યાં. ગાંધીજીનાં રાજનીતિક અને સામાજિક ચિંતનની ગીતા સમા 'ઇંડિયન હોમરૂલ' (હિંદ સ્વરાજ્ય)ની અંગ્રેજી આવૃત્તિ સૌ પ્રથમ નટેસને પ્રસિદ્ધ કરી હતી. ડૉ. આનંદ કુમારસ્વામીની રાષ્ટ્રીય આદર્શોની નિબંધાવલી અને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનાં સ્વાતંત્ર્ય ને સંસ્કૃતિ તથા ભારતના અંતરાત્મા જેવાં પ્રશિષ્ટ પુસ્તકો પાણીના મૂલ્યે નટેસને સુલભ કરી આપ્યાં હતાં. શ્રીમતી એની બેસંટ અને ડૉ. ભગવાનદાસે કરેલા ગીતાના સુંદર ભાષાન્તરની, ખિસ્સામાં સમાય તેવડી નાની આવૃત્તિ તો તે સમયમાં ભારતમાં લગભગ સર્વત્ર સુપ્રાપ્ય હતી, અને તે યે માત્ર બે જ આના (આજના બાર પૈસા)માં. ત્યાર પછી તો નટેસને દરેક ક્ષેત્રના નવભારતના નિર્માતા વિશિષ્ટ મહાપુરુષોની, ખિસ્સામાં આવી રહે તેવી નાની ૨૦૦ જેટલી ચરિત્ર-પુસ્તિકાઓ માત્ર ચાર આના (૨૫ પૈસા)ની નજીવી કિંમતે સુલભ કરી આપી હતી.

જગતના ધર્મસંસ્થાપકોનાં ચરિત્રો અને ઉપદેશો એકએક રૂપિયામાં પ્રજામાં વહેતાં કરી દીધાં. પ્રાચીન ભારતના ધાર્મિક દાર્શનિક અને પ્રશિષ્ટ સાહિત્યના સાર-સંકલન રૂપે ઉપનિષદ, રામાયણ, મહાભારત, પુરાણ અને ભાગવત વગેરે ગ્રંથો મૂળ સંસ્કૃત વાચના સાથે અંગ્રેજી ભાષાંતર કરાવીને ભારતીય સંસ્કૃતિના અનુશીલન માટે પશ્ચિમની પ્રજા માટે પણ ભારી રૂપ બનાવી દીધાં. એક અભિનવ ગ્રંથમાળામાં એમની પ્રકાશન સંસ્થાએ ભારતના ન્યાયાધીશો, ભારતીય વૈજ્ઞાનિકો, વિખ્યાત પારસી આગેવાનો, ભારતીય ખ્રિસ્તીઓ, બ્રાહ્મ-સમાજના નેતાઓ, વિખ્યાત પ્રાચ્યવિદ્યા વિશારદો વગેરેની અતિસુંદર ચરિતાવલીઓ પ્રકાશિત કરી. આમ, પ્રત્યેક ક્ષેત્રની ભારતીય પ્રતિભા, બૌદ્ધિક ગરિમા અને ઉપલબ્ધિઓને રજૂ કરતાં એક હજારથી યે વિશેષ પ્રકાશનો નટેસનના પ્રકાશન-વ્યવસાયનાં સાહસ, દાક્ષિણ્ય અને અવિશ્રાંત પુરુષાર્થના સાક્ષીરૂપ બની ગયાં. તદ્દન સસ્તા દરે પ્રાપ્ય આ બધાં પુસ્તકો 'ઇંડિયન રીવ્યૂ'ના ગ્રાહકોને તો પાછાં પોણી કિંમતે આપવામાં આવતાં. ઇતિહાસવેત્તા મનીષી સરદાર કે. એમ. પણિક્કરના શબ્દોમાં કહીએ તો : 'નટેસનની આ સમસ્ત પ્રકાશન વ્યવસ્થાએ પ્રજાના પ્રબોધન, સાંસ્કારિક નિર્માણ અને શિક્ષણ માટે એક ખુલ્લી ગ્રંથ-વિદ્યાપીઠની ગરજ સારી હતી. એ પુસ્તકો ભારતની ઉદીયમાન પ્રજા માટે ક્રમિક પાઠયક્રમ જેવાં ઉપાદેય અને ઉપકારક બની ગયાં હતાં.'

એમની ચાર આનાવાળી ચરિતાવલીની યોજના તો ઈંગ્લૅન્ડની 'પૅંગ્વિન' પુસ્તકપ્રકાશન યોજનાથી યે વર્ષો પહેલાં અસ્તિત્વમાં આવી હતી. આધુનિક ભારતના લોકનેતાઓ, સમાજસેવકો, રાજનીતિજ્ઞો, પ્રકાશકો અને બુદ્ધિજીવીઓ નટેસનનાં આ બધાં સત્ત્વશાળી પ્રકાશનો અને 'ઇંડિયન રીવ્યૂ'ના માધ્યમથી કેવી રીતે પોતાનું સાંસ્કારિક અને બૌદ્ધિક ઘડતર કરી શકાય તે વિષે એક ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન ટી. ટી. કૃષ્ણમાચારીએ નોંધ્યું છે :

'આજથી ૬૫ વર્ષ પહેલાં...મારા પિતાજી પાસે ઘેરા લીલા રંગના પૂઠાવાળું 'ઇન્ડિયન રીવ્યૂ' નામનું એક માસિક પત્ર આવતું. એ વખતે તો તેમાંની બધી સામગ્રીનો હું આસ્વાદ લઈ શકતો નહિ, પરંતુ તેમાં પાછળનાં પાનાં તો હું અચૂક જોઈ જતો. તેમાં એ સમયની ચાલુ ઘટનાઓની સૂચિ, વિવિધ પત્ર-પત્રિકાઓમાંથી તારવેલા સાર-સંચયો તથા રાષ્ટ્રીય જીવનની અન્ય માહિતીઓ પ્રકટ થતી. આ સામગ્રીનું મને વિશેષ આકર્ષણ હતું. સમય જતાં 'ઇન્ડિયન રીવ્યૂ' ને કલકત્તાના 'મૉડર્ન રીવ્યૂ' હું અભિરુચિપૂર્વક વાંચતો થઈ ગયો, જે મારા શૈક્ષણિક અને બૌદ્ધિક જીવનના ઘડતરના ભાગરૂપ બની ગયાં હતાં.'

દેશપ્રેમ અને રાષ્ટ્રીય ચરિત્રનિર્માણ અર્થે પ્રજાની ચેતનાને લોકમાંગલ્ય અને રાજકારણની પ્રવૃત્તિઓ પ્રત્યે કેળવવા તથા પ્રબોધિત કરવાનું પોતાનું ધ્યેય સત્ત્વશાળી સાહિત્ય પ્રકાશન દ્વારા સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે એ જોઈને નટેસનના સૂઝબૂઝભર્યા અને દીર્ઘદર્શી મનમાં રાષ્ટ્રીય જીવનની સર્વવિધ પ્રવૃત્તિઓ, પ્રગતિઓ અને રાષ્ટ્રીય ચિંતનના દરેક પાસાને સ્પર્શતું એક સારું માસિક પત્ર કાઢવાનો વિચાર આવ્યો. તે માટે ૧૯૦૦માં તેમણે પૂરી સજ્જતા, નિષ્ઠા અને સાહસ સાથે 'ઇન્ડિયન રીવ્યૂ' નામના સચિત્ર માસિકપત્રનું પ્રકાશન શરૂ કર્યું. આ માટે પ્રો. કે. બી. રામનાથન અને વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી જેવા નિષ્ઠાવાન અને પ્રતિભાશાળી મિત્રોની સહાય પણ મળી. નટેસનના ગુણગ્રાહી અને પારખુ ચિત્તે પોતાના આ પત્રને સત્ત્વશાળી અને ઉપાદેય બનાવવા માટે દેશના મનીષી પ્રાધ્યાપકો, વકીલો, રાજકારણના ધુરંધરો, શિક્ષણશાસ્ત્રીઓ, અર્થકારણના જ્ઞાતાઓ, આશાસ્પદ પત્રકારો અને ઊંચી શિષ્યવૃત્તિઓ પ્રાપ્ત કરનારા ઉદીયમાન યુવકોના સમુદાયમાંથી સારાસારા લેખકોના અભ્યસનીય લેખો પ્રાપ્ત કર્યા હતા. લગભગ ૭૫ પાનાંવાળા આ સામયિકના અર્ધાભાગમાં એ સમયના સર્વક્ષેત્રના ખ્યાતનામ મહાનુભાવોના સુદાસર, ધીરગંભીર, જ્ઞાનપ્રસારક અને પ્રેરક લેખો, ઉત્તમ કાવ્યો અને વિશિષ્ટ વ્યક્તિઓનાં ચિત્રો પ્રકટ થતાં. માસિકના બીજા અર્ધમાં પ્રત્યેક માસની દેશ-વિદેશની વિવિધ ક્ષેત્રોની કર્મપ્રવૃત્તિમાંથી ચુનંદી જ્ઞાતવ્ય બાબતો બત્રીસ જેટલા સ્થાયી શીર્ષકોમાં આવરી લેવાતી; જેમાં વિધવિધ પ્રવૃત્તિઓ, ગ્રંથવિવેચનો, માસ ભરની નોંધનીય ઘટનાઓ, દેશી રજવાડાંના ખબરો, પ્રવચનોના સાર, ચિકિત્સા, આરોગ્ય, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ફિલ્મ, વિજ્ઞાન, ઉદ્યોગ, કૃષિ, રમતગમત, નારી જગત ઇત્યાદિ અનેક ઉપયોગી વિષયોને આવરી લેવામાં આવતા.

આમ, ઇન્ડિયન રીવ્યૂ એ યુગના સંસ્કારવાંછુ અને પ્રબુદ્ધ સમાજ માટે એક ઉચ્ચ કક્ષાનું સામયિક ગણાતું. સંસ્કારી ઘરોનું એ આભૂષણ બની ગયું હતું. આજે યે તેની જૂની ફાઇલો આધુનિક ભારતના રાજનીતિક અને સામાજિક વિકાસના ક્રમિક ઇતિહાસના અધ્યયન

અને પરિચય માટે એક સંદર્ભ ગ્રન્થનું કામ આપે છે. તેના સંપાદનનું કાર્ય ઊંડી સમજદારી, નિષ્ઠા અને ચોકસાઇથી થતું હતું. દેશના ધીરોદાત્ત મનીષી શ્રીનિવાસ શાસ્ત્રી પોતાના સંસ્મરણોમાં લખે છે :

'...નટેસનના તે નવીન સાહસની સફળતા માટે અર્પેલા એ દિવસોને હું ભાવપૂર્વક યાદ કરું છું. એ યુગમાં હજી વીજળી આવી ન હતી. મોટી સંખ્યામાં આવેલાં પ્રૂફો જોવાનું અને બીજાં કામો મારે ભાગે આવ્યાં હતાં. વહેલા પ્રભાતે તેમ જ મોડી રાત સુધી મીણબત્તીઓના પ્રકાશમાં હું એ બધાં કામ પતાવી દેતો. મારી આંખો ખોટી જોડણી અને ખોટા ટાઇપો પકડી પાડવા માટે ટેવાઈ ગઈ હતી. એ વખતનું મારું પ્રૂફ-રીડિંગ એટલું કડક હતું કે આજે યે બીજા પાસેથી વાંચવા લીધેલી ચોપડીના હાંસિયામાં પણ હું કંઈક લખી નાખું છું. મારા પછીનો એનો વાચક તે માટે મને કદાચ મનોમન ભાંડતો પણ હશે.'

અહીં સહ્યાદ્રિની ઘાટીમાંથી દેશોત્થાનની સિંહગર્જના કરતા, પૂનાના મરાઠી સાપ્તાહિક 'કેસરી'ના તપસ્વી દેશભક્તોની ત્રિપુટી : વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર, લોકમાન્ય ટિળક અને પ્રિન્સિપલ ગોપાલ ગણેશ આગરકરની સાધના, સાદાઈ અને કર્તવ્યનિષ્ઠાનું સહેજે સ્મરણ થઈ આવે છે. લોકમાન્ય ટિળકની સ્મરણગાથા કહે છે: 'કેસરી કાર્યાલયમાં કશા ફ્રાનચરની વ્યવસ્થા નહોતી. મોડી રાત સુધી દીવાના પ્રકાશમાં અમે કામ કરતા. સવાર થતાં ગોળ વિંટાળેલી અમારી પથારી જ ટેબલનું કામ આપતી. ક્યારેક તો પૂના શહેરના સ્થાનિક ગ્રાહકોના ઘર સુધી અમારું છાપું અમારા સાથી કાર્યકરો જાતે પહોંચતું કરતા.'

નટેસન જન્મ્યા તે સમયમાં ભારતીય રાજનીતિમાં ઉદાર દલ (લિબરલ પાર્ટી = નરમદલ)નું વર્ચસ્વ હતું. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસમાં પણ તેઓનું જ વર્ચસ્વ હતું. તે રાજકારણી નેતાઓ કાયદા અને વ્યવસ્થાનું સન્માન સાચવીને વૈધાનિક લડાઇમાં માનતા હતા. તેઓ તે વખતે ભારત માટે સાંસ્થાનિક સ્વરાજ્ય (ડોમિનિયન સ્ટેટ્સ)ના હિમાયતી હતા. તેઓ નરમ દલીય કહેવાતા હતા. જેમાં સુરેન્દ્રનાથ બેનરજી, સર ફિરોજશાહ મહેતા, ગોપાલકૃષ્ણ ગોખલે, શ્રીનિવાસ શાસ્ત્રી, સર તેજબહાદુર સપ્રુ અને રાસબિહારી ઘોષ જેવા મહામેધાવી પુરુષો હતા. એમની સામે થોડાક ઉગ્રવાદી દેશભક્તોનો સમુદાય ગરમ દલના નામથી ઓળખાતો હતો. લોકમાન્ય ટિલક, અરવિંદ ઘોષ અને પંજાબકેસરી લાલા લજપતરાય જેવા સાહસિક વીર પુરુષોની તેમાં ગણના થતી હતી. ૧૯૦૭ની સૂરતની ઐતિહાસિક કૉંગ્રેસ પછી તેમાં ભંગાણ પડ્યું અને ધીમેધીમે તેમાં ગરમ દલીય નેતાઓનું વર્ચસ્વ વધતું ગયું. છેવટે ગાંધીયુગમાં સંપૂર્ણ પ્રભુતાસંપન્ન સ્વરાજ માટે આંદોલનો શરૂ થઇ ગયાં.

સ્વાભાવિક રીતે જ નટેસન ઘણાં વર્ષો સુધી ઉદાર દલીય રીતિ-નીતિના સમર્થક, પરિપાલક અને પ્રસારક રહ્યા. પરંતુ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસમાં અને પ્રજાની રાષ્ટ્રીય ચેતનામાં જેમજેમ વૈચારિક ક્રાંતિ વિકસતી ગઇ, તેમતેમ નટેસનના રાજનીતિક વિચારોમાં પણ પરિવર્તન આવતું ગયું.

ઇન્ડિયન રીવ્યૂમાં વિદેશવાસી હિન્દીઓની સમસ્યા વિષે લેખો છપાતા રહેતા તેથી ગાંધીજી અને નટેસન એકબીજાને સારી રીતે જાણતા હતા. પોતાની દક્ષિણ ભારતની યાત્રા દરમિયાન ગાંધીજી નટેસનના અતિથિ બન્યા ને તે દિવસથી ગાંધી-પરિવાર અને નટેસન-પરિવારની આત્મીયતા અને બંધુતા ઉત્તરોત્તર વધતી ગઇ.

નટેસનના બાળક પુત્ર મેનિયન નટેસને ગાંધીજીને એક પેનસિલ ભેટ આપેલી. એ ખોવાઇ ગઇ ત્યારે તેને ખોળી કાઢવા માટે ગાંધીજીએ કેટલો આગ્રહ રાખેલો તે પ્રસંગ તો બહુ જાણીતો છે. એ જ રીતે એક વખત ગાંધીજી નટેસનને ત્યાં ઊતરેલા ત્યારે એમની સાથે એક હરિજન બાળક પણ હતો. ગાંધીજી એ બાળકના ધર્મપિતા બન્યા હતા. નટેસન-પરિવાર તો ચુસ્ત સનાતની એટલે તેમના કુટુંબના સ્ત્રીવર્ગમાં થોડી અકળામણ પણ વરતાઇ, પરંતુ અતિશય પ્રેમાળ અને વિવેકી નટેસને પોતાના પારિવારિક વિચારોને ગૌણ બનાવી દઇ બધી પરિસ્થિતિ કાબૂમાં કરી લીધી હતી. અતિથિ-સત્કારની ભાવના અને નટેસનની સૌજન્યભરી ઉદારતાનું એ એક ઉમદા દૃષ્ટાંત છે. ગાંધીજીએ સ્વરાજ્યની લડતોનો વ્યવસ્થિત આરંભ કર્યો ત્યારે એમણે પોતાના ત્રીજા પુત્ર દેવદાસને નટેસનને ત્યાં રહીને તામિલદેશમાં હિંદી ભાષાના પ્રચારકાર્ય માટે મોકલ્યા હતા. ત્યાં દેવદાસભાઇ એક વખત ગંભીર રીતે બીમાર થઇ ગયા. નટેસને તુરત ગાંધીજીને તાર કર્યો ને એમને મદ્રાસ બોલાવ્યા, ત્યારે ગાંધીજીએ એક કાર્ડમાં જવાબ આપતાં લખ્યું, 'મને લાગે છે કે દેવદાસે કંઇ અજુગતું કર્યું છે. મને ખાત્રી છે કે ચિ. દેવદાસ સુરક્ષિત હાથોમાં છે. અમારે ત્યાં આવવાની કશી જરૂર નથી.' નટેસનમાં ગાંધીજીને કેટલી શ્રદ્ધા હતી તે આથી સ્પષ્ટ થાય છે.

આ અને આવા બીજા અનેક પ્રસંગો બતાવી આપે છે કે આ બન્ને પરિવારો વચ્ચે કેવી પ્રગાઢ બંધુતા અને આત્મીયતા હતી.

પોતાના જીવનનાં અંતિમ વર્ષોમાં નટેસન ઉદાર દલથી સર્વથા અલગ થઇ ગયા હતા. રાજગોપાલાચારીથી તેઓ પ્રભાવિત થયા હતા. અને ગાંધીજીના પરમ-ભક્ત અને પ્રશંસક બની ગયા હતા. તેઓ કહેતા હતા કે હવે ભારતનું ભવિષ્ય કૉંગ્રેસ સાથે સંકળાએલું છે. એમના ઉદાર-પક્ષના જૂના મિત્રો આ બાબત એમની આલોચના પણ કરતા હતા. પરંતુ એ સૌની સાથે એમની પ્રીતિ અને મૈત્રી તો પૂર્વવત્ કાયમ હતી.

નટેસને જવાબદારીભર્યાં અને પ્રતિષ્ઠાપૂર્ણ એવાં અનેક પદો પર દૃઢતાપૂર્વક કાર્ય કર્યું હતું. કૉંગ્રેસ સરકારે એમને મદ્રાસના શેરિફ બનાવ્યા હતા. ભારતીય ટેરિફ બોર્ડના પણ તેઓ એક સદસ્ય હતા. મદ્રાસની મહાનગરપાલિકા તરફથી સરકાર વતી તેઓ રાજ્યસભામાં સદસ્ય મનોનીત થયા હતા. એક મનોનીત સદસ્ય હોવા છતાં તેઓ સરકારની આલોચના કરતાં અચકાતા નહિ. એમનાં ભાષણો પ્રમાણો અને ઉદ્ધરણોથી ભરપૂર રહેતાં. સાઇમન કમિશન વખતે એમનું વક્તવ્ય સૌથી વધુ પ્રભાવકારી ગણાયું હતું. કૅનેડામાં ગએલા એમ્પાયર પાર્લામેન્ટરી ડેલિગેશનમાં એમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ત્યાં પત્રકારોની મુલાકાતો દરમિયાન એમણે ભાર દઇને કહ્યું હતું કે ભારતવર્ષને એક ઉત્તર દાયિત્વપૂર્ણ શાસનની જરૂર છે. વિદેશમાં ભારતીઓના હિત માટે રાજ્યસભામાં તેઓ બરાબર લડતા રહેતા. એક મહત્ત્વપૂર્ણ ભાષણમાં એમણે એવી રજૂઆત કરી હતી કે દિલ્હીના સરકારી મંત્રાલયમાં વિદેશવાસી ભારતીઓના પ્રશ્નો વિષે વિચારણા કરવા સારુ એક વિશેષ શાખા સ્થાપવી જોઇએ. દીનબંધુ સી. એફ. એન્ડ્રયૂઝ નટેસનને વિદેશવાસી ભારતીઓના મસીહા તરીકે ઓળખાવતા હતા.

પોતાની અદ્ભુત સ્નેહશીલતા અને બંધુતાની શક્તિ વડે તેઓ બધા રાજનીતિક તથા અન્ય મતભેદોને હળવા અને મૃદુલ બનાવી દેતા. ગાંધીજી અને રાજાજી એમની એ ભાવનાનાં સુંદર પ્રમાણ છે. રાજાજી જ્યારે મદ્રાસ પ્રાંતના મુખ્યમંત્રી હતા ત્યારે દરરોજ સાંજે એમની બેઠક નટેસનને ત્યાં જ રહેતી. નટેસન પોતાના સમસ્ત મિત્ર-સમુદાયના શુભેચ્છક હતા. તેઓ બધા માટે સુલભ હતા. એમને ત્યાં દરેક પક્ષના, દરેક વિચારશ્રેણીના, ને વિવિધ ક્ષેત્રોના નાના-મોટા લોકો એકઠા થતા રહેતા. તેઓ મદ્રાસમાં સાર્વજનિક જીવનના એક પૂર્ણ સામાજિક વ્યક્તિ તરીકે જાણીતા હતા. તેઓ ખરેખર અજાત શત્રુ હતા. મદ્રાસના મયલાપુર વિસ્તારમાં આવેલું એમનું મકાન બુદ્ધિજીવીઓ, લોકનેતાઓ, સાર્વજનિક કાર્યકરો, મિત્રો અને પત્રકારો માટે મિલન-મંદિર તરીકે જાણીતું હતું. એમની ઉદારતા અને (અનુસંધાન પૃષ્ઠ ૪૮)

ટેરોડેક્ટિલનું ઈંડું

સત્યજિતરાયની એક નવી વાર્તા
અનુવાદક • સુકન્યા ઝવેરી

ઑફિસેથી છૂટીને હવે વદનબાબુ કર્ઝનપાર્કમાં આવતા નથી. પહેલાં તો સુરેન બાંદુજ્જેના પૂતળા પાસે એકાદ કલાક બેસીને આરામ કરતા, અને ટ્રામમાં ભીડ જરા ઓછી થાય એટલે મોડેથી શિવઠાકુર લેનમાં પોતાને ઘેર જતા.

પણ હવે ટ્રામની લાઈન અંદર આવી જવાથી પાર્કમાં બેસવામાં આનંદ નથી રહ્યો. અને આ વધતી જતી ભીડમાં પરસેવે રેબઝેબ થઈ લટકતાલટકતા ઘેર જવાય પણ શી રીતે? અને માત્ર એટલું જ નહિ, દિવસમાં એકાદ કલાક પણ જો શાંતિથી બેસીને કલકત્તાનું જે કંઈ થોડું ખુલ્લું પ્રાકૃતિક સૌંદર્ય છે તેનો ઉપભોગ પણ શક્ય ન હોય તો જીવન વૃથા છે એમ પણ વદનબાબુને લાગતું. પોતે કારકુન હતા, પણ કલ્પનાપ્રવણ. આ કર્ઝનપાર્કમાં જ બેઠાંબેઠાં મનોમન એમણે કેટલીય વાર્તાઓ રચી હતી, પણ કદી એ લખવાનું બન્યું નહોતું. સમય જ ક્યાં હતો? જો લખાયું હોત તો કદાચ આજ એમની નામના હોત એવી એમને ખાતરી હતી.

જો કે બધી વાર્તાઓ બેકાર નથી ગઈ. એમનો પંગુ છોકરો બિલટુ હવે મોટો – સાતેક વર્ષનો થયો છે. પથારીવશ છે એટલે એનો ઘણો સમય તો મમ્મી-પપ્પા પાસે વાર્તા સાંભળવામાં વીતે છે. કોઈ પાસેથી સાંભળેલી વાર્તા, છાપેલી વાર્તા, ભૂતની વાર્તા, ડાકુ ને પોલીસની વાર્તા, હસવાની કે પરાક્રમની કથા, દેશવિદેશની પરીકથા, ઉપકથા, એમ લગભગ બધી જ જાતની વાર્તાઓ આ ત્રણેક વર્ષમાં એણે સાંભળી લીધી હતી. ઓછામાં ઓછી હજારેક તો ખરી જ. આજકાલ વદનબાબુ એને રોજ રાતે સૂતા પહેલાં એક નવી વાર્તા કહેતા હતા જે એમણે કર્ઝનપાર્કમાં બેસીને જ બનાવેલી હતી.

પણ છેલ્લા એકાદ મહિનાથી આ નિયમનો અનેક વાર ભંગ થયો છે. જે કેટલીક વાર્તા વદનબાબુએ બિલટુને કરી તે ખાસ જામી નથી એ તો બિલટુનું મોં જોતાં જ સમજાઈ જાય છે. અને એમ જ થાયને? એક તો ઑફિસના કામનો ભાર, એમાં પાછું એમની નિત્યની આરામની જગ્યા સાથે વિચારવાની તક પણ જતી રહી હતી.

કર્ઝનપાર્ક છોડયા પછી વદનબાબુ કેટલાક દિવસ લાલદીઘીને કાંઠે જઈને બેસતા. પરંતુ ત્યાં બહુ ગોઠયું નહિ. પેલી ટેલિફોનખાતાની ભીમકાય ઇમારતે આકાશનો ઘણો ભાગ ઢાંકી દઈને બધી મઝા મારી નાખી હતી. તેમાં વળી એ લાલદીઘીના મેદાનમાં યે ટ્રામનો માર્ગ નખાયો; એટલે હવે તો વિશ્રામ માટે એમને નવી જગ્યા જ શોધવી રહી.

આજ વદનબાબુ ગંગાધારે આવી ચડયા છે. આઉટ્રામ-ઘાટની દક્ષિણે રેલલાઇનની ધારેધારે પાએક માઈલ દૂર આ સ્થળે થોડા બાંકડા છે. સામે દેખાય છે તે તોપનો કિલ્લો. લોખંડના સળિયાને માથે હજીય બોલ જડાએલા છે, જાણે વાંસની સળી પર બરફના ગોળા!

વદનબાબુને પોતાના શાળાજીવનના દિવસોની યાદ આવી ગઈ. બપોરે એક વાગે કે ધડામ કરતી તોપ ફૂટતી અને જમવા જવાની રજા પડતી. હેડમાસ્તર હરિનાથબાબુ એ જ વખતે પોતાના ખિસ્સામાંથી ઘડિયાળ કાઢીને તેનો ટાઈમ મેળવતા.

આ જગ્યા યે સાવ નિર્જન તો ન જ કહેવાય. સામે જ નદીકાંઠે હારબંધ અનેક નૌકાઓ બાંધેલી હતી. તેમાં બેઠાબેઠા વાતોના ગપાટા મારતા માંઝી-મલ્લાહોનો અવાજ પણ અહીં આછોઆછો સંભળાતો હતો. દૂર ભૂખરા રંગનું એક જાપાની જહાજ નાંગરેલું પડયું હતું, અને એથી યે દૂર ખિદિરપુર ભણી સંધ્યાના આકાશને આંબીને ઊભી હતી ઊંટડાઓની હાર. સ્ટીમરના ધુમાડાની પાછળ ઝાંખોઝાંખો દેખાતો હતો શુક્રતારક.

સરસ સ્થાન હતું આ. બેસવા માટે બાંકડા પણ હતા. વદનબાબુના મનમાં થયું કે જાણે ઘણા દિવસોથી એમણે આટલું બધું આકાશ એકસાથે જોયું જ નહોતું. અહાહા! કેટલું વિશાળ! આટલી વિશાળતા ન હોય તો કલ્પનાનું પંખી પાંખો ફેલાવીને શી રીતે ઊડી શકે?

વદનબાબુએ પગમાંથી કૅનવાસના જોડા કાઢયા અને ઉઘાડા પગ ઉપર લઈ બાંકડા પર પલાંઠી મારી બેઠા. આજ તો તેઓ એક જ નહિ ઘણી બધી વાર્તાઓનો પ્લૉટ ગોઠવશે. અહીં બેઠાંબેઠાં આટલા દિવસની કમી આજે પૂરી કરશે. એમની આંખો સામે બિલટુનું ખુશખુશાલ મુખ તરી આવ્યું.

'નમસ્કાર!'

હત્તારી! અહીં પણ મુસીબત!?

વદનબાબુએ ફરીને જોયું એક દુબળો-પાતળો માણસ. પચાસેક વર્ષનો હશે. કથ્થાઈ કોટ-પેન્ટ પહેરેલો. ખભા પર શણનો બગલથેલો. સંધ્યાના ઝાંખા પ્રકાશમાં મોં તો બરાબર દેખાતું નહોતું, પણ એની નજર જાણે અસ્વાભાવિક તીક્ષ્ણ લાગતી હતી. અને ગળામાં આ શું? સ્ટેથોસ્કોપ જેવું કંઇક લાગે છે. એ ભદ્રજનની છાતી પર એવું જ કંઈક લટકતું હતું. આગંતુક મૃદુ હસીને બોલ્યા: 'ડિસ્ટર્બ તો કર્યા નથી ને? માફ કરજો, પણ આપને પહેલાં અહીં કદી જોયા નહોતા, તેથી.'

વદનબાબુ અત્યંત વિરક્ત થયા. મનમાં કહે, મજાનો એકાંતમાં બેઠો હતો એમાં આ વળી શું કામ સામે ચાલીને બોલવા આવતો હશે! બધું જ ધૂળમાં મેળવી દીધું. હવે બિચારા બિલટુને શું કહેશે? પણ મોંએથી કહ્યું: 'પહેલાં ક્યારેય નહોતો આવ્યો એટલે જ નથી જોયો. આટલા મોટા શહેરમાં દીઠા કરતાં અણદીઠા લોકોની સંખ્યા જ તો મોટી હશેને?'

આગંતુક વદનબાબુના શ્લેષને અવગણી બોલ્યા, 'હું ચાર વર્ષથી અહીં નિયમિત આવું છું. બરાબર અહીં આ એક જ જગ્યાએ, આ જ બાંકડા પર. આ મારા એક્સ્પેરીમેન્ટની જગ્યા છે ને એટલે!'

એક્સ્પેરીમેન્ટ? ગંગાકાંઠે ખુલ્લા મેદાનમાં વળી એક્સ્પેરીમેન્ટ શાનો? આદમી જરાક છૂ તો નથી ને? વદનબાબુના મનમાં થયું, અથવા કંઈક બીજું જ હોય! ગુંડોબુંડો હોય તો! કલકત્તા શહેર, એટલે કંઈ કહેવાય નહિ.

સર્વનાશ! વદનબાબુને આજે જ પગાર મળ્યો હતો. રૂમાલમાં બાંધીને સોસોની બે કડકડતી નવી નકોર નોટો એમણે કમરે ઓટીમાં ભરાવી હતી. તે સિવાય ખિસ્સામાં પાકીટમાં નોટ અને પરચૂરણ મળી પંચાવન રૂપિયા બત્રીસ નવા પૈસા પણ હતા. વદનબાબુ ઊભા થઈ ગયા. ચેતતા નર સદા સુખી.

'આ શું મહાશય! ચાલ્યા? ગુસ્સો આવ્યો છે?'

'ના, ના!'

'તો? હમણાં તો આવીને બેઠા. એટલામાં શું ઊઠયા?' વાત પણ ખરી. તેઓ આમ નાદાની કેમ કરતા હતા? શાનો ડર હતો? ત્રીસ ગજ દૂર સામે હોડીમાં નહિનહિ તોય સોએક માણસો હતા. છતાં વદનબાબુ બોલ્યા, 'જાઉં, મોડું થાય છે.'

'મોડું? હજી તો સાડા પાંચ જ થયા છે.'

'ઘણો લાંબો પંથ કાપવાનો છે. છેક બાગબજાર જવું છે.'

'અરે રામ, રામ! શ્રીરામપુર કે ચુંચૅડા–અથવા તો છેક દક્ષિણેશ્વર કહ્યું હોત તો એ કંઈક દૂર ખરાં, પણ બાગબજાર તો આ રહ્યું.'

'તે આ યે શું કમ છે? ટ્રામમાં જાઓ તોય પાકી ચાળીસ મિનિટ લાગે. અને તેમાં યે પાછું મારે દસ મિનિટનું ચાલવાનું તો છે જ.'

'એ તો બરાબર.' કહી આગંતુક અચાનક ગંભીર થઈ ગયા. એ પછી બબડ્યા: 'ચાળીસ પ્લસ દસ—પચાસ.' પછી કહે, 'હું છે ને, મિનિટ–કલાકના હિસાબથી બહુ ટેવાએલો નથી. અમારે છે ને... બેસોને. જરાક વાર બેસો પછી જજો.'

વદનબાબુ બેસી ગયા. આગંતુકના અવાજ અને નજરમાં કોણ જાણે એવું શું યે હતું કે વદનબાબુ તેનો અનુરોધ ઉવેખી શક્યા નહિ, મનોમન વિચાર્યું, આને જ કહેતા હશે હિપ્નોટિઝમ.

આગંતુક બોલ્યા : 'હું જેને તેને તો મારી પાસે બેસવાનું કહેતો નથી. તમને જોઈને મને થયું કે તમે લાગણીપ્રધાન ભાવુક છો. તમે કેવળ રૂપિયા–આના–પાઈના હિસાબ ગણતાગણતા પૃથ્વી પર જીવતા નથી લાગતા. નવાણું પૉઈન્ટ નાઇન લોકો તો એ પ્રકારના જ હોય છે. કેમ બરાબર કહું છું ને?'

વદનબાબુ ગલ્લાંતલ્લાં કરતા બોલ્યા, 'જી. એટલે...'

'તમે તો પાછા વિનયી પણ છો. એ જ સારું છે. મને પણ કોઈ મોટાઈ દેખાડે એ ગમતું નથી. જો કે પોતાની વડાઈ દેખાડવી હોય તો એ કામ પણ મારાથી વધુ કોઈ જ નહિ કરી શકે.'

આગંતુક અટક્યા. એ પછી ગળામાં ભેરવેલી પેલી નળી કાઢી તેને બેંચ પર મૂકી બોલ્યા, 'ડર લાગે! અંધારામાં અસાવધાનીથી સ્વિચ પર હાથ પડી જાય તો મુસીબત.'

વદનબાબુની જીભને ટેરવે એક પ્રશ્ન સળવળી રહ્યો હતો. એકદમ પૂછી નાખ્યું, 'આ શું સ્ટેથોસ્કોપ છે કે બીજું કંઈ?'

એ સજ્જને એમના પ્રશ્નને સંપૂર્ણપણે અવગણીને જવાબના બદલે એક અસંબદ્ધ પ્રશ્ન કર્યો, 'તમે શું કંઈ લખો છો?'

'લખું છું એટલે? વાર્તા વગેરે?'

'ગમે તે. વાત એમ છે કે, મારાથી એ જ નથી બનતું. નહિ તો આટલી બધી કીર્તિ, આટલી અભિજ્ઞતા, અનુભવ, આટલી શોધ–ગવેષણા, આ બધું ભવિષ્ય માટે લખી જાત તો કેટલું સારું થાત!'

અભિજ્ઞતા? ગવેષણા? આ સાળો શું બોલતો હતો? પણ ત્યાં તો વળી તેણે પૂછ્યું. 'પર્યટક – મુસાફર કેટલી જાતના જોયા છે?'

માળાના પ્રશ્નને સાચે જ કંઈ મોંમાથું નહોતું. પર્યટક એક પણ જોવાનું સૌભાગ્ય કેટલા જણને મળતું હશે? વદનબાબુ બોલ્યા, 'પર્યટક એક કરતાં વધુ જાતના હોય એ ય મને તો ખબર નહોતી.'

'એ શું! ત્રણ જાતના તો કોઈ પણ કહી શકે. જળચર, સ્થળચર અને વ્યોમચર(ખેચર). પ્રથમ જાતના વાસ્કો-ડા-ગામા, કૅપ્ટન સ્કૉટ, કોલંબસ વગેરે. સ્થળમાં હ્યુ એન સંગ, મંગોપાર્ક, લિવિંગ્સ્ટન વગેરે. એમાં આપણા ગ્લૉબ ટ્રોટર ઉમેશ ભટ્ટાચાર્ય પણ ખરા. અને વ્યોમચર, જેવા કે, પ્રોફેસર પિકાર્ડ, જેઓ બલૂનમાં પચાસ હજાર ફૂટ ઉપર ઊડ્યા હતા, અને પેલો રશિયન છોકરો ગાગારિન. જો કે એ બધા તો તદ્દન મામૂલી. હું જે જાતના પર્યટકની વાત કરું છું એ જળમાં નહિ, સ્થળમાં નહિ, આકાશમાં પણ નહિ પણ કાળમાં વિચરનારા.'

'એટલે?' વદનબાબુ આશ્ચર્યથી જોઈ રહ્યા.

'કાળમાં ઘૂમવું–ફરવું. અતીતમાં આંટો મારવો. આવતી કાલમાં સફર કરવી. ઇચ્છા પ્રમાણે ભૂત અને ભવિષ્યમાં વિચરવું. વર્તમાનમાં તો છીએ જ, તેથી એના વિષે ઝાઝી માથાફોડ નથી કરતો.'

આટલી વારે વદનબાબુને બરાબર વાત સમજાઈ. બોલ્યા, 'એચ. જી. વેલ્સના વાત કરો છો ને? ટાઈમ-મશીનની? એ પેલી સાઇકલ જેવી એક વસ્તુ પર ચડી એક હૅંડલ ખેંચો એટલે ભૂતકાળમાં, અને બીજું ખેંચો એટલે ભવિષ્યમાં ચાલ્યા જવાય. એ વાર્તાનું એક વિલાયતી પિક્ચર પણ ઊતર્યું હતુંને?'

સજ્જન જરાક તુચ્છકારભર્યું હસીને બોલ્યા, 'એ તો વાર્તા. હું તો સત્ય ઘટનાની વાત કરું છું. મારી પોતાની વાત. મારી અભિજ્ઞતાની, મારા મશીનની. કોઈ ગોરા લેખકના મનના તુક્કાની વાત નથી કરતો.'

ક્યાંક જાણે સ્ટીમરનું ભૂંગળું બજી ઊઠ્યું. વદનબાબુ થોડા ચમક્યા અને બંને હાથ શાલમાં ઘાલી જરાક સંકોચાઇને બેઠા. થોડી વાર પછી હોડીઓની બત્તીઓ સિવાય હવે કશું જ દેખાશે નહિ. ઘેરાતા અંધકારમાં ફરી એક વાર આગંતુકના મોં ભણી તાકીને જોયું. સંધ્યાનો શેષ રંગ એની આંખમાં ચળકતો હતો.

આગંતુક આકાશ ભણી તાકીને થોડી વાર ચૂપચાપ બેસી રહ્યા. પછી બોલ્યા, 'હસવું આવે. ત્રણસો વર્ષ પહેલાં અહીં બરાબર આ બાંકડાની જગ્યાએ એક મગર અને તેના માથા પર એક બગલો બંને તડકો ખાતા બેઠા હતા. પેલી ઘાસ ભરેલી હોડી છે ત્યાં એક સઢવાળા વલંદા જહાજના તૂતક પરથી એક નાવિકે મગર ભણી બંદૂક તાકી, અને એક ગોળીમાં જ મગર ખલાસ. બગલો ઝટપટ ઊડીને નાસવા જતો હતો ત્યાં એનું એક પીંછું ખરીને મારા પગ પાસે પડ્યું. આ જુઓ એ પીંછું.'

આગંતુકે થેલીમાંથી એક દૂધ જેવું ધોળું પીંછું બહાર કાઢી વદનબાબુના હાથમાં મૂક્યું.

'આ લાલ ટપકાં શાનાં છે?' વદનબાબુનો અવાજ ભારે થઈ ગયો.

'મગરના લોહીના છાંટા. ઊડીને બગલા પર પડ્યા હતા!'

વદનબાબુએ પીંછું પાછું આપ્યું.

આગંતુકની આંખનો પ્રકાશ અદૃશ્ય થવા માંડ્યો. ગંગાના સ્રોતમાં વહી જતાં હતાં એ કમલ-પાન હવે બિલકુલ દેખાતાં બંધ થઈ ગયાં હતાં. જળ, જમીન, આકાશ બધું જ ધૂંધળું બની એકાકાર થઈ જવા આવ્યું હતું.

'ખબર પડે છે આ શું છે?' આગંતુકે પૂછ્યું. વદનબાબુએ તેણે આપેલી ચીજ હાથમાં લઈ જોઈ લોખંડની એક નાનકડી ત્રિકોણાકાર અને અણીદાર એ કંઈક નવતર વસ્તુ હતી.

આગંતુક બોલ્યા, 'બે હજાર વર્ષ પહેલાં, નદીની વચ્ચોવચ, આ બોયું છે ત્યાંથી ફૂલની સુંદર ભાતવાળો સઢ ફરફરાવતું એક મકર-મુખી જહાજ સમુદ્ર ભણી જઈ રહ્યું છે. કોઈ સોદાગરી–વ્યાપારી જહાજ લાગે છે. વાયરો વીંધતું એ બલિદ્વીપ-ફલિદ્વીપ ક્યાંક વ્યાપાર માટે જાય છે. તેનાં બત્રીસ હલેસાંનો છબછબાટ સંભળાય છે મને અહીં બેઠાં.'

'તમને સંભળાય છે?'

'હા જ તો, મને નહિ તો કોને? અહીં જ, બરાબર આ બાંકડાની જગ્યાએ, એક વડલા પાસે સંતાયો છું હું.'

'સંતાયા છો? શા માટે?'

'ન છૂટકે જ તો. આટલી વિપદ-સંકુલ જગ્યા હશે એ તો મને ખબર જ નહોતી. ઇતિહાસનાં પાનાં પર આ બધું તો લખાયેલું નથી.'

'વાઘબાઘની વાત કરો છો?'

'વાઘથી યે વધુ, માણસ. મારી કમર સુધી ઊંચો, ચપટા નાકવાળો કાળોભૂસ વન–માનવ, કાનમાં કડી, નાકમાં વાળી, બદન પર છૂંદણાં, હાથમાં ધનુષ અને તીર. અને એ તીરનું ફળું પણ ઝેરી લાગે છે.'

'શું કહો છો?'

'સાચું કહું છું. એક અક્ષરે ખોટો નથી.' 'તમે જોયું?'


'સાંભળો તો ખરા. વૈશાખ માસ. ઝંઝાવાત જાગ્યો, આદિમ

(અનુસંધાન પૃષ્ઠ ૪૫)

‘વિનોદની નજરે’ **બચુભાઈ રાવત**

લેખક
વિનોદ ભટ્ટ

કૅરિકેચર
‘ચકોર’



▷ ‘કુમાર’ના ઘડવૈયા. આ માસ ફેબ્રુઆરીની ૨૭મી તારીખે એમની ૮૪મી જન્મ-જયંતી આવે છે.

સ્વ. શ્રી બચુભાઈને છેલ્લે હું ગયા વર્ષની ત્રીજી જૂને મળેલો. સૂતાસૂતા તેઓ ‘કુમાર’નાં પ્રૂફ્સ વાંચતા હતા. એકાદ કલાક હું બેઠો હોઈશ. ઘણી વાતો થઈ. ઊઠવા માંડયો તો બોલ્યા : ‘બેસોને, જવાય છે...’

‘ફરી નિરાંતે આવીશ...’ કહી હું ઊભો થયો.

‘ભલે, પણ આવતા રહેજો... આવજો...’

આ અમારી વચ્ચેનો આખરી સંવાદ.

ફરી મળવાનું ના થયું. ૧૨ જુલાઈ, શનિવારે સવારે કુમાર કાર્યાલયમાંથી ફોન મળ્યો : ‘બચુભાઈ ગુજરી ગયા.’

‘નેપથ્ય’ પર ગયો ત્યારે મોટા રૂમમાં બચુભાઈ સૂતા હતા. સૂરવાલ, લૅાંગ કોટ; માથે ટોપી:પણ ખરી. કદાચ પહેલી જ વખત તેમના હાથમાં ‘કુમાર’નાં પ્રૂફ્સ નહોતાં. આમ નિષ્ક્રિય સૂઈ રહેવાનું તેમને નહીં જ ગમ્યું હોય !

અંતિમ વિધિ માટે તેમને સપ્તર્ષિના આરે લઈ જવાયા. અગ્નિદાહ દેવાયો. આગના ધુમાડા સાથે નિષ્ઠા પણ ઉપર જતી હતી. લઘુ-ગુરુ–લાલા લલગા લગાગા લગાગા ને એ બધું હવામાં ઓગળી રહ્યું હતું. આવતી કાલના યુવાનોના ભાવિની ચિંતા કરનાર બચુભાઈ પોતે જ અત્યારે ભૂતકાળ બની રહ્યા હતા...

બચુભાઈને પહેલી વાર કદાચ રાયપુર ચકલામાં મળેલો. ગુણવંત શાહ મારી સાથે હતા. તેમણે બચુભાઈ સાથે મારો પરિચય કરાવ્યો. બચુભાઈએ કહેવા ખાતર જ (કે પછી રમૂજમાં) કહ્યું હશે : ‘કુમાર’ને લાયક કંઈક લખાય તો મોકલજો...’ ને જાણે આવા કોઈ આમંત્રણની રાહ જોતો હોઉં તેમ બીજે જ અઠવાડિયે વૈતાળ–કથાઓ સાથે હું ‘કુમાર’ પર ત્રાટકી પડયો.

પણ તેમનો વિશેષ પરિચય તો ‘વિનોદની નજરે’ લેખમાળાને કારણે થયો. આ લેખમાળાને લીધે તેમના પર બહુ વીતી હતી. લાભશંકર ઠાકર પરનો લેખ ‘કુમાર’માં છપાયો ત્યારથી પૂરા દસ દિવસ સુધી લાભશંકરની નોટિસની ટપાલમાં તે રાહ જોતા. જો કે લાભશંકરે તેમને નિરાશ કર્યા. (લાભશંકરની આ જ ખૂબી છે.) બીજા એક મહાનુભાવ પરનો લેખ પ્રગટ કરવા બદલ બચુભાઈને ફોન પર ધમકી મળેલી : ‘તમને જોઈ લઈશ. તમારી વિરુદ્ધ છાપામાં લેખો લખાવીશ.’ વગેરે. એક જણે સંદેશો પાઠવ્યો : ‘આ બધું બંધ કરી દો.’

પણ આ બધાની તેમના પર ખાસ અસર થએલી નહિ. તેમની હિંમતને દાદ દેવી પડે. એંસી–એકયાસી વરસની ઉંમરનો માણસ સામાન્ય રીતે સમાધાન કેળવે ત્યારે એ ઉંમરે બચુભાઈ તો પોતાના સ્વાસ્થ્યની ઉપરવટ કામ કરતા. તેમની નિખાલસતા પણ ગમી જાય એવી. કોઈ વાત તે ના જાણતા હોય તો બેધડકપણે સ્વીકારી લે. લાભશંકર પરના લેખમાં મેં ‘કસાટા’નો ઉલ્લેખ કરેલો એ વાંચીને તેમણે મને આશ્ચર્યથી પૂછેલું : ‘આ ‘કસાટા’ શું છે?’

‘એક પ્રકારના આઈસ્ક્રીમનું નામ છે.’ મેં જણાવેલું.

‘એમ ?’ તેમણે તરત જ કહેલું : ‘મને તેની ખબર નો’તી, હોં !’

પોતાની ભૂલ છે એવું ક્યારેક જણાય તો માફી માગવાનું ય ના ચૂકે. નિરંજન ભગત પરના મારા લેખની હસ્તપ્રત વાંચીને તે બોલ્યા: ‘બહુ જામતો નથી...પણ રાખી લઉં છું.’

બીજે દિવસે મારા પર તેમનો પત્ર આવ્યો : ‘ભાઈ વિનોદ, ગઈ કાલે તમને મેં કહેલું કે નિરંજન પરના લેખમાં બહુ દમ નથી. પણ પછી મેં તે ફરીથી વાંચ્યો. લેખ ખરેખર સારો થયો છે. ઉતાવળે અભિપ્રાય આપવામાં મારી ભૂલ થઈ ગઈ. ક્ષમા કરશો.’

‘કુમાર’ માટે લેખ આપીએ એટલે રસપૂર્વક રજેરજ વાંચે. લીટીએ લીટી ચકાસે, એટલું જ નહિ; બે લીટીની વચ્ચે—બીટવીન ધ લાઈન્સ—કંઈ જણાય તો તે પણ તપાસે. કોઈ મુદ્દો સ્પષ્ટ ના જણાય ત્યાં પેન્સિલથી લીટી કરે, પૂછે. એક વખત ગમ્મત થએલી. ખરાબ અક્ષર માટેના ગાંધીજીના ગર્વનું ય ખંડન કરે એવા મારા અક્ષર છે. ગાંધીજીના અક્ષર તો મહાદેવભાઈ કે કાકા કાલેલકર વાંચી શકતા’તા. જ્યારે મારા અક્ષર ઉકેલવામાં તો ઘણી વાર ખુદ મને ય આપદા પડે છે. મારા લેખમાંનો એક શબ્દ બચુભાઈને ઊકલ્યો નહિ. એ શબ્દની સ્પષ્ટતા માટે મને બોલાવરાવ્યો. પૂછ્યું : ‘આ કયો શબ્દ છે?’ ‘સ્પષ્ટતા’ મેં સ્પષ્ટતા કરતાં જણાવ્યું એટલે તે બોખા મોઢે પણ બાળક જેવું ખડખડ હસવા માંડયા. પછી ગુજરાતી સાહિત્યમાં કયા કયા સાક્ષરોના અક્ષરો સારા નથી એની એમણે વાતો કરી. કોઈ લેખકની વાત કરીએ ત્યારે એ લેખક વિષેની બે–ચાર એવી તો ‘એક્સ્ક્લુઝિવ’ વાત તેઓ કરે કે આપણે દિંગ થઈ જઈએ. એક વાર તેમની સામે બેસીને હું ‘પરબ’ સામયિકનાં પાનાં ઉથલાવતો હતો. ‘એક મિનિટ’ કહી મારા હાથમાંથી ‘પરબ’ લઈ તેનું એક પાનું મારી સામે ધરતાં તેમણે પૂછ્યું : ‘આ રમૂજ વાંચી?’ ‘કઈ રમૂજ?’ મેં સામે પૂછ્યું, કેમ કે મને તેમના કહેવાનો મર્મ સમજાયો નહિ. એ પાના પર સાહિત્ય પરિષદના મકાન-ભંડોળ માટે જે દાતાઓએ દાન આપેલાં એ દાતાઓનાં નામ સાથે દાનની રકમ લખી હતી. એક લેખકના નામ સાથે રૂા. ૫૦૧/–ની રકમ બતાવી તે બોલ્યા : ‘મારી દૃષ્ટિએ આ મોટામાં મોટી ‘જોક’ છે!’

'કેવી રીતે?' મેં કુતૂહલથી પૂછ્યું એટલે તેમણે એ લેખકનો પ્રસંગ વર્ણવ્યો : આ લેખકને 'કુમાર-ચન્દ્રક' આપવાનું નક્કી થયું. તેથી મેં તેને પત્ર લખ્યો કે 'તમને 'કુમાર-ચંદ્રક' પ્રાપ્ત થાય છે. તમારો એક ફોટોગ્રાફ મોકલી આપો જે 'કુમાર'ના આવતા અંકમાં પ્રકટ કરીશું.' પછી એ લેખકે મારી પાસે આવીને કહ્યું : 'મારી પાસે મારો ફોટો નથી.' 'ના હોય તો પડાવી લો.' મેં કહ્યું, 'સારંગપુરમાં જ એક સ્ટૂડિયો છે. 'કુમાર'નું નામ દેજો. જલ્દી પાડી આપશે.'

ત્રણ-ચાર દિવસ બાદ લેખકે ફોટાનું કવર મને આપતાં કહ્યું : 'પેલા દુષ્ટ ફોટોગ્રાફરે તો ફોટો પાડવાના પૈસા માગ્યા.'

'એ લોકો એવું જ કરતા હોય છે. ફોટો પાડે એટલે પૈસા માગે.'

'તો એ પૈસા મારે આપવાના?' એ લેખકે મને પૂછ્યું. આ સાંભળીને હું તો ડઘાઈ જ ગયો. બિલ ફક્ત બે જ રૂપિયાનું હતું. આ લેખકે પાંચસો એક રૂપિયા પરિષદના મકાન-ભંડોળ માટે આપ્યા છે એવું જણાવીને કોઇકે ટીખળ તો નહિ કરી હોય!

પ્રકૃતિએ ગંભીર હોવા છતાં બચુભાઈને હસતાં ય આવડે. કોઈ વાર મજાક પણ કરે. એક લેખક 'કુમાર' પર અવલોકનાર્થે આવેલાં પુસ્તકો લઈ ગયો; આ પુસ્તકો વાંચીને 'કુમાર'માં પોતે તેનો 'રીવ્યૂ' કરશે એવી કબૂલાત સાથે. પણ પછી તો દસેક મહિના સુધી લેખકે રીવ્યૂ કે પુસ્તકો કશું જ આપ્યું નહિ. પુસ્તકોને લઈ ગયે બરાબર એક વરસ વીત્યું એટલે એ લેખકને બચુભાઇએ પત્ર લખ્યો : 'તમે ગયે વર્ષે આ જ તારીખે કુમાર કાર્યાલયમાંથી રીવ્યૂ અર્થે જે પુસ્તકો લઈ ગયા હતા તેને આજે એક વર્ષ પૂરું થયું છે. આપણે તેની વર્ષગાંઠ ઊજવવી છે તો એ પુસ્તકો સાથે તમે વર્ષગાંઠ નિમિત્તે ઉપસ્થિત રહેશો.'

'કુમાર'ના એક અંકમાં કોઈ વાચકે લખેલું : 'ડિસેમ્બર અંકમાં 'મારી માન્યતા' હેઠળ ચોથા સવાલના જવાબમાં 'કૉમ્પોઝિટર્સ'ની આપણે ત્યાં ખોટ છે એવો ઉલ્લેખ છે. આપણે ત્યાં કૉમ્પોઝિટર્સ બીબાં ગોઠવનારાઓની તો વિપુલતા છે. હા, ખોટ છે કૉમ્પોઝર્સની—મૌલિક સંગીતના સર્જકોની.' જેના જવાબમાં બચુભાઇએ તંત્રીનોંધમાં લખ્યું : 'અમારા બીબાં ગોઠવનારાઓએ પોતાના વ્યવસાયના ગૌરવ અર્થે કદાચ આમ કર્યું હશે?!'

એ જ પ્રમાણે આદિલ મન્સૂરી પર લખાએલો મારો લેખ વાંચીને એક વાચક બહેને પત્ર લખેલો : 'આદિલ મન્સૂરી વિષે લખાએલી વાતો બરાબર નથી. આદિલ પહેલા જેવા હવે નથી રહ્યા. તે સુધરી ગયા છે. 'આદિલ સુધરી ગયા છે' એ વાક્ય પર ફૂદડી મૂકીને બચુભાઈએ પ્રત્યુત્તર વાળેલો : 'આ શુભ સમાચારની અમને, વિનોદને કે ખુદ આદિલને પણ ખબર નથી. અમે તેમને પહોંચાડીશું.'

પણ તે થોડા આળા હૃદયના યે ખરા. પોતાના પરની રમૂજથી ક્યારેક નારાજ પણ થઈ જાય. તેમની આંખે મોતિયાની તકલીફ હતી. એવામાં તંત્રીનોંધમાં તેમણે સૂચના આપેલી. 'લેખક મિત્રોને વિનંતી કે મારી આંખે મોતિયો આવ્યો છે એટલે તેમણે પોતાની કૃતિઓ ભૂરા કે લાલ કાગળને બદલે સફેદ કાગળમાં, મોટા ને સુવાચ્ય અક્ષરે લખીને મોકલવી.' આની ગમ્મત કરતાં વાચકોના પત્રોમાં એક વાચકે લખ્યું : 'બચુભાઈ, તમને જ નહિ, 'કુમાર'ને પણ આંખે મોતિયો આવ્યો લાગે છે કે જેને વિનોદ ભટ્ટ અને સુકન્યા ઝવેરી સિવાય બીજા લેખકો દેખાતા જ નથી!'

આ પત્ર સામે નારાજગી દર્શાવતી નોંધ તેમણે લખી હતી. અલબત્ત, ભાષા તેમણે સૌમ્ય વાપરેલી.

બચુભાઈની શોકસભામાં લેફ્ટેનન્ટ કર્નલ બળવંત ભટ્ટે આ પ્રસંગ કહેલો; બચુભાઇને જાડી સેવ બહુ ભાવે. ફર્નાન્ડિઝ પુલ નીચે ચવાણાની એક દુકાન, જ્યાંની જાડી સેવ બહુ વખણાય. દસ-પંદર દિવસે બચુભાઈનો આંટો એ દુકાને હોય. એ દુકાનની માલિકણ બાઈ થડા પર બેસે. તે કદમાં બહુ જ ભારે. જતાં-આવતાં ટાબરિયાં તેને જાડી...જાડી કહીને ખીજવે. બચુભાઇને આની ખબર.

'મને પાંચસો ગ્રામ સેવ આપો...' બચુભાઇએ એ બહેનને કહ્યું. જાડી ને ઝીણી બન્ને પ્રકારની સેવ દુકાનમાં હોય એટલે એ બહેને પૂછ્યું :

'કેવી આપું?' 'મોટી...' બચુભાઈ બોલ્યા.

પોતાના વર્તનથી કોઈ દુભાય નહિ એની તે ખાસ કાળજી રાખતા. હાર્ટ ઍટેકમાંથી તાજા જ ઊઠેલા શિવ પંડ્યા બચુભાઇને મળવા ગએલા. બચુભાઇને ખબર નહોતી કે શિવભાઈ પર હાર્ટ ઍટેકનો ભારે હુમલો આવી ગયો છે. બીજે દિવસે વાત નીકળતાં બચુભાઇએ જણાવ્યું કે 'ગઈ કાલે શિવભાઈ ઘેર આવેલા...'

'શિવભાઇએ બહાર નીકળવાનું શરૂ કરી દીધું?' મેં પૂછ્યું.

'એટલે?'

'તેમને તો જબ્બર હાર્ટ-ઍટેક આવી ગએલો...' મેં જણાવ્યું.

'શી વાત કરો છો! મને તો તેની ખબર જ નથી. મેં તેમની સાથે મારી જ વાતો કર્યા કરી ને તેમની તબિયત બાબત તો પૂછ્યું સુદ્ધાં નહિ! આ તો ભારે અવિવેક કહેવાય.' કહી મારી આંખ સામે જ તેમણે શિવભાઈને કાગળ લખી નાખ્યો.

ઉમાશંકરભાઇએ તેમને સાચા જ અર્થમાં ભારતમાં ભૂલા પડેલા અંગ્રેજ કહ્યા છે. જો બચુભાઈનું ચાલે તો સ્વર્ગમાંથી ય પોતાને કાંધ આપનારાઓને પડેલ કષ્ટ બદલ માફી માગતા પત્ર લખે એવા એ હતા.

(તા. ૧૮-૭-'૮૦ના રોજ સાહિત્ય પરિષદ દ્વારા ભરાએલી બચુભાઈની શોકસભામાં વંચાએલો લેખ—સાધારણ સુધારાવધારા સાથે.)

શતરંજના કોયડા

કોયડા નં. ૧૧નો ઉકેલ

સ્થિતિ : k1N5/P2p4/4p3/2p5/7-b/16/6QK.

કોયડો : સફેદે રમવાનું અને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું.

Try : 1 Q–N1? (ધમકી 2 Q–N8 mate) B–N6!

ચાવી : 1 Q–N7! (ધમકી 2Q×P અને 3Q–B6 mate)

વિકલ્પ : મુખ્ય થીમેટિક (thematic) 1..., B–K2; 2 Q–QN2 (ધમકી 3Q–N8 mate), B–Q3, 3 Q–Q2 mate.

1 ..., K–N2; 2 Q×Pcb, K–R1; 3Q–B0 mate.

..., K–R3; 3 P–R8 (=Q કે R) mate

થીમેટિક વિકલ્પમાં ઊંટને ધમકીમાંથી બચાવવા માટે Q3 પર લાવવામાં આવે છે. હવે તે Q2 પરના કાળા પ્યાદાને Q4 પર જઈ Q–KN2 પરથી સફેદ વજીરના શેહને અટકાવવામાં આડે આવે છે. જે રીતે કાળા ઊંટને પહેલાં K2 અને પછી Q3 પર લાવવામાં આવે છે તે સુંદર છે. 1Q–N1? સિવાય બીજી try કોયડામાં છે, પણ થીમ સાથે સંબદ્ધ ટ્રાય 1Q–N1? અગત્યની છે.

૬૦ વર્ષ જૂના આ કોયડાના રચનાર J. Moller છે.

ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલા ગુણ.

(૧) એ. એમ. ઝાલાવાડિયા, શારદાગ્રામ-૧૦
(૨) ધીરુભા ગોહિલ, વડપંચાસર-૧૦
(૩) હરેશચંદ્ર દવે, સિદ્ધપુર-૮
(૪) પ્રદીપ પંડ્યા, નડિયાદ-૮
(૫) લક્ષ્મણ કુરસીની, અમદાવાદ-૦
(૬) જે. પી. પંડ્યા, સાવરકુંડલા-૦

ટાપુઓ તેના જન્મ જીવન અને પ્રકાર

લેખક · વિજયગુપ્ત મૌર્ય

ગંગા અને સમુદ્રના સંગમ પાસે બંગાળના ઉપસાગરમાં બે વિશાળ ટાપુઓ ઊપસી આવ્યા છે. બંગલાદેશે તેની ઉપર દાવો કર્યો છે, પરંતુ ભારત સરકારે જણાવી દીધું છે કે આ ટાપુઓ અમારી હદમાં છે તેથી અમારી માલિકીના છે.

આ બે વિશાળ ટાપુઓ ક્યાંથી ફૂટી નીકળ્યા ? આપણે આપણા દેશના તથા દુનિયાના બીજા ટાપુઓના જન્મ, જીવન અને પ્રકાર વિષે પરિચિત થઈએ. ભૂગોળવિજ્ઞાનની ટાપુની વ્યાખ્યા કહે છે કે જે કોઈ ભૂમિપ્રદેશ બધી બાજુએથી પાણી વડે ઘેરાયેલો હોય અને ખંડથી નાનો હોય તે ટાપુ અથવા દ્વીપ કહેવાય, ટાપુઓનો સમૂહ દ્વીપસમૂહ **(Archipelago)**. ટાપુના બે પ્રકાર છે: ખંડીય અને સામુદ્રિક. ખંડીય ટાપુઓ કાંઠાથી બહુ દૂર નથી હોતા. તેઓ ખંડીય છાજલી **(Continental shelf)**ના ભાગ હોય છે, પણ સમુદ્રની સપાટીથી ઊંચા હોવાથી ટાપુ રૂપે અસ્તિત્વ ધરાવે છે. જો તેઓ સમુદ્રની સપાટીથી નીચા અને એથી દેખી ન શકાવાથી જહાજોને નડે એટલા જ નીચા હોય તો વહાણવટાની ભાષામાં તેને ખરાબા કહેવાય છે.

ખંડીય ટાપુઓમાં દુનિયાના સૌથી મોટા ગ્રીનલૅન્ડનો પણ સમાવેશ થાય છે, જેનો વિસ્તાર ૮,૪૦,૦૦૦ ચોરસ માઈલ એટલે કે ભારતના આશરે $\frac{2}{3}$ ભાગ જેટલો છે. તેની પાસેના ખંડીય ટાપુ નજીકના મુખ્ય પ્રદેશની ધરતી જેવું જ બંધારણ ધરાવે છે. ગ્રીનલૅન્ડના અને ઉત્તર અમેરિકાનાં ભૂસ્તરો સમાન છે અને વચ્ચેનો સમુદ્ર છીછરો છે, જેનું તળિયું ખંડીય છાજલીનું બનેલું છે. સામાન્ય રીતે મુખ્ય પ્રદેશ અને ખંડીય ટાપુ વચ્ચેનો સમુદ્ર છીછરો જ હોય. ગુજરાતમાં ખંડીય ટાપુઓના દાખલા જોવા હોય તો દક્ષિણે દીવ, ઉત્તર-પશ્ચિમે દ્વારકા પાસે બેટ અને ઉત્તર કચ્છના અખાતમાં સંખ્યાબંધ નાના-નાના ટાપુઓ છે, જે કેટલાક વસેલા પણ છે. મુંબઈ શહેર પણ ખંડીય ટાપુ ઉપર વસેલું છે.

દુનિયાનો બીજા નંબરનો મોટો ટાપુ ન્યૂગિનિ ૩ લાખ ચો. મા. જેટલો વિસ્તાર ધરાવે છે. તે ભૌગોલિક દૃષ્ટિએ ઑસ્ટ્રેલિયાનો ખંડીય ટાપુ છે, પરંતુ રાજકીય રીતે તેના બે ભાગ પડી ગયા છે : પશ્ચિમનો ભાગ ઈન્ડોનેશિયાને ભાગે ગયો છે અને પૂર્વના ભાગને સ્વતંત્રતા મળી છે. તેને પાપુઆ ન્યૂગિનિ નામ આપવામાં આવ્યું છે. પશ્ચિમ ન્યૂગિનિને ઇરિયન જાવા નામ મળ્યું છે. પ્રજાની દૃષ્ટિએ જોઈએ તો ઇરિયનને ઇન્ડોનેશિયા સાથે કે પાપુઆને ઑસ્ટ્રેલિયા સાથે કશો સંબંધ નથી. ન્યૂગિનિ ટાપુ અને ઑસ્ટ્રેલિયા ખંડની વચ્ચેનો સમુદ્ર ઘણો છીછરો છે, જે ટોરેસ સામુદ્રધુની તરીકે ઓળખાય છે. આ પ્રદેશ ધરતીકંપને પાત્ર છે. આથી જો ટોરેસ સામુદ્રધુનીનું તળિયું ધરતીકંપ વડે થોડું ઊંચકાય તો ન્યૂગિનિ અને ઑસ્ટ્રેલિયા જોડાઈ જાય. શ્રીલંકા અને દક્ષિણ ભારત વિશે પણ એવું જ છે. શ્રીલંકા ભૌગોલિક અને ભૂસ્તરિય દૃષ્ટિએ દક્ષિણ ભારતનો જ એક ભાગ છે. ભૂસ્તરીય ઇતિહાસના નજીકના ભૂતકાળમાં શ્રીલંકા અને દક્ષિણ ભારત વચ્ચે સમુદ્ર ફરી વળ્યો, તેથી શ્રીલંકા ટાપુ બની ગયો. આ બેની વચ્ચેની પાક નામની સામુદ્રધુની એટલી બધી છીછરી છે કે આગબોટો તેમાંથી પસાર થઈ શકતી નથી. તેમણે શ્રીલંકાને ચકરાવો મારીને જવું પડે છે. જો ધરતીકંપથી ટોરેસની સામુદ્રધુનીનું તળિયું થોડું બેસી જાય, તો ન્યૂગિનિ ટાપુના મેદાની પ્રદેશ પર સમુદ્ર ફરી વળે અને ડુંગરો છૂટાછવાયા ટાપુ રૂપે બહાર રહે.

પરંતુ મુખ્ય પ્રદેશના કાંઠાની પડોશમાં આવેલા બધા ટાપુઓનો જન્મ ખંડના ભાગ રૂપે થયો નથી હોતો, એટલે કે તેમનો જન્મ ખંડનો સમકાલીન નથી હોતો, આથી ખંડીય ટાપુના બે ભાગ પાડવામાં આવ્યા છે. બીજા ભાગમાં કાંપના બનેલા ટાપુઓ આવે છે, જેમને અંગ્રેજીમાં 'ડેલ્ટા' કહે છે. આપણે તેમને મુખત્રિકોણ ટાપુ અથવા ત્રિભુજ કહીએ. ભારતના પશ્ચિમ કાંઠે મુખત્રિકોણ ટાપુઓ બહુ ઓછા છે. આ ટાપુઓ નદીઓએ સમુદ્રમાં ઠાલવેલા કાંપ વડે બને છે. કચ્છ, સૌરાષ્ટ્ર, કોંકણ અને મલબાર કાંઠે એવી કોઈ મોટી નદી નથી, જે કાંપ વડે સમુદ્રમાં મુખત્રિકોણ બનાવી શકે. ગુજરાતમાં એવી બે મોટી નદીઓ નર્મદા અને તાપી છે. નર્મદાએ કેટલાક મુખત્રિકોણ ટાપુ બનાવ્યા છે, પરંતુ તેઓ મુખની અંદર રક્ષાએલા છે, તેથી ટકી રહ્યા છે. ખંભાતના અખાતમાં ભરતી-ઓટના પ્રવાહ એવા બળવાન હોય છે કે નદીઓ તેમાં જે કાંપ ઠાલવે છે તે તણાઈ જાય છે. તેમ છતાં સાબરમતી અને મહીના કાંપની જમાવટથી અખાતના સાંકડા ઉત્તર ભાગમાં કાંપના કેટલાક નાના-મોટા ટાપુઓ બનેલા છે. અહીં એક નોંધવા જેવી વાત એ છે કે ઉત્તરથી દક્ષિણ ગુજરાત સુધીનો મેદાની પ્રદેશ તથા સૌરાષ્ટ્રનો પૂર્વ પ્રદેશ સમુદ્રને હટાવીને નદીઓએ કાંપ વડે બનાવેલો છે.

કાંપ વડે બનેલા ટાપુઓની ઊંચાઈ સમુદ્રની સપાટીથી ૧૫ મી.થી વધુ ઊંચી નથી હોતી. કેટલાક ટાપુઓ પર બહુ મોટા પૂરનું પાણી ચઢી જાય છે અને તેની ઉપર કાંપ પાથરીને પાણી ઊતરી જાય છે. આવી રીતે સમુદ્રની સપાટીથી ટાપુની સપાટી ઊંચી થાય છે. જ્યાં મોજાં ધરતીનું જોરદાર ધોવાણ કરતાં હોય ત્યાં કાંપના ટાપુ બનતા નથી. સમુદ્ર દ્વારા થતાં ધોવાણ વડે ટાપુના આકાર પણ બદલાય છે. નદીમુખમાં કાંપનો સૌથી મોટો ટાપુ યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકાની મિસિસિપી નદીના મુખમાં બનેલો છે.

આપણા દેશમાં દક્ષિણના દ્વીપકલ્પમાં પૂર્વ કાંઠે મુખ્યત્વે ગોદાવરી અને કૃષ્ણા નદીઓએ કાંપના ટાપુ બનાવ્યા છે અને હજી બનાવે છે. દક્ષિણ ભારતનો નકશો જોશો તો જણાશે કે સાગરકાંઠાની રેખા આ બે નદીઓના મુખ પાસે સમુદ્રમાં આગળ ધૂસી આવેલી છે અને નદીઓનાં મુખ વિવિધ ફાંટા બનાવીને સમુદ્રમાં પ્રવેશે છે. આ ફાંટાઓની વચ્ચે આજે અત્યંત ફળદ્રૂપ મુખત્રિકોણો છે, પરંતુ ભૂતકાળમાં અહીં સમુદ્ર હતો અને નદીઓએ અહીં કાંપ પાથરીને સમુદ્રને પાછળ હટાવી, મુખત્રિકોણ અથવા ત્રિભુજ ટાપુઓ બનાવ્યા છે.

હવે પૂર્વના કોરોમંડલ કાંઠેથી આપણે ગંગા અને બ્રહ્મપુત્રના મુખપ્રદેશમાં જઈએ. બ્રહ્મપુત્ર તિબેટમાં માનસરોવર પાસેથી નીકળીને હિમાલયને સમાંતર થઈ વહે છે અને ઈશાન ભારતમાં હિમાલયને ભેદીને આસામના મેદાની પ્રદેશમાં ઊતરી આવે છે. ઈશાન આસામમાં ખનિજ તેલ નીકળે છે તેનો અર્થ એ કે આ પ્રદેશ દૂરના ભૂતકાળમાં સમુદ્ર નીચે હતો. હિમાલય પણ સમુદ્રમાંથી ઊંચકાયો છે. તે પછી હિમાલયની તળેટીમાં સમુદ્ર રહ્યો તેને બ્રહ્મપુત્ર તથા તેને મળતી ઉપનદીઓ કાંપ ઠાલવી ઠાલવીને પૂરી દેવા લાગી. આ રીતે આસામના મેદાની પ્રદેશનું સર્જન થયું. આજે જ્યાં બંગલાદેશ અને બંગાળ છે ત્યાં પણ સમુદ્ર હતો તે પણ બ્રહ્મપુત્રના અને ગંગાના કાંપ વડે

જાન્યુઆરી માસ માટેનું

મુરારકા ચેરિટેબલ ટ્રસ્ટનું રૂ. ૫૦નું ચરિત્ર-પારિતોષિક

'મૉરિસ વિલ્સન'ના લેખક અશોક હર્ષને મળે છે.

પુરાવા લાગ્યો અને સમગ્ર બંગાળનું સર્જન થવા લાગ્યું. તેમાં ગંગાનો હિસ્સો પણ ઘણો મોટો છે. ગંગામાં નાની-મોટી સેંકડો નદીઓ ભળી જાય છે. જમણે કાંઠે ભળતી નદીઓ વિંધ્યાચળમાંથી કાંપ લાવે છે અને ડાબે કાંઠે ભળતી નદીઓ હિમાચલમાંથી ઘણો વધુ કાંપ લાવે છે. તેમાં ભળતી નદીઓમાં યમુના સૌથી મોટી નદી છે. આમ, ગંગા અને બ્રહ્મપુત્ર દર વર્ષે અબજો ટન કાંપ લાવીને બંગાળના ઉપસાગરમાં પાથરે છે.

તમે બંગાળનો ભૂપૃષ્ઠ નકશો જોશો તો જણાશે કે ગંગા અને બ્રહ્મપુત્ર બંગાળમાં પ્રવેશ્યા પછી અનેક મુખોમાં વિભક્ત થઈ જાય છે અને ત્યાં કાંપ ઠાલવીને ત્રિભુજ અથવા મુખત્રિકોણ ટાપુઓ બનાવે છે. જે ટાપુઓ બન્યા છે તેમને વિસ્તારવાની અને નવા ટાપુઓ બનાવવાની પ્રક્રિયા ચાલુ જ છે. આ ટાપુઓમાં સુન્દરી નામનાં વૃક્ષો અને છોડવાનાં ગીચ જંગલો ઊગી નીકળેલાં છે. તેમની ઉપરથી આ જંગલને સુંદરવન નામ આપવામાં આવ્યું. અંગ્રેજીમાં આ ઝાડીને **Margrove** કહે છે. ગુજરાતમાં આ વનસ્પતિ તવર અથવા ચેર નામે ઓળખાય છે. તેની વિશિષ્ટતા એ છે કે તેનાં મૂળ જમીન ઉપર પથરાતાં જાય છે અને ઑક્સિજન લેવા માટે મૂળમાંથી ખીલા જેવા આકારનાં મૂળ બહાર આવે છે. આથી પૂરમાં તણાઈ આવતો કચરો અને કાંપ તેના મૂળની ઝાડીમાં ભરાતો જાય છે. આ રીતે ધરતી વિસ્તારવામાં અને સમુદ્રને પાછળ હટાવવામાં તવર મહત્ત્વનો ભાગ ભજવે છે. આમ, કાંપના ટાપુઓ વિસ્તરતા જાય છે. તવરનાં બી તવરિયાં કહેવાય છે. તેમની વિશિષ્ટતા એ છે કે બીજ ખરી ગયા પછી ઊગી નીકળવાને બદલે તે ડાળ ઉપર હોય ત્યારે જ તેમાંથી અંકુર નીકળે છે અને એક ખીલામૂળ પણ નીકળે છે. તે પછી બીજ ખરી પડે છે, જેથી ખીલામૂળ કાંપમાં ખૂંચી જાય અને તેમાંથી નવો છોડ ઊગી નીકળે. જો પ્રવાહમાં તે તણાઈ જાય તો જ્યાં તે અટકી પડે ત્યાં ઉગી નીકળે છે. બંગલા દેશમાં ગંગા અને બ્રહ્મપુત્રનાં મુખોમાં સુંદરવન વચ્ચે લાંબા નૌકાપ્રવાસ દરમ્યાન મેં અસંખ્ય અંકુરોને તણાતા જોયા તથા સુન્દરીનાં મૂળિયાંની ઝાડીમાં કાંપ અને કચરો ભરાતા જોયા. આમ કાંપના ટાપુઓ કેવી રીતે બને છે અને તે બનાવવા કુદરત કેવી જોગવાઈઓ કરે છે તે જોવાની તક મળી. પ્રકૃતિની આ પણ એક આશ્ચર્યજનક ક્રિયા છે.

ભરતખંડમાં સિંધુએ પણ મુખત્રિકોણ ટાપુઓ બનાવ્યા છે અને તેનાં મુખોના કેટલાક ફાંટા પુરાઈ જવાથી તે ટાપુઓ પણ જોડાઈ ગયા છે. આવો એક ફાંટો ગઈ સદી સુધી કચ્છમાં આવતો હતો. હવે સુકાઈ ગયેલો ને પુરાઈ ગયેલો ફાંટો કોરી એટલે સૂકી ખાડી નામે ઓળખાય છે.

દુનિયાની મોટી નદીઓના નકશા જોશો તો તેમણે પોતાના મુખમાં બનાવેલા કાંપના ટાપુઓ જોઈ શકશો. ઇજિપ્તની નીલ નદીએ પણ નાના-મોટા કેટલાય ટાપુઓ બનાવ્યા છે. યુરોપ, નેધરલૅન્ડ્સનો સમગ્ર પ્રદેશ ર્‌હાઇન અને શેલ્ટ જેવી નદીઓએ બનાવેલો છે. હજી તેનો ઘણો ભાગ નીચો છે. તેથી એ દેશનું નામ પણ નેધરલૅન્ડ્સ છે. તેનો નકશો જોશો તો જણાશે કે ર્‌હાઇનના મુખ પાસે ઘણા ટાપુઓ છે. ઉદ્યમી ડચ લોકો આ ટાપુઓને જોડી દઈને તળભૂમિ તથા ટાપુઓ વચ્ચેના સમુદ્રને પૂરી દે છે અને એ રીતે પોતાનો દેશ સમુદ્રમાં વિસ્તારી રહ્યા છે. આજે પણ દેશનો અડધો ભાગ સમુદ્રની સપાટીની નીચે છે તેથી સમુદ્રનાં પાણીને પાળો બાંધી રોકવામાં આવેલાં છે. અત્યારે પણ કાંપના ટાપુઓને તળભૂમિ સાથે જોડવાની લાંબા ગાળાની મહાત્વાકાંક્ષી યોજનાઓ અમલમાં મુકાઈ રહી છે.

હવે આપણે સામુદ્રિક ટાપુઓની વાત કરીએ. તેઓ મુખ્યત્વે કાંઠાથી દૂર અને ઘણે ઠેકાણે ઊંડા મહાસાગરની મધ્યમાં પણ હોય છે. આ ટાપુઓ સમુદ્રને તળિયે ફાટેલા જ્વાળામુખી વડે બનેલા હોય છે. સમુદ્રનું તળિયું ફાટ્યા પછી અગ્નિ અને વરુણ વચ્ચે લાંબો વિગ્રહ ચાલે છે. તેમાં જ્યારે અગ્નિ જીતે છે ત્યારે લાવારસની જમાવટ રૂપે બનતો પહાડ સમુદ્રની સપાટી ભેદી બહાર આવે છે અને બહાર આવ્યા પછી પણ આ જ્વાળામુખી ટાપુઓ લાવારસ વડે ઊંચા થયા કરે છે. સામાન્ય રીતે તેઓ ઊંડા મહાસાગરમાંથી આવતા હોય છે. તેથી આપણે કલ્પના ન કરી શકીએ એટલો લાવારસ ઠરીને આ ટાપુઓ બન્યા હોય છે. તેનું શ્રેષ્ઠ દૃષ્ટાંત ઉત્તર પ્રશાંતમાં હવાઈ ટાપુઓ છે. મહાસાગરને તળિયેથી તેમની ટોચ સુધી તેમની ઊંચાઈ ૩૨ હજાર ફૂટ (આશરે ૧૦ હજાર મી.) છે! અહીં કેટલાંક જ્વાળામુખો અત્યારે પણ સક્રિય છે અને તેમનાં મુખમાંથી ઉભરાતો લાવારસ સમુદ્રમાં પડીને તેમને વિસ્તારી રહ્યો છે. આ જ્વાળામુખીઓ પૈકી મૌના લોઆ (એટલે લાંબો પહાડ) સમુદ્રની સપાટી બહાર ૧૩,૬૮૦ ફૂટ ઊંચો છે. તેનું મુખ ૩·૭ ચો. મા.નો વિસ્તાર ધરાવે છે. મૌના કિયા તેનાથી પણ ઊંચો છે. દુનિયામાં ક્યાંય આટલો દ્રવ્યરાશિ ધરાવનાર બીજો જ્વાળામુખી નથી. હવાઈના નાના-મોટા ટાપુઓ ૧૬૦૦ માઈલની લંબાઈમાં પથરાએલા છે અને તે બધા લાવારસના બનેલા છે. તેની ઉપરથી કલ્પના કરો કે સમુદ્રના તળિયામાંથી કેટલો લાવારસ નીકળ્યો હશે?

હિંદી મહાસાગરમાં જોઈએ તો મોરેશિયસનો ટાપુ મહાસાગરનું તળિયું ફાડી જ્વાળામુખીએ બનાવેલો છે. તેનો વિસ્તાર ૭૨૦ ચો.મા. છે. તે ઠરી ગયેલો છે. પરંતુ લાવારસની બનેલી તેની ધરતી અતિ ફળદ્રૂપ હોઈ ત્યાં દર ચોરસ માઇલે ૧૧૮૧ કે તેથી પણ વધુ માણસો વસે છે.

હિંદી મહાસાગરના અગ્નિકૃત ટાપુઓને આપણે સ્વતંત્ર રીતે જોવાને બદલે પૃથ્વીની એક પ્રચંડ તિરાડ પરના ટાપુઓની સાથે જોવા જોઈએ. આ તિરાડ ઉત્તર ધ્રુવ મહાસાગરમાંથી આવે છે અને ઉત્તર–દક્ષિણ આટલાંટિક મહાસાગર સોંસરવી પસાર થઈને દક્ષિણ આફ્રિકાને વળાંક લઈ હિંદી મહાસાગરમાં ઉત્તર તરફ જાય છે. તેનો એક ફાંટો આફ્રિકા ખંડમાં ભંગાણ પાડે છે. બીજો ફાંટો રાતા સમુદ્ર અને અકાબાના અખાત રૂપે વ્યક્ત થઈ મૃત સમુદ્રમાં થઈને જૉર્ડન નદીની ખીણમાં લુપ્ત થાય છે. આ વિરાટ ચિરાડમાંથી ઠેકઠેકાણે લાવારસ નીકળ્યો છે. ઉત્તર ધ્રુવ વૃત્ત પાસે આશરે ૪૦ હજાર ચો. મા.નો વિસ્તાર ધરાવતો આઈસલૅન્ડ નામનો ટાપુ રૂપી દેશ અગ્નિકૃત ખડકોનો બનેલો છે, જેમાં હજી જ્વાળામુખી અને ગરમ પાણીના ફુવારાની પ્રવૃત્તિ ચાલુ છે. અહીં નવા અગ્નિકૃત ટાપુઓ ફાટી નીકળે છે અને તેમનો લોપ થાય છે. તે પછી દક્ષિણે જતાં સંખ્યાબંધ અગ્નિકૃત ટાપુઓ આવે છે, જેમાં દક્ષિણ આટલાંટિક મહાસાગરમાં ત્રિસ્તાન દ કુન્હા ટાપુ ઉપર થોડાં વર્ષ પહેલાં જ્વાળામુખી ફાટવાથી ત્યાંથી બધી વસતિને ખસેડવી પડી હતી.

હવે દ્વીપસમૂહની વાત. દ્વીપસમૂહો બે પ્રકારના છે. કેટલાક નાના-નાના પરવાળાના ટાપુઓ હોય છે. દાખલા તરીકે આપણા લક્ષદ્વીપ ટાપુઓ અને દક્ષિણે હિંદી મહાસાગરમાં માલદીવ ટાપુઓ. આ બધા પરવાળાના ટાપુઓ છે. પરવાળા બનાવનાર ટચૂકડા સામુદ્રિક જીવો હૂંફાળો ને પ્રકાશિત સમુદ્ર પસંદ કરે છે. તેઓ અંધારા ઊંડા સમુદ્રમાં નથી રહેતા. સામાન્ય રીતે જે અગ્નિકૃત ટાપુઓ હજી સમુદ્રમાં ડૂબેલા

('કુમાર' અંક ૬૮૬)

હોય છે, તેમની ઉપર તેઓ વસવાટ કરીને પોતાના શરીરમાંથી કૅલ્સિયમનો રસ કાઢે છે, જે ઠરીને સખત કોચલું બની જાય છે. તેમાંથી આ જીવો ડોકાઈ ને પાણીમાંથી સૂક્ષ્મ, સેન્દ્રિય સજીવ કે નિર્જીવ પદાર્થો રૂપે પોષણ મેળવે છે. તેઓ વંશવૃદ્ધિ કર્યા કરે છે અને મર્યા કરે છે. એ રીતે કૅલ્સિયમનાં બનેલાં તેનાં રહેઠાણ વધ્યાં કરે છે. વધીને પાણીની સપાટીની બહાર આવે ત્યારે તે પરવાળાના બેટ રૂપે વ્યક્ત થાય છે. જ્યારે પાણીની સપાટીની નીચે હોય ત્યારે ખરાબા રૂપે જહાજો માટે ભય રૂપ નીવડે છે. સમુદ્રની અંદર ડૂબેલા ડુંગરના મથાળાની આસપાસ પરવાળાના ખડકો બંધાઈ ને ઉપર આવે છે ત્યારે આ ટાપુનો આકાર વધુ ઓછા અંશે કંકણ આકૃતિનો હોય છે. કોઈ ઘોડાના પગની લોખંડની નાળના આકારનો હોય. હિંદી મહાસાગરમાં બહુ ગવાએલા ડિયેગો ગાર્સિયાનો આકાર ઘોડાની નાળ જેવો છે. આવા ટાપુઓની વચ્ચે સમુદ્ર પુરાયેલો હોય તે મહાસાગરનાં તોફાની મોજાં સામે રક્ષિત હોવાથી વહાણો માટે તે આશીર્વાદ રૂપ નીવડે છે. માલદીવની ભાષામાં આવા ટાપુઓને 'અતોલ' કહે છે. તેની ઉપરથી અંગ્રેજીમાં **Atoll** શબ્દ આવ્યો છે. અતોલની અંદર પુરાએલા સરોવર જેવા શાંત સમુદ્રને અંગ્રેજીમાં **Lagoon** કહે છે. લૅટિનમાં **Lacuna** એટલે ખાડો અથવા તળાવ. તેની ઉપરથી ફ્રેન્ચ ભાષામાં **Laguna** અને અંગ્રેજીમાં લગૂન શબ્દ આવેલો છે. કાળે કરીને આ કંકણાકાર ટાપુ ઉપર નારિયેળી, તવર વગેરે વનસ્પતિ ઊગી નીકળે છે. તે આપમેળે નથી ઊગતી. કુદરત અજબ યુક્તિ કરીને તેમનાં બીજ ત્યાં પહોંચાડે છે. આવા અતોલ અને લગૂન પ્રશાંત મહાસાગરમાં અસંખ્ય છે. તે પૈકી માર્શલ ટાપુઓમાં ક્વાજાલાઈ નામનો અતોલ ૧૭૬ માઈલ લાંબી પરવાળાની ધરતી છે, જેની અંદર ૧૧૦૦ ચો. મા.નો વિસ્તાર ધરાવનાર લગૂન છે. જમીનના ક્ષેત્રફળની દૃષ્ટિએ લાઈન ટાપુઓમાં ક્રિસ્ટમસ નામનો ટાપુ સૌથી મોટો છે અને ૧૮૪ ચો. મા.નો વિસ્તાર ધરાવે છે.

પરવાળાના ટાપુ ઉપર આવી ગયા પછી સમુદ્રની સપાટીથી બહુ ઊંચે આવી શકતા નથી. આપણા લક્ષદ્વીપ, મિનિકોય અને અમિનદીવી ત્રણ દ્વીપસમૂહ છે. તેમાં કુલ ૨૭ ટાપુઓ છે, જેમાં ૧૭ ઉપર વસતિ છે. સૌથી મોટા મિનિકોય ટાપુનો વિસ્તાર પૂરા સાડા ચાર ચો. કિ.મી. પણ નથી અને વસતિવાળા સૌથી નાના બિત્રા ટાપુનો વિસ્તાર માત્ર ૦·૧ ચો. કિ.મી. છે.

પરવાળાના ટાપુઓ મુખ્યત્વે કૅલ્સિયમના બનેલા હોવાથી તેમની ઉપર ખેતી થઈ શકતી નથી. લક્ષદ્વીપના બધા ટાપુઓ મળીને જમીનનું કુલ ક્ષેત્રફળ ૩૨ ચો. કિ.મી. છે. વાવાઝોડાંમાં તોફાની સમુદ્રનાં મોજાં આવા ટાપુ ઉપર ચઢી આવતાં અટકાવવાં મુશ્કેલ છે. આંદામાન-નિકોબારના ટાપુઓ મુખ્યત્વે અગ્નિકૃત ખડકોના બનેલા છે, અને તેમના આધારે તેમના આંગણામાં પરવાળાના ટાપુઓ પણ બનેલા છે.

પરવાળાના જીવો તથા પરવાળાની ટચૂકડી વનસ્પતિ ઠંડા સમુદ્રમાં જીવી શકતાં નથી, તેથી પરવાળાના ખડકો ઠંડા સમુદ્રમાં ન હોય. તેમ છતાં ઉત્તરના ઠંડા સમુદ્રોમાં પરવાળાના પ્રાચીન મૃત ખડકો છે, તે એમ બતાવે છે કે પ્રાચીન કાળમાં ત્યાં હવામાન હૂંફાળું હતું. આ ટચૂકડા જીવો અને ટચૂકડી વનસ્પતિ હજારો ઘન કિ.મી.ના કદના અસંખ્ય ટાપુઓ બનાવે છે. તેની ઉપરથી કલ્પના કરો કે તેની વસતિ કેટલી હશે! પરવાળા રંગબેરંગી પણ હોય છે. તેમના આકાર પણ ચિત્રવિચિત્ર હોય છે. દક્ષિણ હિંદી મહાસાગરમાં બપોરે સ્વચ્છ પાણીમાં ડૂબેલા પરવાળાના રંગબેરંગી ખડકો પર સૂર્યનાં કિરણો પહોંચવાથી પાણીમાં રંગોની જે આભા ફેલાતી હતી, તે જોઈને હું મુગ્ધ બની ગએલો. આ ડૂબેલા ખરાબાઓમાં રંગબેરંગી માછલાં અને બીજા દરિયાઈ જીવો રહે છે. વીંટી કે માળામાં પહેરવાનાં પરવાળાનાં નંગ ભૂમધ્ય સમુદ્રમાંથી મળે છે. ખાસ કરીને નિર્જન ટાપુઓ પર પુષ્કળ દરિયાઈ પક્ષીઓ વસે છે, તેથી તેમની હગારથી ધરતી ફળદ્રૂપ બને છે.

હવે આપણે દ્વીપસમૂહના બીજા પ્રકારની વાત કરીએ. તેમાં નાનામોટા હજારો બેટ હોય છે. તેનાં ઉત્તમ દૃષ્ટાંત વેસ્ટ ઈંડિઝ, ગ્રીસ, ઈસ્ટ ઇંડિઝ (ઈંડોનેશિયા) અને ફિલિપાઈન્સ છે. ગ્રીસનો નકશો જુઓ તો જાણે ખેતરમાં વાવવા માટે બિયારણ વેરવામાં આવે એ રીતે આ નાના-મોટા ટાપુઓ વેરાયેલા છે. બીજા પણ દ્વીપસમૂહો જુઓ તો જાણે એક ખંડ ભાંગીને વચ્ચે વચ્ચે ધરતી દરિયામાં ડૂબી ગઈ હોય અથવા નવો ખંડ બનાવવા માટે દરિયામાંથી ધરતી બહાર આવી રહી હોય એવી તેની આકૃતિ છે. ઉત્તર પ્રશાંત મહાસાગરમાં એલ્યુસિયન ટાપુઓની હારમાળા જાણે મણકાઓની માળા હોય એવી લાગે છે. વેસ્ટ ઇંડિઝમાં લિવર્ડ અને વિન્ડવર્ડ ટાપુઓ, જાપાનના ટાપુઓ તથા ફિલિપાઈન્સ અર્ધ ચંદ્રાકાર કે બીજા આકારની આકૃતિઓ બનાવે છે. ભૂગોળવિજ્ઞાનીઓ એમ માને છે કે તેઓ ખંડ બનવાની ક્રિયા સૂચવતા હશે. ઇન્ડોનેશિયાના ટાપુઓ અગ્નિકોણનો ખંડ ખંડિત થવાથી બનેલા જણાય છે. તેના બધા મોટા ટાપુઓમાં પર્વતમાળાઓના વળાંક એકસરખા છે.

મુખ્ય ભૂમિથી હજારો માઈલ દૂરના ટાપુઓમાં પણ વનસ્પતિ કેવી રીતે ઊગી, જીવસૃષ્ટિ કેવી રીતે આવી અને માનવવસતિ પણ ક્યાંથી કેવી રીતે આવી તેની કથા તો ઘણી લાંબી છે. તેથી અહીં માત્ર એટલું જ કહેવું જોઈએ કે ટાપુઓ અને તળભૂમિ વચ્ચે સમુદ્ર વનસ્પતિસૃષ્ટિના પ્રસરણ આડે અંતરાયરૂપ હોય છે. દાખલા તરીકે ઇન્ડોનેશિયામાં બલિ ટાપુ અને લોમબોક ટાપુની પશ્ચિમે એક રેખા દોરો ને બોર્નિયો તથા સેલિબિસ (સેલવાસ) વચ્ચે રેખા દોરો તો જીવ અને વનસ્પતિની દૃષ્ટિએ આ રેખાની પશ્ચિમે એશિયાઈ પ્રકારની સૃષ્ટિ છે ને પૂર્વમાં ઑસ્ટ્રેલિયન પ્રકારની સૃષ્ટિ છે. વચ્ચે માત્ર સાંકડી સામુદ્રધુનીઓ જ છે. આમ ટાપુઓનાં ઇતિહાસ-ભૂગોળને ઘણાં રસપ્રદ પાસાં હોય છે.

છેલ્લે આપણા આંદામાન-નિકોબારના દ્વીપસમૂહની વાત કરી લઈએ. ભૌગોલિક રીતે તેઓ સમુદ્રને તળિયે ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુના ભાગ છે. તેઓ અગ્નિકૃત ખડકોના બનેલા છે. નિકોબારના બેરન (વેરાન) ટાપુ ઉપર હજી ગઈ સદી સુધી જ્વાળામુખી ધૂંધવાતો હતો. તે માનવવસતિ વિનાનો છે. પણ ફળદ્રૂપ હોવાથી વેરાન નથી. ખાસ કરીને આંદામાન જૂથના મોટા ટાપુઓ ડુંગરાળ છે. વનસ્પતિ અને પ્રજાની દૃષ્ટિએ પણ તેઓ સુમાત્રા સાથે સંબંધ ધરાવે છે. સુધરેલી માનવવસતિ આ ટાપુઓ પર જઈ વસવા લાગી તે પહેલાં અહીં નીગ્રો કુળની નેગ્રિટો પ્રજા વસતી હતી. આજે પણ કેટલાક નેગ્રિટો લોકો તદ્દન પછાત દશામાં જંગલમાં જીવે છે. આ ટાપુઓની ઓથે કેટલાક પરવાળાના ટાપુઓ રચાયા છે. આ ટાપુઓ ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના વ્યાપારી જલમાર્ગની નજીક આવેલા છે.

પ્રાચીન કાળથી આ જલમાર્ગે આપણાં જહાજો હંકારાતાં હતાં. તેમાંથી કોઈ વહાણ તોફાનનો ભોગ બનીને આ ટાપુઓને કાંઠે ઘસડાઈ જાય તો તેના ઉતારુઓનું આવી બનતું. આ ટાપુઓની વિશિષ્ટતા જુદો લેખ માગી લે તેટલી બધી છે. આંદામાન-નિકોબારની દ્વીપમાળા સમુદ્રમાં ડૂબેલી અગ્નિકૃત પર્વતમાળાનાં શિખરો છે. પાછળથી જ્યારે સમુદ્રની સપાટી વધુ ઉપર આવી ત્યારે ડુંગરોની ખીણોમાં પણ સમુદ્રનું પાણી ઘૂસી ગયું. આથી કેટલાક ટાપુઓ કાંઠા વિના સમુદ્રમાં બહાર નીકળતા દેખાય છે. આમ આપણા આ ટાપુઓની હારમાળા એક વિશિષ્ટ પ્રકારની છે. □

કૅન્બેરામાં આગમન

(પ્રદેશે જયવિજયના–૧૫)

પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

આજે હું સીડનીથી વિદાય થવાનો હતો. રવિવારની રજા હોઈ સમશેર મને ઍરપોર્ટ પર મૂકવા આવવાના હતા. ફ્લાઈટને હજી વાર હતી એટલે અમે શહેરમાં મેં જોએલા અને નહિ જોએલા વિસ્તારમાં લાંબુ ચક્કર લગાવીને જવા વિચાર્યું. વચ્ચે સમશેર એક મોટી ને મોંઘી 'વેલવર્થ હોટેલ' બતાવવા લઈ ગયા. મોટી ખર્ચાળ હોટેલોમાં હોય તેવી ભવ્ય સજાવટ તો તેમાં યે હતી જ, ઉપરાંત, આવી હોટેલોમાં હોય છે તેમ તેના એક આગવા વિશિષ્ટ વિભાગ તરીકે આ હોટેલનું જે રેસ્ટોરાં હતું તે સાનફ્રાન્સિસ્કોથી આણેલી ટ્રામકારોમાં સજાવેલું હતું. ટ્રામમાં હોય એવાં જ ખાનાં, બેઠકો, કાચની બારીઓ; અરે, પૈડાં અને પાટા સુધ્ધાં પણ રાખ્યાં હતાં. ટ્રામના બે ત્રણ ડબ્બામાં સજાવેલા આ રેસ્ટોરાંનું નામ પણ એવું જ–'ધ લાસ્ટ ટ્રેન' રાખ્યું હતું. દુનિયાભરમાં આવી આલિશાન હોટેલોમાં આવુંઆવું કંઈક નવતર જોવા મળે જ છે. ગોવાની 'સગુવાડા' હોટેલમાં ઍશ-ટ્રે તરીકે માટીનાં કોડિયાં અને કેન્યાની 'માઉન્ટ કેનિયા સફારી હોટેલ'માં હાથીના પગ ઉપર ગોઠવેલી ટિપૉયો યાદ આવી ગઈ.

'યુરેનિયમની નિકાસ બંધ કરો' અને 'યુરેનિયમ કાઢવું બંધ કરો' જેવાં જે સૂત્રો મેં અહીં આવ્યા પછી ઠેરઠેર જોએલાં તેની વાત નીકળતાં માર્ગમાં જ સમશેરે મને અહીંના રાજ્યતંત્રનો ખયાલ આપ્યો.

જે દિવસે (૧૦ ડિસેમ્બરે) હું સીડની પહોંચ્યો તે દિવસે ઑસ્ટ્રેલિયાની નવી સરકાર ચૂંટવા માટેની રાષ્ટ્રવ્યાપી ચૂંટણી હતી. પણ આપણે ત્યાં હોય છે તેમ ભાષણબાજી, સરઘસો, લાઉડસ્પીકરોનો કકળાટ કે ધજાપતાકાનાં તોરણો વગેરેની ધમાલ નહિ એટલે, તથા વિસ્તારના પ્રમાણમાં બહુ જ ઓછી – માંડ દોઢેક કરોડની વસ્તી, અને તે યે છૂટીછવાઈ પથરાએલી, તથા તેમાં યે મતાધિકાર ધરાવતા તો તેથી યે ઓછા આથી, એક જ દિવસમાં પતી ગએલા રાષ્ટ્રભરના મતદાનની ખાસ કંઈ ખબર જ પડી નહોતી. બીજે દિવસે સાંજ સુધીમાં તો પરિણામો પણ જાહેર થઈ ગયાં હતાં.

ઑસ્ટ્રેલિયામાં બે જ પક્ષ: લિબરલ પાર્ટી અને લેબર પાર્ટી. આપણી જેમ ત્યાં સંખ્યાબંધ રાજકીય પક્ષો નથી, તેમ જ આપણા જેટલા પ્રશ્નો પણ નથી. લોકોની આર્થિક સ્થિતિ ઘણી સારી છે અને સરકાર તેમને માટે રાખવું જોઈએ તે બધું ધ્યાન પણ રાખે છે. ત્યાંના રાજદ્વારી પ્રશ્નોમાં આંતરરાષ્ટ્રીય રાજનીતિના પ્રશ્નો જ મહત્ત્વના બની રહે છે. 'યુરેનિયમને ખાણમાંથી કાઢવા' અને તેની નિકાસ કરવા તથા 'વ્હેલના વધુકા શિકાર' સામે ઑસ્ટ્રેલિયાના યુવાનોમાં ઘણો અસંતોષ અને ઉશ્કેરાટ હોય તેમ લાગ્યું.

ઑસ્ટ્રેલિયા બ્રિટિશ રાષ્ટ્રસમૂહ–કૉમનવેલ્થનું રાષ્ટ્ર છે. સ્વાયત્ત હોવા છતાં તે ડૉમિનિયન હોઈ બ્રિટનનાં રાણી રાષ્ટ્રનાં વડાં છે, અને ઑસ્ટ્રેલિયાની ચૂંટાએલી સરકારની પસંદગી અને ભલામણથી તેઓ ઑસ્ટ્રેલિયાના ગવર્નર જનરલની નિમણૂક કરે છે.

ઑસ્ટ્રેલિયાની પાર્લામેન્ટમાં બે સભાગૃહ છે: એક ઉપલું સભાગૃહ–સૅનેટ અને અને બીજું પ્રતિનિધિગૃહ–હાઉસ ઑવ રેપ્રિઝન્ટેટિવ્ઝ. સૅનેટમાં દેશના દરેક રાજ્યમાંથી સભ્ય લેવાય છે જ્યારે પ્રતિનિધિગૃહના સભ્યો દરેક રાજ્યની વસતિના પ્રમાણમાં ચૂંટાયા હોય છે. આ રીતે ક્વીન્સલૅન્ડ, ન્યૂ સાઉથ વેલ્સ અને વિક્ટોરીઆ એ ત્રણ રાજ્યોની વસતિ ગીચ હોઈ ત્યાંના સભ્યો વધારે, તો વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયાની વસતિ પાંખી હોઈ ત્યાંના બહુ ઓછા સભ્યો પ્રતિનિધિગૃહમાં છે.


બ્રિટિશ પાર્લામેન્ટ પ્રમાણે ઑસ્ટ્રેલિયાનું રાજતંત્ર ચાલે છે. ગવર્નર જનરલ રાષ્ટ્રના ઔપચારિક વડા છે. વહીવટી વડા તો બહુમતિ પક્ષના મુખ્ય નેતા ને વડા પ્રધાન છે. ઑસ્ટ્રેલિયામાં એકવીસ વર્ષની વયે મતાધિકાર મળે છે. દેશની સંરક્ષણ-સેનામાં જોડાએલા સૌને અઢાર વર્ષની વયે મતાધિકાર મળે છે. દર ત્રણ વર્ષે પ્રતિનિધિગૃહની અને દર છ વર્ષે સૅનેટની ચૂંટણી થાય છે.


ઑસ્ટ્રેલિયાની રાજ્યપદ્ધતિ અને તેના કાયદાકાનૂનો લગભગ બ્રિટન પ્રમાણે જ છે. પરંતુ બીજા વિશ્વયુદ્ધ પૂર્વે હમેશાં બ્રિટન પ્રતિ મીટ માંડનારો આ દેશ, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકનોના વધુ પરિચયમાં આવ્યા બાદ હવે થોડો પૂર્વાભિમુખ પણ બન્યો છે. પૅસિફિક મહાસાગરના દેશો સાથેનો તેનો વ્યવહાર ઘણો વધ્યો છે. જાપાનના


કૅન્બેરા અથવા ઑસ્ટ્રેલિયન ઉચ્ચાર પ્રમાણે 'કૅન્બ્રા', ન્યૂ સાઉથ વેલ્સ ક્વીન્સલૅન્ડ, સાઉથ ઑસ્ટ્રેલિયા, વિક્ટોરિયા, વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા અને ટાસ્માનિયા, એ છ રાજ્યોના ઑસ્ટ્રેલિયન કૉમનવેલ્થનું પાટનગર છે. ન્યૂ સાઉથ વેલ્સ રાજ્યમાં લગભગ ૨૦૦૦ ફૂટ ઊંચા સપાટ પ્રદેશમાં રચાએલી, 'જર્વિસ બે'ના ૨૮ ચો. મા. સહિત કુલ ૯૪૦ ચો. મા. વિસ્તારની 'ઑસ્ટ્રેલિયન કૅપિટલ ટેરીટરી'માં આવેલા આ શહેરનો ઇતિહાસ આઠ દાયકાનો–એટલે કે ઑસ્ટ્રેલિયન કૉમનવેલ્થના જેટલો જૂનો છે. આરંભમાં મેલબૉર્નમાં રાજધાની હતી, પરંતુ કૉમનવેલ્થના પાટનગર માટે કૅન્બેરાનું સ્થાન નિશ્ચિત થઈ ગયું હતું. ઈ. ૧૯૦૮થી તો ત્યાં વસવાટ પણ થઈ ગયો હતો. પરંતુ પાટનગરને શોભે તેવી તેની અદ્યતન રચના માટે ઈ. ૧૯૧૨માં એક આંતરરાષ્ટ્રીય સ્પર્ધા યોજવામાં આવી, અને તેમાં વિજેતા બનેલા એક અમેરિકન સ્થપતિ વૉલ્ટર બર્લી ગ્રિફિને રજૂ કરેલા પાયાના નકશા પ્રમાણે નૂતન કૅન્બેરાની રચના આરંભાઈ. પ્રથમ વિશ્વયુદ્ધના કારણે તેનો પ્રારંભનો વિકાસ જરા મંદ રહ્યો છતાં તે પછી એ કાર્યમાં વેગ આવ્યો અને ઈ. ૧૯૨૭ના મે માસની ૯મી તારીખે, એ સમયના ડ્યૂક ઑવ યૉર્ક–પછીથી કિંગ જ્યૉર્જ છઠ્ઠાએ ઑસ્ટ્રેલિયાના પાર્લામેન્ટ હાઉસનું ઉદ્‌ઘાટન કરી વિધિવત્ કૅન્બેરાની ઑસ્ટ્રેલિયાના પાટનગર તરીકે સ્થાપના કરી. અને પછી તો ઑસ્ટ્રેલિયાના બીજા કોઇ પણ શહેર કરતાં વધુ ઝડપે તેનો વિકાસ થઈને એ એક અદ્યતન શહેર બની રહ્યું. આરંભમાં તો એની વસ્તીનો મોટો ભાગ સરકારી કર્મચારીઓ અને તેમના પરિવારનો જ હતો, પણ ત્યારની સોળેક હજારની વસ્તી ઉત્તરોત્તર વધીને આજે લગભગ અઢી લાખ જેટલી થઈ ગઈ છે.

ઑસ્ટ્રેલિયન આલ્પ્સનાં હિમાચ્છાદિત શિખરોની પાસે નીચી પહાડીઓની વચ્ચે વહેતી મૉલોંગ્લા નદીનાં કિનારે કૅન્બેરા વસેલું છે. પુષ્કળ ખુલ્લી જગ્યાઓ, અનેક સુંદર બાગબગીચા અને યોજનાપૂર્વક ઉગાડેલી વિધવિધ વૃક્ષની વાટિકાઓથી આ નકશાઉતાર શહેરની શોભા અનેરી બની રહી છે. અહીં ખાનગી માલિકીની જમીન નથી. વળી, અહીં કોઈ આવાસની આગળ ઊંચી વાડ કે વંડી કરવા દેવામાં આવતી નથી એટલે ત્યાં વસતા લોકોએ જતનપૂર્વક પોતપોતાનાં આંગણાંમાં ઉગાડેલાં ફળફૂલનાં વૃક્ષો સહિતનાં સુંદર હરિયાળા બગીચાઓની શોભા પસાર થતા માર્ગો પરથી પણ માણી શકાય છે. વસંતઋતુમાં આખું શહેર યલ્લો વૅટલ–મિમોસા વગેરેની બહારથી ખીલી ઊઠે છે, તો પાનખરમાં પૉપ્લર, એલ્મ અને કૅનેડિયન પિન-ઑકના પલટાતા વર્ણથી સોનેરી તથા લાલ રંગની ભભક શહેર પર છવાઈ જાય છે. લગભગ બે હજાર ફૂટ ઊંચા આ પ્રદેશનું હવામાન પણ સૂર્યપ્રકાશથી ઓપતું હૂંફાળું છે. અહીં વર્ષે સરાસરી લગભગ ૬૦ સે. મી. જેટલો વરસાદ પડે છે. કારખાનાંઓના અભાવે

▷ ડાબી બાજુ મથાળે : કૅનબેરા શહેરમાં બર્લી ગ્રિફિન સરોવરમાં ઘૂમતી સહેલાણી-હોડી. સામે કાંઠે ઑસ્ટ્રેલિયાની નૅશનલ લાયબ્રેરીનું સંગેમરમરના સ્તંભોથી શોભતું ભવન. (નીચે) કોટર ડૅમ પાસે ઊગાડેલાં પૉપ્લર વૃક્ષોની શોભા. (જમણી બાજુ) ઈ. સ. ૧૭૭૦માં કૅપ્ટન કૂકે ઑસ્ટ્રેલિયાનો પૂર્વ કાંઠાની શોધ કર્યાની દ્વિશતાબ્દી પ્રસંગે બર્લી ગ્રિફિન સરોવરમાં બનાવેલો લગભગ ૧૪૦ મીટર ઊંચો ઊડતો ફુવારો.







અહીંનું વાતાવરણ સદાય શુદ્ધ, પ્રફુલ્લ અને પ્રદૂષણરહિત રહે છે.

પાર્લામેન્ટનું ભવ્ય ભવન, નાનકડી બંદૂકડીથી માંડી બે જણ જ સમાઈ શકે તેવી સબમરીન ને ચાર યંત્રોવાળાં લૅન્કેસ્ટર બૉમ્બર સુધીની સંખ્યાબંધ યુદ્ધસામગ્રી પ્રદર્શિત કરતું 'ઑસ્ટ્રેલિયન વૉર મેમારીઅલ', ઑસ્ટ્રેલિયાની પૂર્વ કંઠારની કૅપ્ટન કૂકે શોધ કર્યાની દ્વિશતાબ્દી પ્રસંગે બનાવેલો ૧૪૦ મીટર ઊંચો ઊડતો ફુવારો, ૫૩ ઘંટનાં ગંભીર નાદમાં સંગીત રેલાવતું 'કૅન્બેરા કૅરિલ્યન્ટ', રાષ્ટ્રીય ટંકશાળ, વિશાળ સુંદર 'બર્લી ગ્રિફિન સરોવર' તથા તેના દક્ષિણ કાંઠે સંગેમરમરના સ્તંભોથી શોભિત 'નૅશનલ લાયબ્રેરી', ઑસ્ટ્રેલિયાનાં અતિ જૂનાં મકાનોમાં ગણાતું એ સમયની બાંધણીના નમૂના રૂપ 'બ્લન્ડેલ્સ ફાર્મહાઉસ', જૂના કાળની ભાતભાતની ઘોડાગાડીઓનું સંગ્રહસ્થાન 'હૉર્સ-એરા મ્યૂઝિયમ', વિધવિધ વનસ્પતિઓવાળો 'બૉટનિક ગાર્ડન' અને સ્થાપત્યમાં એકબીજાની સ્પર્ધા કરતાં વિવિધ દેશની એલચી-કચેરીઓનાં સુંદર અદ્યતન મકાનો આ શહેરનાં અનેરાં આકર્ષણો છે.

અહીં આ કૅન્બેરામાં ચાર ઉપવનો છે. બાવીસેક માઈલ દૂર બ્રિન્ડાબેલા પર્વતોની તળેટીમાં કૉટર નદીના કાંઠે 'કૅરેવાન'ના રસિયાઓ માટે પડાવ નાખવાની સુંદર વ્યવસ્થા છે. બર્લી ગ્રિફિન સરોવર પાસે અનેક સુંદર ઉજાણી-સ્થાનો 'પિકનિક સ્પૉટ્સ' છે. ટિડબિનબિલા 'નેચર રીઝર્વ'ના ૪૮૫૦ હૅક્ટર વિસ્તારમાં અને નદીકાંઠા પર અનેક સુંદર સ્થળે તો સહેલાણીઓ માટે લાકડાં બાળવાની કે ગૅસના ચૂલાની પણ સગવડો છે. અને આ શહેરમાં કે તેની આસપાસનાં બધાં સ્થળોએ જવા આવવા માટે અદ્યતન પ્રકારની બધી સુવિધાઓ પણ સુલભ છે. —સં.

સહકારથી ત્યાં મોટરકાર, રસાયણો વગેરેના મોટા ઉદ્યોગો પણ સ્થપાયા છે. જાપાનીઓની સંખ્યા પણ ત્યાં વધતી જાય છે. બીજા વિશ્વયુદ્ધ પૂર્વે બ્રિટિશ સિવાય કોઈને પણ ઑસ્ટ્રેલિયામાં કાયમી વસવાટની છૂટ નહોતી મળતી ત્યાં હવે યુરોપના અન્ય દેશવાસીઓ તથા એશિયાવાસીઓને વસવાટની છૂટ અપાવા માંડી છે. પરિણામે ઑસ્ટ્રેલિયાની આજની પ્રજા તથા તેના સમાજજીવન પર બહારની દુનિયાનો પ્રભાવ પણ હવે જોવા મળે છે. અલબત્ત, પોતાના આર્થિક ધોરણને જાળવી રાખવા માટે વિદેશીઓને અહીં વસાવવાની બાબતમાં બહુ કડક નિયમો રાખ્યા છે. ખાસ કરીને ભારત, પાકિસ્તાન, સીલોન, નેપાળ વગેરે પછાત દેશના લોકોને અહીં કાયમી વસવાટ માટે છૂટ મેળવવી બહુ મુશ્કેલ છે. ઇચ્છે તો દુનિયાનાં અતિવસ્તીવાળાં ઘણાં રાષ્ટ્રોની પ્રજાને પોતાને ત્યાં સમાવી શકે એટલો વિશાળ આ દેશ છે, અહીં મહેનત-મજૂરી કરવા માટે માણસોની અત્યંત ખેંચ પણ છે, છતાં પોતાનાં આર્થિક ધોરણો ને વ્યવસ્થાની જાળવણી માટે પાણીની અછતના બહાના તળે એ વિદેશીઓને પોતાને ત્યાં સમાવવાનું ટાળે છે.

ફ્લાઈટનો સમય થવા આવ્યો હતો એટલે અમે ઍરપોર્ટ પહોંચી ગયા. સમશેરની વિદાય લઈને કૅનબેરા જવાના પ્લેનમાં હું બેઠો.

સીડનીથી કૅનબેરા લગભગ ચાલીસ મિનિટની જ સફર હતી. નીચેનો પ્રદેશ વેરાન છતાં ક્યાંકક્યાંક હરિયાળી ઝાડી દેખાતી હતી. જોતજોતામાં કૅન્બરા આવી ગયું. ઍરપોર્ટથી બસમાં સિટી ટર્મિનલ પહોંચ્યો. ત્યાંથી મારી સ્પૅરોઝ હોટલ ચાલીને પાંચેક મિનિટમાં પહોંચી જવાય તેટલી નજીક હતી, પણ સામાનને કારણે ટૅક્સી કરીને જવું પડ્યું. ત્યાં પહોંચી મારા રૂમમાં ગોઠવાઈ ગયો અને કૅનબેરા વિષે મળી તેટલી માહિતી-પત્રિકાઓ એકઠી કરી લીધી. (ચાલુ)

નવલકથા-સ્વરૂપનો પ્રથમ આવિર્ભાવ

—— લેખક • પ્રા. ડૉ. મધુસૂદન પારેખ ——

'સરસ્વતીચંદ્ર' પૂર્વેની કેટલીક નોંધપાત્ર નવલકથાઓ

'કરણઘેલો' નવલકથા પ્રગટ થઈ એ જ વર્ષના અંતમાં મહીપતરામ કૃત 'સાસુ-વહુની લડાઇ' (ઈ. ૧૮૬૬) એ સામાજિક નવલકથા પ્રસિદ્ધ થઈ. આમ, ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિક અને સામાજિક એમ નવલકથાના બે પ્રવાહ એક જ વર્ષમાં એક સાથે પ્રગટ્યા. મહીપતરામની નવલકથા સાવ ફિસ્સી ને કોઈ ખાસ સત્ત્વ વિનાની હતી. એમણે એ પછી તુરત નંદશંકરને પગલે ચાલીને ઐતિહાસિક નવલકથાની દિશા પકડી. 'વનરાજ ચાવડો' (૧૮૮૧) અને 'સધરા જેસંગ' એ તેમની ઐતિહાસિક નવલકથાઓ છે.

એ પછી અનંતપ્રસાદ વૈષ્ણવની નવલકથા 'રાણકદેવી' (ઈ. ૧૮૭૯) નોંધપાત્ર છે. તેમાં જૂનાગઢના વિજેતા જયસિંહ સોલંકીના જોરજુલમ સામે રાણકદેવીની મક્કમતાનો, અને તેના પુત્રોની હત્યા પછી તેના મનોબળનો આકર્ષક ચિતાર છે. રાણકના આંતરબલનું સમર્થ ચિત્ર લેખકે ઉપસાવ્યું છે. વિવેચક નવલરામ પંડ્યાએ એને તે યુગની ઐતિહાસિક નવલકથાઓમાં 'સર્વોપરિ' ગણાવી હતી.

ઈ. ૧૮૮૧માં હરગોવનદાસ કાંટાવાળાની 'અંધેરી નગરીનો ગર્ધવસેન, એક ઉટાંગ વાર્તા' પ્રગટ થઈ. તેમાં દેશી રજવાડામાં ચાલતાં અંધેરનું ચિત્ર છે. ગર્ધવસેન પોતાની રાણી સગુણસુંદરીને ત્યજીને ગેંડુપુરી, બોથડપંત, જુલ્મેશ્વર જેવા કારભારીઓના પ્રપંચમાં ફસાઇને કૌભાંડમતિ નામની રાજકુમારીને પરણે છે ને અનાચારને માર્ગે પળે છે... તેના વારસ તરીકે હલકી વરણના છોકરા ખોટી રીતે રણવાસમાં ઊભા કરવામાં આવે છે; પરંતુ અંતે મોસાળમાં ઊછરતા સગુણસુંદરીના પુત્ર જયસિંહના પ્રભાવથી કારભારીઓના પ્રપંચો નાશ પામે છે ને અંધેરીનગરીમાં પુન: પ્રકાશ ફેલાય છે. કલાદૃષ્ટિએ આ નવલકથા 'ઉટાંગ' જ છે, પણ તેની બે વિશેષતા છે: એક તો આ નવલકથામાં દેશી રજવાડાંના કલુષિત કારભારનું પ્રથમવાર ચિત્ર મળે છે અને બીજું તેમાં પાત્રોનાં નામ તેમનાં ગુણનિર્દેશક છે. આ બંને તત્ત્વોનો સુયોગ એ પછી 'સરસ્વતીચંદ્ર'માં જોવા મળે છે.

ઈ. ૧૮૮૩માં રચાએલી 'બુદ્ધિ અને રૂઢિની કથા' કેશવલાલ મોતીલાલ પરીખે રચેલી છે. એ 'બાળલગ્ન-નિષેધક' મંડળમાં અગ્રણી હતા. સમગ્ર કથા બત્રીસ પાનાંમાં રૂપક શૈલીમાં કહેવાઈ છે. ગુર્જરદાસનું લગ્ન બુદ્ધિદેવી સાથે થયું છે અને તેનો સાળો જ્ઞાનદેવ છે. એ પછી ગુર્જરદાસ રૂઢિદેવી નામની બીજી સુંદર યુવતીમાં ફસાય છે. બુદ્ધિદેવી અને જ્ઞાનદેવ યુરોપ જતાં રહે છે અને ત્યાં યુરોપરાજને તેના સુધારાના કાર્યમાં સહાયરૂપ બને છે. અંતે વાર્તાને ઝડપથી સમેટતાં લેખક બુદ્ધિદેવીનું અને જ્ઞાનદેવનું દેશમાં પુનરાગમન અને રૂઢિ પર તેમનો વિજય દર્શાવે છે.

એ સમયમાં રચાએલી બીજી એક નોંધપાત્ર નવલકથા 'હિંદ અને બ્રિટાનિયા' 'ગુજરાતી' સાપ્તાહિકના તંત્રી ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ રચી છે. (ઈ. ૧૮૮૫) લેખકે એને **'First Political Novel in Gujarati'** તરીકે ઓળખાવી છે. એમાં હિંદની દેવી, બ્રિટનની રમણી અને સ્વતંત્રતા-સુંદરી વચ્ચે સાદ્યંત સંવાદ જ ચાલ્યા કરે છે. લેખકે બ્રિટનના સ્વાર્થ અને સત્તાલોભની સખ્ત ટીકા કરી છે તે સાથે હિંદ દેશની ક્ષતિઓ પણ દર્શાવી છે. કથાવસ્તુ કે પાત્રચિત્રણ તરફ લેખકનું સર્વથા દુર્લક્ષ છે. માત્ર સંવાદો દ્વારા જ લેખકે પોતાની નેમ સાધી છે. વાર્તાકારનો સ્વતંત્રતા માટેનો, પ્રગતિ માટેનો અભિનિવેશ સાચા હૃદયનો છે. તેમણે મિરઝા મુરાદઅલીબેગના **'The Mountain Top'** નામના એક નિબંધ પરથી આ કથા રચી હતી. એ પ્રગટ થઈ ત્યારે અંગ્રેજ અધિકારીઓમાં ખળભળાટ મચી ગયો હતો. ઈ.૧૮૮૯માં આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ થઈ હતી એ પરથી તેણે પ્રજામાં કેવું આકર્ષણ જમાવ્યું હશે તેનો અંદાજ આવી શકશે.

અનૂદિત અને રૂપાંતરિત નવલકથાઓ

ગુજરાતમાં 'કરણઘેલો' પૂર્વે 'હિંદુસ્તાન મધ્યેનું એક ઝુંપડું' એ પ્રથમ અનુદિત નવલકથા છે. 'કરણઘેલો' પછી પણ પારસી વાર્તાકારોએ અંગ્રેજી નવલકથાના સંખ્યાબંધ અનુવાદ-રૂપાંતર કર્યાં છે. એ સિવાયના લેખકોમાં છગનલાલ મોદીનો કોઈક ડચ નવલકથાના અંગ્રેજી અનુવાદ પરથી ગુજરાતીમાં કરેલો અનુવાદ 'ઈરાવતી' (ઈ. ૧૮૮૦) ધ્યાનપાત્ર છે. ઇતિહાસના અંશવાળી એ નવલકથામાં લેખકે અકબરના રાજ્યઅમલની ભૂમિકા રજૂ કરી છે. કાશ્મીરી યુવાન સિદ્ધરામ અને વાર્તાનાયિકા ઈરાવતીના પ્રેમ-વિચ્છેદની આ એક રોચક કથા છે. તેમાં અકબરની ઉદાર ધર્મદૃષ્ટિ, ન્યાયપરાયણતા વગેરે પર લેખકે પ્રકાશ નાખ્યો છે.

ઈ. ૧૮૮૧માં રા. કરીમઅલી નાનજિયાણીએ કરેલું અંગ્રેજી લેખક સર વૉલ્ટર સ્કૉટની નવલકથા 'ક્વેન્ટીન ડર્વેડ' પરથી કરેલું ભાષાંતર આપણને મળે છે. એમાં પંદરમી સદીના ફ્રાન્સની રાજકીય પરિસ્થિતિ અને પ્રજાની રીતરસમનું નિરૂપણ છે. ભાષાંતર ક્લિષ્ટ ને અધકચરું છે.


ઈ. ૧૮૮૫માં 'પ્રિયંવદા' મણિલાલ નભુભાઇએ અંગ્રેજી લેખક લીટનના 'ઝેનોની' નવલકથા ઉપરથી 'ગુલાબસિંહ' નામની રૂપાંતરિત કથા પ્રગટ કરવા માંડી હતી. ગૂઢ વિદ્યાનાં તત્ત્વોનાં વિનિયોગયુક્ત આ કથામાં ગુલાબસિંહ અને રમાના પ્રેમની આકર્ષક કથા છે. (એ પુસ્તક રૂપે ઈ. ૧૮૯૬માં પ્રગટ થઈ હતી.) પરંતુ તેમાં વિચારભાર કથાને હાનિ પહોંચાડે છે, તેમ જ તેની ભાષા પણ ક્લિષ્ટ છે.

'સરસ્વતીચંદ્ર'ના પ્રાગટ્ય પૂર્વે નારાયણ હેમચંદ્રની અનૂદિત નવલકથાઓ પણ ધ્યાન ખેંચે છે. એમની સંખ્યાબંધ અનૂદિત કથાઓ-'આનંદમઠ', 'વિષવૃક્ષ', 'દુર્ગેશ-નંદિની', 'મૃણાલિની'એ ઓગણીસમી સદીના છેલ્લા બે દાયકામાં વાચકવર્ગમાં આકર્ષણ જમાવ્યું હતું. તેમણે ગુજરાતને બંકીમચંદ્રનો પરિચય કરાવ્યો. તેમની દેવીપ્રસાદ રાયચૌધરીની નવલકથા પરથી અનૂદિત 'સંન્યાસી' નવલકથા પર તો નરસિંહરાવ જેવા વિવેચક પણ પ્રસન્ન થઈ ગયા હતા.

ઓગણીસમી સદીના છેલ્લા બે દસકામાં અંગ્રેજી, હિંદી, મરાઠી અને બંગાળી પરથી નવલકથાના અનુવાદની પ્રવૃત્તિ વિપુલપણે ચાલી હતી. 'ગુજરાતી' પત્રના તંત્રી ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ ઈ. ૧૮૯૧થી પોતાના પત્રના ગ્રાહકોને વાર્ષિક ભેટ રૂપે નવલકથા આપવાની યોજના અમલમાં મૂકી તેને પરિણામે અંગ્રેજી તથા ભારતીય ભાષાઓમાંથી નવલકથાના અનુવાદની પ્રવૃત્તિને ઠીકઠીક વેગ મળ્યો.

એ અરસામાં પારસી લેખકોએ મુખ્યત્વે અંગ્રેજીમાંથી નવલકથાના અનુવાદની-રૂપાંતરની પ્રવૃત્તિ વ્યાપકપણે આદરી હતી. પારસી લેખકોની નવલકથાઓ હિંદુ લેખકોની નવલકથાઓની સાથે સંખ્યાની દૃષ્ટિએ સ્પર્ધામાં ઊતરી શકે એટલા વિપુલ પ્રમાણમાં રચાતી હતી. પારસી વાર્તાકારોનો યે ગુજરાતી સાહિત્યમાં નાનોસૂનો ફાળો નથી. □

ચિત્રો જોવાનો આનંદ



▷ ચિત્ર ૧
વૃક્ષજૂથ
ક્લૉડ લૉરિનનું
બ્રશડ્રૉઈંગ

પરિચિત શૈલી કે ગમતી ઢબ કરતાં કોઈક જુદી જ તરાહનાં ચિત્રો જોવાં એ અનેક રીતે કોઈ અજાણી વ્યક્તિઓને મળવા જેવું લાગે છે. પ્રથમ તો એવી અજાણ વ્યક્તિ સાથે સંપર્ક સાધવો કઠિન લાગે. જુદી જ વાણી, જુદા જ ઉચ્ચારો ને જુદી જ લઢણવાળા એ માણસના ખયાલો કે દૃષ્ટિબિંદુમાં કેટલુંક ન સમજાય તેવું યે લાગે. થોડો સમય તો કદાચ તમને ન પણ ગમે, છતાં જો પ્રયત્ન કરીએ તો સંભવ છે કે તેનામાં યે રસ પડે તેવું કંઈક તો મળી જ આવે. એના દૃષ્ટિબિંદુની ભિન્નતા પ્રત્યે આપણે સહિષ્ણુ પણ બનવા લાગીએ, અને પછી એવી અજાણ વ્યક્તિઓમાંથી એક યા બીજી સાથે મૈત્રી પણ સાધી શકાય.

આપણે સૌ જાણીએ છીએ કે અમુક માણસો બહુ સારી રીતે મિત્રતા કેળવી શકે તેવા હોય છે. આવા ભાગ્યશાળી લોકો એમ પણ કહે છે કે એમને ન ગમે એવું કોઈ મળ્યું જ નથી. તેઓ એમ નહિ કહે કે એમને મળે એ બધા જ એમને ગમે છે. આનો અર્થ એ જ કે તેઓ માણસની અલગઅલગ ખાસિયતોને માન આપે છે. તેઓ એમ માને છે કે દરેક માણસમાં રસ પડે તેવું પણ કંઈક તો હોય છે. અને એ ગમતું તત્ત્વ શોધવા ઊંડા ઊતરવું પડે તો તેઓ એ માટે પણ મથે છે.

ચિત્રોમાંથી યે આવું ગમતું તત્ત્વ શોધવા મથવું પડે. જેમની કલાસૂઝ કેળવાઈ ન હોય એવા ઘણા લોકોને તો સામાન્ય કક્ષાનાં ચિત્રો યે ગમે. પણ આપણે એવાં ચિત્રોને બાજુએ રાખીએ. એમાં નોંધનીય એવું ખાસ કશું હોતું નથી. પરંતુ જે ચિત્રો ઉત્તમ કે ગણનાપાત્ર ચિત્રકૃતિઓ તરીકે સ્વીકાર પામ્યાં છે તેવાં ચિત્રોને જોવા-માણવામાં સહાયક બની શકે એવી કેટલીક બાબતો જોઈએ.

પ્રથમ તો જેમ માણસને તેમ ચિત્રકૃતિને આપણે આપણા ખયાલ પ્રમાણે નહિ પણ તેની રીતે તેને સમજવાનો સ્વીકાર કરવો જોઈએ. આપણે કોઈ મુંબઈગરાને અમદાવાદી જેવો જોવા ઇચ્છીએ તો નિરાશ થવું યે પડે. આ જ રીતે આપણને ગમતા પ્રકારનાં ચિત્રોથી કોઈ ચિત્ર જુદી જ ઢબનું લાગે તો તેમાં ચિત્રનો કોઈ દોષ નથી. આ સાથે આપેલું ફ્રેન્ચ દૃશ્યચિત્રકાર ક્લૉદ લૉરિનનું ચિત્ર (૧) જુઓ. વૃક્ષોના એક જૂથને આલેખવામાં એણે જે સુંદરતાથી પીંછી ચલાવી છે તે માણવામાં જરાય મુશ્કેલી લાગતી નથી. કારણ, જાણે ગઈ કાલે જ ચીતર્યું હોય એવું આ વૃક્ષજૂથ કદાચ આપણે ક્યારેક ક્યાંક જોયું હોય એવું જ લાગે છે. હકીકતે આ ચિત્ર ત્રણ સદી પહેલાંનું છે. હવે ચિત્ર ૨ જુઓ. મધ્યકાળની એક હસ્તલિખિત શિકારપોથીમાંથી એ લીધેલું છે. એટલે એ ક્લૉડના ચિત્ર કરતાં યે અઢી સદી પૂર્વેનું છે. આ ચિત્રને આપણે ક્લૉડના ચિત્રની રીતે મૂલવીએ તો આ બીજું ચિત્ર કોઈ નિશાળીઆએ કર્યું હોય એવું જ લાગે, અને છતાં તેના મધ્યકાલીન ચિત્રકારનો કુદરત પ્રત્યેનો અભિગમ તો એટલો જ પ્રમાણભૂત લાગે છે, અને એ ગમી જાય તેવો પણ છે. એના ચિત્રકારે ચિત્રમાં અમુક સમયે વૃક્ષો પર અમુક રીતે પડતા પ્રકાશની તેજછાયા દર્શાવવાનો પ્રયાસ ભલે ન કર્યો હોય, પણ એ એનું લક્ષ પણ નથી. એનું કામ તો શિકારપોથીમાં સસલાં વિષેના પ્રકરણમાં તેમની લાક્ષણિકતાઓ બતાવવાનું છે. અને એણે સસલાંઓને એના કુદરતી આવાસમાંના જીવનને રજૂ કરવાના પ્રયત્નમાં આશ્ચર્યકારક સફળતા મેળવી છે. આ ચિત્ર એણે કરેલાં અનેક નિરીક્ષણોનું સીધું પરિણામ છે. બહુ સરળતાથી અને સચોટ રીતે એણે ચિત્રવિષયનાં વધુમાં વધુ પાસાંઓને આપણી સમક્ષ પ્રકટ કર્યાં છે.

હવે ત્રીજું ચિત્ર જુઓ. એનું નામ છે 'સૅટર ફૅમિલી ઈન ફૉરેસ્ટ.' સૅટર એ ગ્રીસ અને રોમન પુરાણોનું અર્ધ માનવ અને અર્ધ બકરા જેવા શરીરવાળા કલ્પિત વનદેવતાનું નામ છે. સોળમી સદીના આરંભકાળના જર્મન ઉસ્તાદ ચિત્રકાર આલ્બ્રેખ્ટ આલ્ટડૉર્ફરનું કરેલું આ ચિત્ર છે. ગાલીચામાં ગૂંથેલા જેવા સસલાના ચિત્રથી ભિન્ન આ ચિત્રમાં પુષ્કળ મોકળાશ અને ઊંડાણ દેખાય છે. સમગ્ર ચિત્રમાં પ્રમાણભાન પણ બરાબર સચવાયું છે. આલ્બ્રેખ્ટ આપણને જાણે કે એમ દર્શાવે છે કે હૂબહૂ આવું જ સુંદર દૃશ્ય ક્યાંક હશે જ, છતાં આપણે બરાબર જાણીએ છીએ કે આટલી મનોકર્ષક સૃષ્ટિ કેવળ પુરાણ કે પરીકથામાં જ જોવા મળે. જો આપણે અહીં દર્શાવેલા વનદેવતાને ક્લૉડ લૉરિને ચીતર્યાં છે તેવાં વૃક્ષો તળે બેઠેલાં જોઈએ તો એ આપણને બરાબર બંધબેસતાં નહિ લાગે. જ્યારે આલ્બ્રેખ્ટે કરેલી એમની રજૂઆત બિલકુલ બરાબર લાગે છે. કારણ, અહીં આ વૃક્ષો અને ઝાડી પણ માત્ર પરીકથાઓમાં લાગે તેમ 'જીવંત' લાગે છે. આ વૃક્ષોની શાખાઓ પણ જાણે હાથની જેમ વિસ્તરતી લાગે છે, ને તેનાં પાન હાથનાં આંગળાંઓ જેવાં. સમગ્ર ચિત્ર કોઈ 'સ્વપ્ન' જેવું લાગે છે, અને આપણે એને માણી શકીએ છીએ. કારણ, આપણે સૌ આવાં, આપણી સભ્યતા-સંસ્કૃતિની અનેકવિધ જટિલતાથી સરજાએલી તંગ દશાથી દૂર એવી કોઈ સરળ-સહજ સ્થિતિમાં કુદરતમાં ભળી જવાનાં, સ્વપ્નો જોતાં હોઈએ છીએ.

આ સૅટર પરિવારનું ચિત્ર પણ સાથેના ચોથા ચિત્ર 'લંચન ઑન ધ ગ્રાસ' નામના ચિત્ર સાથે સરખાવવા જેવું છે. મહાન ફ્રેન્ચ કલાકાર એડુઆર્ડ માનેત (૧૮૩૨–૧૮૮૩)ની આ એક વિખ્યાત કૃતિ છે. એ જ જુગજૂના સ્વપ્નનો અહીં જાણે આધુનિક પ્રતિઘોષ પ્રકટે છે. એક સદી પૂર્વે જ્યારે આ ચિત્ર પારીસમાં પહેલી વાર પ્રદર્શિત થયું ત્યારે ઊહાપોહ મચી ગએલો. 'નિર્લજ્જ' અને 'અનૈતિક' કહીને લોકોએ તેને વખોડ્યું હતું. કારણ સ્પષ્ટ છે. તેમાં બે પુરુષોની સમક્ષ ચિત્રનાયિકા નિઃસંકોચ નિર્વસ્ત્ર બનીને બેસેલી દર્શાવી છે. આજે તો આપણી ઔચિત્યની ભાવના એટલી સરળતાથી અપમાનિત ન થાય, પણ એક સદી પહેલાં જુદી સ્થિતિ હતી. અને એ છતાં ત્યારના અને આજના સમયગાળા દરમિયાન આ ચિત્ર લુવ્રના જગવિખ્યાત કલાસંગ્રહનું એક ચિત્રરત્ન ગણાતું થઈ ગયું છે. પણ આપણે









મથાળે ડાબી બાજુ : ચિત્ર ૨. સસલાં. ગૅસ્ટન ફિબસની ઈ. આશરે ૧૪૦૦ની શિકારપોથીમાંનું એક ચિત્ર. જમણી બાજુ : ચિત્ર ૩. ઉસ્તાદ જર્મન ચિત્રકાર આલ્બ્રેખ્ટ આલ્ટડૉર્ફરનું ચિત્ર 'સૅટર ફૅમિલી ઈન ફૉરેસ્ટ' (૧૫૦૯). નીચે જમણી બાજુ : ચિત્ર ૪. 'લંચન ઑાન ધ ગ્રાસ'. ચિત્રકાર એડુઆર્ડ માનેત અને ડાબી બાજુ : ચિત્ર ૫. રફાએલના એક ચિત્ર પરથી માર્કેન્ટોનીઓ રેઇમૉન્ડીએ ઈ. ૧૫૨૦માં કરેલું એન્ગ્રેવિંગ.

એ પ્રથમ રજૂ થયું ત્યારે તેનાથી પ્રકટેલા પ્રતિભાવોને હસી ન કાઢીએ. કદાચ તેમાંથી આપણને પણ કંઈ પાઠ મળે. પ્રથમ તો આપણે એ વિચારીએ કે માનેતના સમકાલીન લોકો આ ચિત્રથી આટલો બધો આઘાત કેમ પામ્યા ? જો એમનાં નૈતિક ધોરણો એટલાં બધાં ચુસ્ત હતાં તો આલ્ટડૉર્ફરના ચિત્રમાં અજપાદ જેવા નીચી કક્ષાના અર્ધમાનવ પાત્ર પાસે બેસેલી વિવસ્ત્ર સુંદરીના ચિત્ર માટે પણ એવો જ વિરોધ પ્રકટ્યો હોત. પણ એવું થયું નહોતું. કારણ સ્પષ્ટ છે: આલ્ટડૉર્ફરનાં પાત્રો 'કલ્પિત' તરીકે સ્વીકારાયાં હતાં, જ્યારે માનેતના ચિત્રમાં બતાવેલા બંને પુરુષોનો પોશાક જોતાં તેઓ તત્કાલીન સમયના જ લાગે છે, અને સ્ત્રીને 'વનદેવી' કલ્પી શકાતી નથી. વળી, અહીં સ્ત્રીની નગ્નતા એ એની સ્વાભાવિક સ્થિતિ નથી, પણ અહીં તે નિર્વસ્ત્ર બનીને બેસેલી લાગે છે, ચિત્રમાં એનાં વસ્ત્રો જમીન પર પડેલાં જોઈ શકાય છે, અને ચિત્રના નામ પ્રમાણે ઉજાણી માટેની ખાદ્ય-સામગ્રી પણ ચિત્રમાં છે જ. ચિત્રમાં રજૂ થએલું સમગ્ર પર્યાવરણ તેને કોઈ દૈવી મોભો હરગીઝ આપતું નથી. અને એટલે જ અહીં એ અશિષ્ટ ગણાઈ છે.

તો પછી આપણે શું એમ માનવું કે આવી અસાધારણ ઉજાણી વખતે માનેત પણ ત્યાં હાજર હશે ? એણે આ દૃશ્ય નજરોનજર જોયું હશે ? ચિત્રની પ્રથમ રજૂઆત વખતે તો લોકોએ ખરેખર એમ જ માન્યું હશે. પણ જરા ચીવટથી જોયું હોત તો તેઓ કેટલા ખોટા છે તે તેમને સમજાયું હોત. વાસ્તવિક શૈલીમાં હોવા છતાં આ ચિત્ર 'ચીતરેલા ફોટોગ્રાફ' કરતાં ભિન્ન છે. એક તો એ કે આ ચિત્રનાં પાત્રો તેમને જેવા સ્થળમાં દર્શાવ્યાં છે તેની સાથે તેમનો મેળ જામતો નથી, જે કુદરતની વચ્ચે તેમને બતાવ્યાં છે તે સ્થળ–સ્થાન કરતાં તેઓ વધુ વાસ્તવિક દેખાય છે. જાણે માનેતે ચિત્રમાં પ્રથમ આ ત્રણ પાત્રોનો ચીતર્યાં હશે અને પછી તેમની આસપાસનું દૃશ્ય ગોઠવ્યું હશે. ચિત્રના નામમાં ભલે ઉજાણીનો ઉલ્લેખ હોય, પણ ચિત્રમાં તેઓ ઉજાણીએ આવેલાં સહેલાણીઓ જેવાં લાગતાં જ નથી; ઊલટું એકબીજાની હાજરીને લક્ષમાં લીધા વિના જાણે કે

(અનુસંધાન સાંકળિયાની બાજુમાં)

અનુસંધાન] **ટેરોડેક્ટિલનું ઈંડું** [પૃષ્ઠ ૩૪થી

ઝંઝાવાત. આવો ઝંઝાવાત ફરી ક્યારેય થયો નથી. એ પેલું મકર-મુખી જહાજ નજર સામે પાણીમાં ડૂબી ગયું.' 'પછી ?'

'તેમાંથી એક માણસ ભાંગેલા પાટિયા પર ચડીને જળચરોથી બચતો નસીબના જોરે કિનારે જમીન પર આવ્યો... અરે બાપ રે...'

'શું થયું ?' વદનબાબુ પણ ગભરાઈ ગયા.

'એ વનમાનવે એની શી દશા કરી તે તમે તમારી નજરે જુઓ તો... જો કે હું પણ છેક સુધી નથી જોઈ શક્યો. એક તીર મારી દિશામાં પણ આવ્યું તેથી જ હું સ્વિચ દબાવીને વર્તમાનમાં પાછો આવ્યો.'

વદનબાબુ હસવું, રડવું કે અવાક્ થવું એ યે સમજી ન શક્યા. આ સામાન્ય યંત્રમાં એવું તે કેવું જાદુ હશે ? એ શું સંભવ હતું ?

આગંતુક વદનબાબુના મનનો સવાલ જાણે કળી ગયા. બોલ્યા, 'આ જે યંત્ર જુઓ છો ને તેની બે નળી કાનની અંદર લગાડો અને જમણી બાજુનું બટન દબાવો તો ભવિષ્ય અને ડાબી બાજુનું દબાવો તો ભૂતકાળમાં ચાલ્યા જવાય. કોઈ પણ યુગના કોઈ પણ સમયમાં જવાનું પણ આ નિશાન કરેલા—સાલ લખેલા ચક્ર પર કાંટો ફેરવીને નક્કી કરી શકાય. જો કે વીસત્રીસ વર્ષ આમતેમ થાય ક્યારેક ક્યારેક, પણ તેથી વધુ ફેર પડે નહિ. સસ્તું છે ને ! તેથી જ એટલું ઍક્યુરેટ નથી.'

'સસ્તું છે ?!' આ વખતે વદનબાબુ સાચે જ નવાઈ પામ્યા.

'સસ્તું એટલે રૂપિયાની ગણતરીમાં. બાકી આની પાછળ તો પાંચ હજાર વર્ષનાં વૈજ્ઞાનિક જ્ઞાન, વિદ્યા ને બુદ્ધિ રહ્યાં છે. આજકાલ તો લોકો માને છે કે વિજ્ઞાનની જે બધી કારીગરી-કારસાજી છે તે બધી પશ્ચિમમાં જ થાય છે અને આ દેશમાં કંઈ જ થતું નથી. અરે બાપુ ! આ દેશમાં જેનાં થાય છે તે શું ઢોલ પીટાય છે? બધું થાય છે, છાનુંછપનું, ખાનગીમાં, અગોચરે, લોકચક્ષુની આડમાં. નામ જાહેર કરવાની વૃત્તિ આપણા ભારતીઓમાં ક્યારેય નહોતી. આજ પણ નથી. અસલમાં જેઓ ગુણી છે એને તો કદાચ કોઈ દેખી જ નહિ શકે. જુઓને, આપણો ઇતિહાસ. અજંતાની ગુફાનાં ચિત્રો કોણે કર્યાં છે તેમનાં નામ ખબર છે ? પહાડની હજાર વર્ષ પુરાણી ગુફામાં કોતરેલાં ઇલોરાનાં મંદિર કોણે કંડાર્યાં છે તેનું નામ પણ કોઈ જાણે છે ? ભૈરવી રાગ એ કોનું સર્જન ? ઋગ્વેદ કોણે લખ્યો ? મહાભારત વેદ વ્યાસના નામે ચાલે છે, અને વાલ્મીકિની રામાયણ. પણ એ બંનેનાં સર્જનમાં ન જાણે કેટલા અનામી લોકોના હાથ હશે, મગજ હશે એનો કોઈએ હિસાબ રાખ્યો છે ? આજે પશ્ચિમના વૈજ્ઞાનિકોએ ગણિત ગણીગણીને મોટીમોટી ફૉર્મ્યુલા તૈયાર કરી, મોટમોટા આવિષ્કારો કરી નામના મેળવી છે, એ ગણિતની ઉત્પત્તિની વાત ખબર છે ?'

'ઉત્પત્તિની વાત ? શી વાત ?' વદનબાબુને ક્યાંથી ખબર હોય.

આગંતુક બોલ્યા, 'શૂન્ય.'

'શૂન્ય ?' 'હા, શૂન્ય—ઝીરો.'

વદનબાબુ તો અજાયબ થઈને વિચારમાં જ પડી ગયા.

'વન, ટુ, થ્રી, ફોર, ફાઈવ, સિક્સ, સેવન, એઈટ, નાઈન અને ઝીરો. આ દશથી વધારે સંખ્યા નથી. શૂન્ય, એટલે કે મીંડું અને છતાં એકની પછી એ શૂન્ય લગાડો તો થાય દસ—નવથી એક વધારે. વિચાર કરશો તો પત્તોય નહિ ખાય. અને છતાં આપણે એ સ્વીકારી લીધું છે. શા માટે માનીએ છીએ એય સમજી નહિ શકો. પણ આ નવ સંખ્યા અને શૂન્ય વડે જ આ દુનિયાના જેટલા અંક-આંકડા, જેટલા હિસાબ, જે બધી ફૉર્મ્યુલા, સરવાળા-બાદબાકી, ગુણાકાર-ભાગાકાર, ત્રિરાશી, અપૂર્ણાંક, ડેસિમલ, ઍલજિબ્રા-એરિથમૅટિક, ફિઝિક્સ, કૅમિસ્ટ્રી, ઍસ્ટ્રૉનોમી; એમાં વળી એટમ, રૉકેટ, રીલેટીવિટી એમાંનું કંઈ પણ આ દસ સંખ્યા વિના થવાની શક્યતા નથી. અને આ સંખ્યા આવી ક્યાંથી, ખબર છે ? ભારતમાંથી. અહીંથી અરબસ્તાન, અરબસ્તાનથી યુરોપ, અને ત્યાંથી આખી પૃથ્વી પર. સમજ્યા ? એની પહેલાં શું હતું જાણો છો ?'

વદનબાબુએ ફરી ડાબુંજમણું માથું ધુણાવ્યું. સાચે જ, તેમનું જ્ઞાન કેટલું સીમાબદ્ધ હતું !

આગંતુકે કહ્યું, 'પહેલાં હતી રોમન પદ્ધતિ બે સંખ્યા નહોતી, કેવળ અક્ષર. 'આઈ' બરાબર એક, બે આઇ બરાબર બે, ત્રણ આઈ બરાબર ત્રણ. પણ ચાર થયા એટલે ફરી બે અક્ષર. 'આઇ' અને 'વી'; અને પાંચ માટે એક જ અક્ષર 'વી.' નિયમમાં કંઈ ઢંગધડો કે ઠેકાણું નહિ. બંગાળીમાં ઓગણીસો બાસઠ લખો તો ચાર આંકડામાં લખાય પણ રોમનમાં કેટલા અક્ષર થાય ? 'કેટલા?'

'સાત.' એમ સી એમ ડી સી આઈ આઈ. સમજ્યા કંઈ? આઠસો અઠ્યાસી લખવા હોય તો બંગાળીમાં ત્રણ આંકડા અને રોમનમાં એક ડઝન. ડી સી સી સી એલ એક્સ એક્સ એક્સ વી આઈ આઈ આઈ. આ રીતે જો વિજ્ઞાનીઓ મોટીમોટી ફૉર્મ્યુલા લખે તો એમની શી હાલત થાય કલ્પી શકો છો ? અરે, ત્રીસ વર્ષના થતાં ન થતાં તો એ બધાના વાળ કાં તો પાકી જાત ને કાં તો ટાલ પડી જાત. અને ચંદ્ર પર રૉકેટ મોકલવાની વાત તો હજી બીજાં હજારેક વર્ષ આગળ ઠેલાઈ ગઈ હોત. વિચારી તો જુઓ, આપણા જ દેશના એક અણજાણ અપ્રખ્યાત માણસની આશ્ચર્ય બુદ્ધિને લીધે જ આંકડાનું સમગ્ર માળખું બદલાઈ ગયું !' આગંતુક શ્વાસ લેવા થંભ્યા.

ગિરજાઘરની ઘડિયાળના ટન-ટન ટકોરાનો અવાજ હવામાં વહેતો સંભળાયો. છ વાગ્યા. અચાનક પ્રકાશ વધ્યો. વદનબાબુએ પૂર્વ ભણી નજર ફેરવી. ગ્રાંડ હોટેલની પાછળથી ત્રયોદશીનો ચંદ્ર ઊગી રહ્યો હતો.

આગંતુક બોલ્યા, 'જેવું પહેલાં હતું એવું જ આજે પણ છે. દેશમાં અસંખ્ય લોકો છે જેમનાં નામ-ઠેકાણાં કોઈ જાણતું નથી. જાણશે પણ નહિ. પરંતુ તેમની વિદ્યા-બુદ્ધિ પશ્ચિમના કોઈ પણ વૈજ્ઞાનિક કરતાં રતી-ભર કમ નથી, એમણે સાધારણ રીતે કાગળ-પેનસિલ, પુસ્તક-પત્ર લૅબોરેટરી-ફૅબોરેટરીની કંઈ જરૂર નહિ. તેઓ એકાંતમાં ચૂપચાપ બેઠા વિચાર કરે, અને મગજમાં જ મોટીમોટી ફૉર્મ્યુલા તૈયાર કરે. મોટીમોટી સમસ્યાના ઉકેલ શોધે, અટપટા કોયડા ઉકેલે.'

વદનબાબુએ મૃદુ સ્વરે પૂછ્યું, 'તમે શું એવા જ કોઈ છો ?'

ભદ્રજન કહે, 'ના. પણ એવા એક જણને હું નસીબના જોરે એક વાર મળ્યો હતો. અહીં નહિ, આ પ્રદેશમાં પણ નહિ. યુવાન વયે પહાડોમાં ખૂબ રખડતો. એમાં જ એક અસાધારણ પુરુષ મળ્યા. નામ ગણિતાનંદ. તેઓ લખીને જ ગણિત ગણતા. તેઓ જ્યાં રહેતા તેની આસપાસ ત્રીસ માઈલના વિસ્તારમાં પહાડ પર જેટલા પથ્થર, ખડક હતા તે દરેક પર નીચેથી મથાળા સુધી ગણિતના ગૂંચવાડાભર્યા આડાઅવળા આંકડાથી એમણે ભરી દીધેલા. તેમના જે ગુરુ હતા એમની પાસેથી ગણિતાનંદ અતીત-ભવિષ્યના વિચરણનું રહસ્ય જાણી શક્યા હતા. મેં પણ ગણિતાનંદ પાસેથી જ જાણ્યું હતું કે એવરેસ્ટ કરતાં પણ પાંચ હજાર ફૂટ ઊંચું એક શિખર હતું હિમાલયનું આજથી સુડતાળીસ હજાર વર્ષ પહેલાં; જ્યારે એક પ્રલયંકર ધરતીકંપ થયો, તેમાં અર્ધો પહાડ ધરતીના પેટાળમાં પેસી ગયો. આ ધરતીકંપથી ઉત્તર હિમાલયના એક પહાડમાં તિરાડ પડી, એમાંથી એક ઝરણ પ્રકટ્યું ને આ આપણી નજર સામે જે નદી વહી રહી છે એનું સર્જન થયું.

આશ્ચર્ય, આશ્ચર્ય ! વદનબાબુ શાલના છેડા વડે કપાળ પર વળેલો પરસેવો લૂછી બોલ્યા: 'તમને આ યંત્ર શું એમની પાસેથી મળ્યું છે ?'

આગંતુક બોલ્યા : 'હા. એટલે કે એમણે આપ્યું નથી. એમણે તો ઉપાદાન બતાવી દીધું હતું. મેં એ બધો માલમસાલો ભેગો કર્યો ને

યંત્ર મારી મેળે જ બનાવી લીધું. આ જે નળી દેખાય છે એ રબર નથી. એ એક પહાડી વનસ્પતિની ડાળી છે. આ યંત્રની એક પણ વસ્તુ માટે મારે કોઈ દુકાને કે કારીગર પાસે જવું પડ્યું નથી. આ બધું પ્રાકૃતિક ઉપાદાન વડે જ તૈયાર કર્યું છે. ડાયલ પર નંબર મેં મારે હાથે જ લખી દીધા છે. પણ એ હાથેથી બનાવ્યું છે એટલે વચ્ચેવચ્ચે બગડી જાય છે. ભવિષ્યનું બટન તો કેટલાક દિવસથી ચાલતું નથી.'

'તમે ભવિષ્યમાં યે ગયા છો?'

'એક વાર જ. તે પણ દૂર નહિ. ત્રીસમી શતાબ્દી સુધી ગએલો.'

'શું જોયું?' વદનબાબુનું કુતૂહલ વધ્યું.

'શું જોઉં? અહીં તે વખતે વિરાટ માર્ગ જોયો. અને તેના ઉપર હું એકલો જ પગે ચાલતો માણસ હતો. એક અજબ અદ્ભુત ગાડી નીચે કચરાતો બચી ગયો હતો. એ પછી ક્યારેય ગયો નથી.'

'અને ભૂતકાળમાં ક્યાં સુધી ગયા છો?'

'એ પણ એક ગોટાળો. આ યંત્રથી સૃષ્ટિની શરૂઆત સુધી નથી પહોંચાતું.'

'એમ કે?'

'હા, મેં કેટલાય પ્રયાસ કર્યા છે, પણ ભૂતકાળમાં સ.થી પાછળ જ્યાં સુધી ગયો છું ત્યારે ઍાલરેડી સરીસૃપો સર્જાઈ ગયાં હતાં.'

વદનબાબુનું ગળું સુકાઈ ગયું. બોલ્યા. 'ક્યાં સરીસૃપ? સાપ?'

'અરે ના રે ના. સાપ તો બચ્ચું કહેવાય.'

'તો પછી?'

'આ જુઓને, બ્રોન્ટોસોર્સ, ટિરાનોસોર્સ, ડાઇનોસોર્સ, વગેરે બધાં, બીજું શું!'

'એટલે શું તમે એ દેશમાં પણ ગયા હતા?'

'એ જ તો તમારી ભૂલ છે. એમના દેશમાં શું કામ? તમે એમ માનો છો કે એ બધાં આપણા દેશમાં નહોતાં?'

'હતાં?'

'હતાં એટલે? બરાબર અહીં જ હતાં. આ બાંકડાના સ્થળે જ'.

વદનબાબુના મેરુદંડમાં એક ધ્રુજારી પ્રસરી ગઈ.

આગંતુક બોલ્યા, 'ગંગાનું નામ-નિશાન નહોતું ત્યારે આ બધી જગ્યાએ પથ્થરના ઊંચાનીચા ખડકો અને ઝાડપાન–વૃક્ષવેલોથી ઉભરાતું જંગલ હતું. એ દૃશ્ય ક્યારેય નહિ ભુલાય. આ જેટીની જગ્યાએ શેવાળથી ઉભરાતું એક છીછરું તળાવ હતું. હજુ મને તાદૃશ યાદ છે. હું એ દૃશ્ય જોતો હતો ત્યાં એક ભૂત-ભડકો ધક કરતોકને સળગી ઊઠ્યો અને એકાદ મિનિટ સુધી ભડભડ કરતો ડોલતોડોલતો ઓલવાઈ ગયો. તેના જ પ્રકાશમાં મેં લખોટી જેવી બે મોટી આંખ જોઈ. ચાઇનિઝ ડ્રૅગનનું ચિત્ર જોયું છે ને? એવી જ બરાબર. અગાઉ પુસ્તકમાં ચિત્ર જોયું હતું એટલે સમજી ગયો કે આ એ જ સ્ટૅગોસોર્સ છે. કોણ જાણે પાંદડાં ચાવતુંચાવતું પાણીમાં છબછબિયાં કરતું એ આગળ વધી રહ્યું હતું. ઉદ્ભિજ્જીવી હોવાથી એ પ્રાણી માણસ માર નહોતું એ હું જાણતો હતો, છતાં એને જોઇને હું હેબતાઈ ગયો. વર્તમાનમાં પાછા આવવાનું બટન દબાવવા જતો હતો, ત્યાં મારા માથા પર અચાનક એક ફફડાટ થતો સાંભળ્યો. ચમકીને ઉપર નજર નાખી તો જોયું એક ડેરોડૅક્ટિલ. એ ન પંખી, ન જાનવર કે ન વનવાગોળ. એ પેલા સ્ટૅગોસોર્સને જોઇને ગોથું ખાઇને પાછું ફર્યું. હું એની પાછળ પડ્યો. જ્યારે અચાનક મારી નજર પાસેના ખડક પર પડી ત્યારે એના એ આક્રોશનું કારણ હું સમજ્યો. ખડકમાં એક મોટી પહોળી તિરાડમાં મેં એક સફેદ ગોળ ચકચકતું ઈંડું જોયું. પેલા ટૅરોડૅક્ટિલનું જ એ ઈંડું. જોઇને ભયમાં પણ લોભ સંવારી ન શક્યો. આ બાજુ લડાઈ ચાલતી હતી. અને આ તરફ હું એ મજાનું ઈંડું ઉઠાવી...હે, હે, હે, હે, હે, હે!'

વદનબાબુને હસવું ન આવ્યું, આ બધું વાર્તાજગતની બહાર બને ખરું? એમના મનમાં થયું હશે. એમણે એ પૂછ્યું પણ ખરું. અને પેલા યંત્રમાં જોવાની ઇચ્છા પણ વ્યક્ત કરી.

'યંત્ર હું તમને જોવા માટે આપત, પણ...'

વદનબાબુના કપાળની નસો ઊપસી આવી. થૂંક ગળી એ બોલ્યા, 'પણ શું?'

'પરિણામ મળવાની સંભાવના ખૂબ જ ઓછી છે.' છતાં એક વાર કોશિશ કરી જુઓ. લાભ નહિ થાય તોય નુકસાન તો કંઈ જ નથી'.

વદનબાબુએ ડોક ઊંચી કરી. જય મા જગત્તારિણી! નિરાશ કરશો નહિ, મારી મા! આગંતુકે નળીના બે છેડા વદનબાબુના કાનમાં ભેરવ્યા. સ્વિચ દબાવી અને ફટ લઇને જમણા હાથનું કાંડું પકડી લીધું. કહે, 'નાડી જોવી પડશે.'

વદનબાબુ બલિદાનના બકરાની જેમ કાંપતાકાંપતા ધીમેથી બોલ્યા, 'ભૂત કે ભવિષ્ય?'

'ભૂત. સિક્સ થાઉઝન્ડ બી. સી. આંખો જોરથી મીંચી રાખો.'

વદનબાબુ અધીર ઉત્કંઠાથી એકાદ મિનિટ સુધી આંખ બંધ કરી બેસી રહ્યા, પછી બોલ્યા, 'કેમ, કંઈ જ થતું નથી?'

આગંતુકે યંત્ર કાઢી લીધું. કહે, 'બનવાની સંભાવના હતી કરોડમાં એક'.

'કેમ?'

'મારા માથાના અને તમારા માથાના વાળના સંખ્યા જો એકસરખી હોત તો જ તમારે માટે આ યંત્ર કામ આપી શકત.'

વદનબાબુની હાલત હવા કાઢી નાખેલા ફુગ્ગા જેવી થઈ ગઈ. હાય, હાય, હાય! આવી તક આમ નકામી થઈ ગઈ!

આગંતુકે ફરી થેલીના અંદર હાથ નાખ્યો અને જ્યારે બહાર કાઢ્યો ત્યારે તેની હથેળીમાં એક શ્વેતોજ્જ્વલ ચીજ ચંદ્રની જ્યોત્સનામાં ચમકી રહી હતી. 'ટૅરોડૅક્ટિલનું ઈંડું' આગંતુકે કહ્યું.

'હાથમાં લઇને જોઉં?' વદનબાબુ કુતૂહલ નિવારણનો લોભ આવરી ન શક્યા? પળ બેપળ એમણે એ ખાસ્સા ભારે ઈંડાને પોતાના હાથમાં ફેરવીફેરવીને જોયું. એની લીસી સપાટી પર હાથ પણ ફેરવી લીધો.

'લાવો, હવે જવું જોઇએ. રાત પડી ગઈ.'

વદનબાબુએ ઈંડું પાછું આપ્યું. હજીય કેટલી અભિજ્ઞતા હશે આની પાસે. શી ખબર! બોલ્યા, 'કાલે ફરી અહીં આવશોને?'

'જોઉં. ઘણાં બધાં કામ હજી બાકી છે. પુસ્તકોમાં લખેલું ઐતિહાસિક તથ્ય તો હજી કંઈ જ તપાસી શક્યો નથી. કલકત્તાનો મૂળ પાયો નખાયો ત્યારની બધી ઘટના જોવી પડશે. યાર્નક મહારાજ વિષે બહુ વધારીવધારીને લખે છે આ લોકો. ચાલો, જાઉં ત્યારે. જય ગુરુ!'

ટ્રામમાં ચડ્યા પછી તુરત જ ખોટું બહાનું કાઢીને વદનબાબુને પાછા ઊતરી જવું પડ્યું. કારણ ખિસ્સામાં હાથ નાખતાં જ એમની આંખો સામે અંધકાર છવાઈ ગયો. એમની મનીપર્સ ગુમ હતી.

ઘર ભણી ચાલતાંચાલતાં તેઓ નિસાસા મૂકતા મનોમન બોલ્યા, 'સમજ્યો, મેં જ્યારે આંખ બંધ કરી અને પેલાએ નાડી જોવાને બહાને જ્યારે મારો હાથ ઝાલ્યો...છી છી છી! કેવો બેવકૂફ બની ગયો હું આજ!'

જ્યારે તેઓ ઘેર પહોંચ્યા ત્યારે આઠ વાગ્યા હતા.

બાપને જોઈ બિલટુનું મુખ હાસ્યથી ચમકી ઊઠ્યું આટલી વારે વદનબાબુ પણ થોડાક સ્વસ્થ થયા હતા. મન હલકું થયું હતું. ખમીસનાં બટન ખોલતાં બોલ્યા, 'આજ તો તને એક સુંદર વાર્તા કહી સંભળાવીશ?'

'સાચે જ! બીજા દિવસો જેવી નહિ ને?'

'ના રે, સાચે જ. તદ્દન નવી જ.'

'શાની વાર્તા બાપુ?'

'ટૅરોડૅક્ટિલના ઈંડાની. અને તે ઉપરાંત પણ બીજી ઘણી વાર્તાઓ છે. તે એક દિવસમાં તો પૂરી નહિ થાય.'

સાચું કહો તો બિલટુની ખુશીનો ખોરાક જે આજે આટલા દિવસે મળ્યો હતો એની કિંમત શું કમસે કમ પંચાવન રૂપિયા અને બત્રીસ પૈસા જેટલી નહિ હોય? □

દશાવતાર-વિભાવના

मत्स्यः कूर्मो वराहश्च
नरसिंहोऽथ वामनः।
रामो रामश्च कृष्णश्च बुद्धः
कल्कीति च क्रमात्॥

વિષ્ણુઅવતાર વિભાવનામાં ઉત્ક્રાંતિનો ક્રમ દર્શાવતી દશાવતારની કલ્પના સુપ્રચલિત છે. એનાં નામો અંગે ભિન્નતા છતાં 'મત્સ્યપુરાણ'માં દર્શાવેલાં ઉક્ત નામો મહદ્અંશે સર્વસ્વીકૃત થયાં છે. આ વિભાવનામાં મત્સ્ય, કૂર્મ, વરાહ પછી પશુઓનો આહાર કરનાર નરસિંહ, બેપગાં પ્રાણીના આગમનના પ્રતીકરૂપ વામન, માનવજીવન સંઘર્ષમય હોવાના પ્રતીકરૂપ સદૈવ લડવા તત્પર પરશુરામ, પછી માનવને મર્યાદા શીખવનાર રામ, માનવીય એષણાના પ્રતીકરૂપ કૃષ્ણ, અહિંસાના સમર્થક બુદ્ધના અવતાર બાદ અને હવે પછી પરમાણુયુગમાં અણુઅશ્વ પર આરૂઢ થઈને જગતને દોરનાર કલ્કિનો અવતાર થશે એવી માન્યતા પ્રવર્તે છે.

પણ આ વિભાવના વ્યાપક બનવા છતાં તેનું અર્ચન એકસૂત્રે ન થવાથી તેનું સુમિલિત પ્રચલન થઈ શક્યું નથી. ગુપ્તકાળમાં વરાહાવતારની, તો એક કાળે વામન નૃસિંહની પૂજા વ્યાપક હતી. રામ-કૃષ્ણની અલૌકિક પ્રભાનું પ્રજામાનસમાં એનું સવિશેષ અર્ચન થયું, તો મત્સ્ય, કૂર્મ, પરશુરામ વગેરે અવતારો માત્ર વાઙ્મયનો જ વિષય બની રહ્યા. આથી માત્ર પ્રચલિત અવતારોનાં શિલ્પો અને તામ્રપત્રો કે શિલાલેખોમાં તેમના ઉલ્લેખો જોવા મળે છે. છતાં દશાવતારની સંયુક્ત પૂજા નહિ જ થતી હોય તેમ નથી. હેમચંદ્રાચાર્ય કૃત 'દ્વયાશ્રય'માં સહસ્રલિંગ તળાવના કાંઠે દશાવતાર-મંદિર હોવાનો ઉલ્લેખ છે. પ્રભાસ પાસેના કદવારનું મંદિર એ મૈત્રકકાલીન દશાવતાર-મંદિર હોવાનું અનુમાન છે. 'ગીતગોવિંદ'માં જયદેવે દશાવતારની સ્તુતિ આપી છે. વળી, તેની કેટલીક હસ્તપ્રતોમાં તો દશાવતારનાં ચિત્રલેખનો પણ મળે છે. ૧૭મા સૈકાની એક ચિત્રપોથીમાં મત્સ્યપુરાણ-કથિત અવતારોનાં ચિત્રો છે. પંદરમા સૈકાના ગંજીફામાં પણ દશાવતારનું ચિત્રાલેખન થતું. આજે યે ઓરિસ્સા અને બંગાળમાં 'દશાવતાર ગંજીફા' રમાય છે.

દશાવતારમાં રામ અને કૃષ્ણને પૂર્ણાવતાર તથા અન્યને અંશાવતાર કહ્યા છે. વરાહપુરાણ માગશરથી ભાદરવા સુધીના દસ માસની શુક્લ દ્વાદશીએ ક્રમશ: પ્રત્યેક અવતાર સાથે યુક્ત દ્વાદશીવ્રત કરવાનું સૂચવે છે.

—પ્રફુલ્લ રાવલ



માધુકરી

ભર્યાં તુંબડાં કદી ન વાગે,
ભર્યા ઘડા ના તરતા;
નિજને ભાર દબાયા ડુંગર
પવન બધેબધ ફરતા!
ભર્યાંભર્યાંના ભારથી
અમને વ્હાલો અગનપિયાલો!

('અનુનય'માંથી) —જયંત પાઠક

પુરસ્કૃત કવિ-પ્રતિભા : ચેસલવ મીલોહ્શ

ઈ.સ. ૧૯૮૦નો નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર કવિ ચેસલવ મીલોહ્શ અમેરિકાનું નાગરિકત્વ સ્વીકારી હાલ બર્કલીમાં કૅલિફૉર્નિયા યુનિવ.સટીમાં સ્લાવિક ભાષાઓના અધ્યાપક તરીકે સેવાઓ આપી રહ્યા છે. મૂળ આ પૉલિશ કવિનો જન્મ ૧૯૧૧ની ૩૦ જૂને લિથુઆનીઆમાં થયો હતો. એમના પિતા ઍલેક્ઝાન્ડર ઈજનેર હતા. એમણે પૉલૅન્ડના વિલ્નો ગામની શાળામાં અને એ જ ગામમાં 'કિંગ સ્ટીફન બૅટરી યુનિવર્સિટી'માં અભ્યાસ કર્યો હતો. ૧૯૩૪માં એલએલ. એમ.ની ઉપાધિ પ્રાપ્ત કર્યા પછી એઓ એક વર્ષ માટે પૅરિસમાં ફેલો નિમાયા હતા. ૧૯૪૬થી '૫૦ સુધી લોકશાસિત પોલૅન્ડમાં એમણે રાજદૂત ખાતામાં સેવાઓ આપી હતી. ત્યાર પછી તેઓ લગભગ એક દાયકો ફ્રાન્સમાં રહ્યા, અને ૧૯૬૦થી કૅલિફૉર્નિયા યુનિવ.સટીમાં પૉલિશ સાહિત્યના વ્યાખ્યાતા તરીકે તેઓ જોડાએલા છે.

એમના સર્જનારંભે એમના એક સંબંધી અને ફ્રેન્ચ કવિ ઑસ્કર દ. લ. મીલોહ્શની જે અસર પડી તે ચિર કાળ સુધી ટકી રહી હતી. ૧૯૩૦માં એમણે 'અલ્માર્મેટર વિલ્નેન્સિસ'-માં પ્રથમ જ વાર પોતાનાં કાવ્યો પ્રકટ કર્યાં હતાં, પરન્તુ ૧૯૩૩માં 'પોએમ ઑવ ટાઈમ ફ્રોઝન' (ઠીંગરાઈ ગએલા કાળનું કાવ્ય) નામક પોતાનાં કાવ્યનો નાનકડો સંગ્રહ પ્રકાશિત કર્યો હતો. ૧૯૩૧માં એમણે 'ઝૅગરી' નામક સાહિત્યિક સામયિકની અને એ જ નામના એક કવિ-જૂથની સ્થાપના કરી હતી. ૧૯૩૪માં પૉલિશ લેખકસંઘ તરફથી પ્રથમ વાર એમની કવિતાને પુરસ્કારવામાં આવી હતી. ત્યાર પછી એમણે 'ત્રણ લેખકો' (૧૯૩૬), 'કાવ્યો' (૧૯૪૦), 'બચાવ' (૧૯૪૫), 'સૂર્યપ્રકાશ' (૧૯૫૫), 'રાજા પૉપિયેલ અને બીજાં કાવ્યો' (૧૯૬૨), 'બોબોનું સ્વરૂપાન્તર' (૧૯૬૪), 'સૂર્ય જ્યાંથી ઊગે છે ત્યાંથી તે સૂર્ય આથમે છે ત્યાં સુધી' (૧૯૭૪) આદિ કાવ્યસંગ્રહો આપ્યા છે. ૧૯૪૨માં એમણે 'અજેય ગાન' નામક નાઝી-વિરોધી કાવ્યોનું સંપાદન પણ કર્યું હતું. આ ઉપરાંત નવલકથાઓ ને લેખસંગ્રહો પણ પ્રકટ કર્યા છે.

આ વર્ષનું નોબેલ પારિતોષિક એમને મળ્યું તે પહેલાં તેમના પુસ્તક 'ધ કૅપ્ટિવ માઈન્ડ'ને



ચેસલવ મીલોહ્શ



જયંત પાઠક

(૧૯૫૩) પ્રિક્સ સાહિત્યિક પુરસ્કાર ને ૧૯૬૮માં એમના સર્જનાત્મક સાહિત્યને લક્ષમાં લઇને ન્યૂ યૉર્કના 'યુર્ઝિકોવ્સ્કી ફાઉન્ડેશન' તરફથી ઍવૉર્ડ એનાયત થએલો. ૧૯૭૪માં પૉલિશની પી. ઈ. એન. કલબ તરફથી કાવ્યોના અનુવાદ માટે ઍવૉર્ડ તથા ૧૯૭૮માં સાહિત્ય માટે એમને 'ન્યૂસ્ટેડ ઈન્ટરનૅશનલ પારિતોષિક' એનાયત થએલાં.

વિશ્વયુદ્ધો પછીની માનવઘાતના માટે એમને હાડોહાડ અનુકંપા છે, તો માનવ્યના થએલા હ્રાસ માટે આક્રોશ પણ છે. એમના કવનમાં એમની આ મનોવૃત્તિના પડઘા પડ્યા વગર રહ્યા નથી. સ્વીડિશ અકાદમીએ એમના માટે નોબેલ પુરસ્કારની જાહેરાત કરતાં જણાવેલું, 'આ લેખકે પોતાના અસમાધાનકારી શાણપણથી જગતના તીવ્ર સંઘર્ષોમાં સપડાએલા મનુષ્યની સ્થિતિ વિષે વાત કરી છે. એમનું લખાણ અનેકસૂરીલું', નાટ્યાત્મક, આગ્રહી અને ઉત્તેજક છે.

કવિને પોતાની ડાબેરી જૂથ તરફી વિચારસરણીને કારણે વતન છોડી વૉરસોમાં જઇને વસવું પડ્યું હતું. પોતાની આગવી વિચારધારાને લીધે એમણે સ્વૈચ્છિક દેશવટો સ્વીકાર્યો અને અમેરિકા જઇને વસ્યા છે. આજે તેઓ હિબ્રૂ અને ગ્રીકમાંથી બાઇબલનો પૉલિશ ભાષામાં અનુવાદ કરવામાં વ્યસ્ત છે. એમણે 'ધ બુક ઑવ જોબ', 'સૉંગ ઑવ ધ સૉંગ્ઝ' અને 'ધ બુક ઑવ રુથ'ના અનુવાદો આપેલા છે. એમનાં અંગત મંત્રીના મત મુજબ 'એ ખરેખર દયનીય છે કે તે-(કાવ્યો)ને માત્ર પૉલિશ સમજનારાઓ જ જાણે છે.'

જયંત પાઠક

આ વર્ષે જે ગુજરાતી પુસ્તકને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે તે કાવ્યસંગ્રહ 'અનુનય'ના કવિ શ્રી જયંત પાઠક સર્જન, વિવેચન અને અધ્યાપનની પોતાની ત્રિવિધ પ્રવૃત્તિથી જાણીતા છે. તાજેતરમાં જ એઓ અધ્યાપનક્ષેત્રેથી સુદીર્ઘ યશસ્વી કારકિર્દી બાદ નિવૃત્ત થયા. સૂરતને જ પોતાની આ ત્રિવિધ પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવનાર આ કવિનો જન્મ ૧૯૨૦ના ઑક્ટોબરની ૨૦મીએ પંચમહાલમાં આવેલા રાજગઢ ગામમાં શ્રીગૌડ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પિતાનું નામ હિમતલાલ અને માતાનું નામ ઇચ્છાબેન. વતન રાજગઢની પ્રાથમિક શાળામાં અભ્યાસનો આરંભ કરી, કાલોલની માધ્યમિક શાળામાંથી મૅટ્રિકની પરીક્ષા પસાર કરી, વડોદરા કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે એઓ જોડાયા. ૧૯૫૪માં એમણે એમ. એ.ની પરીક્ષા પસાર કરી ને શિક્ષણક્ષેત્રે જોડાયા. મૂર્ધન્ય વિવેચક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના માર્ગદર્શન નીચે ૧૯૨૦ પછીની ગુજરાતી કવિતાપ્રવૃત્તિને કેન્દ્રમાં રાખી એમણે તૈયાર કરેલા મહાનિબંધને અનુલક્ષીને એમને ૧૯૬૦માં ગુજરાત યુનિવર્સિટીએ પીએચ. ડી.ની ઉપાધિ આપી. એમનો મહાનિબંધ 'આધુનિક કવિતાપ્રવાહ' ૧૯૬૩માં પ્રકટ થયો હતો. 'આલોક', 'કાવ્યલોક' અને 'ભાવચિત્રા' એમના અન્ય વિવેચનસંગ્રહો છે. 'ટૂંકી વાર્તા : સ્વરૂપ અને સાહિત્ય' નામે પુસ્તકનું સહલેખન એમણે મુખ્યત્વે સાહિત્યના વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને કર્યું છે. 'વનાંચલ' નામક એમણે રોચક શૈલીમાં પોતાની સ્મૃતિકથા પ્રકટ કરી છે, જેને ઉપલક્ષીને એમને સૂરતની નર્મદ સાહિત્યસભાએ 'નર્મદ ચંદ્રક' એનાયત કરેલો. એમણે શ્રી રમણ પાઠક સાથે ચેખોવની ટૂંકી વાર્તાઓનો 'ચેખોવની શ્રેષ્ઠ નવલિકાઓ' (૧૯૫૭) એ નામે અનુવાદ આપ્યો છે; તો રશિયન લેખક શૉલોખૉવની નવલકથા 'ક્વાએટ ફ્લોઝ ધ દોન'નો સર્વશ્રી રમણ પાઠક ને સુરેશ જોષીના સહયોગમાં 'ધીરે વહે છે દોન'(૧૯૬૧)એ નામે અનુવાદ આપ્યો છે. વળી, ચાર્લ્સ ડિકન્સની નવલકથા 'ટેઈલ ઑવ ટુ સિટીઝ'નો 'ક્રાંતિની કથા' નામે અનુવાદ કર્યો છે.

સર્જક તરીકે કવિતાના ક્ષેત્રમાં અનુગાંધીયુગના કવિ તરીકે એમનું પ્રદાન ધ્યાન ખેંચે તેવું છે. વતનભૂમિ પંચમહાલની પ્રકૃતિ એમની કવિપ્રતિભાને કૉળવનારું પ્રથમ તત્ત્વ છે. શેક્સપીઅર, રવીન્દ્રનાથ, કાલિદાસ જેવા સમર્થ સર્જકોના વાચને એમની પ્રતિભાને વ્યુત્પન્ન કરી છે, કલા દ્વારા જીવનસાધના એમની પ્રતિભાએ પુરસ્કારેલી પ્રવૃત્તિ છે. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'મર્મર' (૧૯૫૭) પ્રકટ થયો ત્યારથી જ એક શિષ્ટાગ્રહી કવિ તરીકે એમણે ધ્યાન ખેંચ્યું હતું. ૧૯૫૭માં એમને 'કુમાર'માં આવેલી વર્ષભરની કવિતામાં ઉત્તમ પ્રદાન માટે 'કુમાર ચંદ્રક' એનાયત કરવામાં આવ્યો હતો. ત્યાર પછી એમણે બીજા પાંચ કાવ્યસંગ્રહો આપ્યા : 'સંકેત' (૧૯૬૦), 'વિસ્મય' (૧૯૬૩), 'સર્ગ' (૧૯૬૯), 'અંતરીક્ષ' (૧૦૭૫), અને 'અનુનય' (૧૯૭૮).

એમના પ્રથમ કાવ્યસંગ્રહથી આ છેલ્લા કાવ્યસંગ્રહ સુધીની એમની કવનપ્રવૃત્તિ જોનારને જણાયા વગર રહેશે નહિ કે શ્રી જયન્ત પાઠક સતત વિકસતા રહેલા કવિ છે. મુક્તક, ગીત, સૉનેટ, ગઝલ, હાઇકુ આદિ વિવિધ કાવ્ય સ્વરૂપો અને વિવિધ છંદોલયમાં કામ કરવાની સાથેસાથે એમણે ગદ્યકાવ્યો પણ રચ્યાં છે. વિસ્મય અને વેદનાના ભાવોને એમણે સુપેરે આલેખ્યા છે અને એક સભાન કલાકારની હેસિયતથી અનેક સફળ કલાકૃતિઓ કંડારી છે. પ્રકૃતિ, પ્રણય, પ્રભુ જેવા સનાતન વિષયોની સાથેસાથે એમણે આધુનિક વૈશ્વિક પરિસ્થિતિમાં શ્વસી રહેલા મનુષ્યને પણ વિષયભૂત બનાવ્યો છે. 'અનુનય' સંગ્રહની 'દીકરીના લગ્ન પછી, ઘરમાં' જેવી રચનામાં કોમળ નાજુક ભાવને, તો 'કહેણ (બાળપણને)' જેવી રચનામાં પ્રકૃતિના આદિમ નોસ્ટેલ્જિયાને અસરકારક રીતે નિરૂપવામાં આવ્યો છે. આ સંગ્રહમાં 'સવાર', 'સાંજ' જેવાં પ્રહરવિશેષનાં કાવ્યો છે, તો 'હેલી પછી', 'તડકાળો દિવસ' સ્થિતિવિશેષનાં કાવ્યો પણ છે. આ સંગ્રહમાં ગીત, ગઝલ, સૉનેટ છે તો અધઝાઝેરાં ગદ્યકાવ્યો છે. જયન્તભાઈની કવિતાનો આંતરસંભાર સાદ્યાસીધો છે, તો એમની રૂપનિર્મિતિમાં પૂરેપૂરો કલાપ્રપંચ છે. એમની કવિતાશ્રીને કેન્દ્રમાં રાખીને એમને '૭૬નો 'રણજિતરામ સુવર્ણચન્દ્રક' એનાયત કરવામાં આવ્યો હતો. આમ, જયન્ત પાઠક ગુજરાતી કવિતાના વહેતા પ્રવાહ સાથે સતત પ્રવહમાણ રહેલા કવિ છે. એમની આવી કવિપ્રતિભાનું આ પુરસ્કરણ આનંદદાયક છે. —ધી. પ.

જી. એ. નટેસન (અનુસંધાન પૃષ્ઠ ૩૨થી) મહેમાન-નવાજી અતિવિખ્યાત હતી. ટી. ટી. કૃષ્ણામાચારીના શબ્દોમાં એમનું ઔદાર્ય અને આતિથ્ય એક રીતે 'જનરલ ટુ એ ફૉલ્ટ'–દોષ કહી શકાય તેવું હતું.

નટેસન એક આસ્થાવાન પુરુષ હતા. પોતાના પ્રેરક બળ અને પથપ્રદર્શક મોટા ભાઇ વૈદ્યરમણ તથા શ્રીનિવાસ શાસ્ત્રી પ્રત્યે એમની અપૂર્વ ભક્તિ હતી. શ્રીનિવાસ શાસ્ત્રીને તો તેઓ પોતાના રાજનીતિક ગુરુ માનતા હતા. એમની આડંબર-વિહીન માનવતા પ્રત્યે તેઓ મુગ્ધ હતા. શ્રી નટેસનના હૃદયની સરલતા અને પવિત્રતા માટે ટી.ટી. કૃષ્ણામાચારી આદરપૂર્વક લખે છે: 'ઉમર અને વિવેકશીલતાની દૃષ્ટિએ જોતાં નટેસન મારા પિતૃદેવ જેવા પૂજનીય હતા. હું નાનો હતો છતાં તેઓ મારા પ્રગાઢ મિત્ર હતા. સમાજમાં તેમની સમજદારી વિખ્યાત હતી. જીવનના વ્યવહારો માટે એમનું દાક્ષિણ્ય પણ જાણીતું હતું. તથાપિ તેઓ અતિશય સરલ હૃદયના બુજુર્ગ હતા. આધુનિક જીવનની જટિલતાઓથી અપરિચિત અને ઉદાસીન હતા...એક પ્રસંગ યાદ આવે છે. એમને મદ્રાસની એક મોટી વિદેશી કંપનીએ તેના ડાયરેક્ટર પદ માટે નિમંત્રણ આપ્યું. એ કામ સ્વીકારતાં તેઓ અચકાતા હતા. આ અંગે મારી સલાહ માગી. સહજભાવે મેં એમને એ પદ સ્વીકારવાની સલાહ આપી, કારણ તેમાં કશું જોખમ ન હતું. આ બતાવી આપે છે કે તેઓ કેટલા સરલ અને નિષ્પાપ વ્યક્તિ હતા, મતલબ આધુનિક જીવનની સંકીર્ણતા અને દાવપેચથી તેઓ સર્વથા અજાણ હતા.'

આવા સર્વલોક-હિતૈષી, સર્વજન-પ્રિય, ભારતીય જાગરણના વૈતાલિક, સંનિષ્ઠ સાહિત્ય-પ્રકાશક, યશસ્વી પત્રકાર, અતિ પ્રેમાળ સંસ્કાર-પુરુષ રાષ્ટ્રભક્ત નટેસન ૧૯૪૮માં દેવલોકવાસી થયા હતા. □